RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 | Issue : 070 | Dt. 30-09-2025 | Page : 08 | Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

US ભારતીય સિનેમા માટે મહત્વપૂર્ણ વિદેશી બજારોમાંનું એક



# ટ્રમ્પને 'ટેરિફ'નો વળગાડ

## વિદેશી ફિલ્મો પર ૧૦૦% ટેરિફનો લીધો નિર્ણય : ભારતીય સિનેમાને પડશે માઠી અસર : આંતરરાષ્ટ્રીય કમાણીમાં 30 થી ૪૦ ટકાનો હિસ્સો

નવીદિલ્હી, તા ૨૯

સોશિયલ પ્લેટફોર્મ, ટ્રુથ સોશિયલ પર તાજેતરમાં એક પોસ્ટમાં, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકન ફિલ્મ ઉદ્યોગને ''અન્ય દેશો દ્વારા છીનવી લેવામાં આવ્યો'' ગણાવ્યો હતો, અને કહ્યું હતું કે તે બાળક પાસેથી મીઠાઈ છીનવી લેવા જેવું છે. તેમણે કેલિફોર્નિયા પર પણ નિશાન સાધ્યું હતું, રાજ્ય સરકારને ''નબળા અને અસમર્થ'' ગણાવી હતી, અને કહ્યું હતું કે ત્યાંના ફિલ્મ ઉદ્યોગને ખાસ અસર થઈ છે. ટ્રમ્પે આ લાંબા સમયથી ચાલતા મુદ્દાને ઉકેલવા માટે તમામ વિદેશી ફિલ્મો પર ૧૦૦% ટેરિફ લાદ્યો હોવાના અહેવાલ છે. આ પગલું મુખ્યત્વે યુએસ બજારમાં હોલીવુડ ફિલ્મોને પ્રોત્સાહન આપવાનો છે, પરંતુ આ નીતિ ભારતીય સિનેમાને પણ અસર કરે છે કારણ કે તે તમામ વિદેશી નિર્માણને લક્ષ્ય બનાવે છે.

યુએસ ભારતીય સિનેમા માટે સૌથી મહત્વપૂર્ણ વિદેશી બજારોમાંનું એક છે. ઉદ્યોગ સૂત્રો અનુસાર, યુએસ બોક્સ ઓફિસ ભારતીય ફિલ્મોના કુલ આંતરરાષ્ટ્રીય કમાણીના આશરે ૩૦-૪૦% હિસ્સો ધરાવે છે. તેલુગુ ફિલ્મો માટે, તે તેલંગાણા પછી બીજા ક્રમનું સૌથી મોટું આંતરરાષ્ટ્રીય બજાર છે. મોટા બજેટની તેલુગુ ફિલ્મો યુએસ બજારમાંથી તેમની બોક્સ ઓફિસ આવકના ૨૫% સુધી ઉત્પન્ન કરે છે, અને આ ફિલ્મો સામાન્ય રીતે ૭૦૦-૮૦૦ થિયેટરોમાં રિલીઝ થાય છે. ૨૦૨૪ માં, ભારતીય ફિલ્મોએ યુ.એસ.માં આશરે ૧૬૦-૧૭૦ મિલિયનની કમાણી કરી હતી. સૌથી વધુ કમાણી કરતી ફિલ્મોમાં બાહુબલી ૨ (૨૨ મિલિયન), કાલી (૧૮.૫ મિલિયન), પઠાણ (૧૭.૪૯ મિલિયન), આરઆરઆર (૧૫.૩૪ મિલિયન) અને પુષ્પા ૨ (૧૫ મિલિયન)નો સમાવેશ થાય છે. જો ૧૦૦% ટેરિફ લાગુ કરવામાં આવે છે, તો આ ફિલ્મોની આવક પર સીધી અસર પડશે, જેનાથી વિતરણ સોદાઓ વિક્ષેપિત થશે અને તેમની યુએસ રિલીઝ વ્યૂહરચનાઓનો સંપૂર્ણ પુનર્વિચાર કરવો પડશે.

આ ટેરિફ ભારતીય ફિલ્મ નિર્માતાઓ અને સ્ટુડિયોને નવા રોકાણો અને આંતરરાષ્ટ્રીય ભાગીદારી પર પુનર્વિચાર કરવા દબાણ કરી શકે છે. યુએસ આવક ભારતીય ફિલ્મોની વૈશ્વિક કમાણીમાં નોંધપાત્ર ફાળો આપે છે, તેથી આ નીતિ માત્ર આવકને જ નહીં પરંતુ રોકાણકારોના વિશ્વાસ અને સરહદ પાર રિલીઝ વ્યૂહરચનાઓને પણ પડકારશે. નિષ્ણાતો કહે છે કે હવે ભારતીય ફિલ્મો માટે તેમની સ્થાનિક વિતરણ વ્યૂહરચનાઓ વધુ મજબૂત કરવી અને ડિજિટલ પ્લેટફોર્મ અને અન્ય આંતરરાષ્ટ્રીય બજારો પર રિલીઝ પર ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી બનશે. આ ટેરિફ ભારતીય અને યુએસ ફિલ્મ ઉદ્યોગો વચ્ચે વેપાર અને સાંસ્કૃતિક આદાનપ્રદાન માટે લાંબા ગાળાની અસરો કરી શકે છે. ટ્રમ્પની આ જાહેરાત એવા સમયે આવી છે જ્યારે અમેરિકન સરકાર સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે ''અમેરિકા ફર્સ્ટ'' નીતિ પર ભાર મૂકી રહી છે. ટ્રમ્પે ભારત સહિત અનેક દેશો સાથેના વેપાર પર પહેલાથી જ ટેરિફ લાદી દીધા છે. ભારતમાંથી થતી આયાત પર હાલમાં ૫૦ ટકા ટેરિફ લાદવામાં આવે છે. વધુમાં, ફાર્માસ્યુટિકલ ક્ષેત્ર પર અલગથી ૧૦૦ ટકા ટેરિફ લાદવામાં આવ્યો છે.

ઈન્દ્રિય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ ઈથેનોલ મિશ્રણ અંગેના આરોપોના વિવાદમાં પડવાનો ઈનકાર કર્યો અને કહ્યું કે તે એક શક્તિશાળી આયાત લોબીનું કામ છે

# નીતિ ઈથેનોલ મિશ્રણને પ્રોત્સાહન આપવાની નહીં કે વિવાદની : ગડકરી

નવીદિલ્હી , તા. ૨૯

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ સોમવારે ઈથેનોલ મિશ્રણ અંગેના તેમના વિરુદ્ધના આરોપોના વિવાદમાં પડવાનો ઈનકાર કર્યો હતો, અને કહ્યું હતું કે તે એક શક્તિશાળી આયાત લોબીનું કામ છે જે તેમના નિર્ણયોથી નારાજ છે. અહીં એક કાર્યક્રમમાં બોલતા, મંત્રીએ પોતાની જાતને ''હફળ આપનારા વૃક્ષ સાથે સરખાવી અને કહ્યું, હું આવી ટીકાનો જવાબ આપતો નથી કારણ કે પછી તે સમાચાર બની જાય છે. લોકો ફળ આપતા વૃક્ષો પર પથ્થર ફેંકે છે. તેનાથી બચવું વધુ સારું છે. ગડકરીએ કહ્યું કે તેમની નીતિ ઈથેનોલ મિશ્રણને પ્રોત્સાહન આપવા, ખેડૂતોને ઉર્જા ઉત્પાદક બનવા માટે સશક્ત બનાવવા અને પ્રદૂષણ ઘટાડવા પર કેન્દ્રિત છે.



તેમણે દાવો કર્યો હતો કે આ નીતિએ ઈંધણની આયાતમાં નિહિત હિત ધરાવતા લોકોને સીધા નુકસાન પહોંચાડ્યું છે. મંત્રીએ કહ્યું, ''અશ્મિભૂત ઈંધણની આયાતને કારણે લગભગ ૨૨ લાખ કરોડ રૂપિયા દેશની બહાર જઈ રહ્યા છે. તેમના વ્યવસાયોને અસર થઈ છે, અને તેઓએ ગુસ્સામાં આવીને મારી વિરુદ્ધ પેઈડ ન્યૂઝ ચલાવવાનું શરૂ કર્યું છે.'' તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ''મેં આજ સુધી ક્યારેય કોઈ કોન્ટ્રાક્ટર પાસેથી એક પણ પૈસો લીધો નથી, અને તેથી જ કોન્ટ્રાક્ટરો મારાથી ડરે છે.'' ગડકરીએ કહ્યું કે તેઓ તેમના કામ પર ધ્યાન કેન્દ્રિત કરશે અને ખોટા આરોપોથી વિચલિત નહીં થાય, જે રાજકારણનો સામાન્ય અને અનુમાનિત ભાગ છે. ''લોકો જાણે છે કે સત્ય શું છે...હું પહેલા પણ ઘણી વખત આવી પરિસ્થિતિમાંથી પસાર થઈ ચૂક્યો છું.'' કેન્દ્રીય મંત્રીના પુત્ર નિખિલ ગડકરી દ્વારા સંચાલિત કંપની CIAN એગ્રો ઈન્ડસ્ટ્રીઝ, ભાજપની આગેવાની હેઠળની સરકારે પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલ મિશ્રણ ફરજિયાત કર્યા પછી નફા અને આવકમાં નાટકીય વધારાને કારણે વિવાદના કેન્દ્રમાં છે. કંપનીની આવક ₹૧૭.૪૭ કરોડ (ચ૧ FY24) થી વધીને ₹૫૧૦.૮ કરોડ (ચ૧ FY26) થઈ ગઈ. નફો પણ લગભગ નજીવા સ્તરથી વધીને ₹૫૨ કરોડથી વધુ થયો, મુખ્યત્વે ઈથેનોલ મિશ્રણમાં વધારો અને નવી પેટાકંપનીઓમાં વિસ્તરણને કારણે. CIAN એગ્રોના શેરનો ભાવ પણ સોમવારે BSE પર ₹૨,૦૨૩ થયો હતો જે એક વર્ષ પહેલા ₹૧૭૨ હતો. વિશ્લેષકો કહે છે કે આ વધારો ફક્ત ઈથેનોલના વેચાણથી જ નહીં, પરંતુ ''અન્ય આવક'' અને નવા વ્યવસાયો દ્વારા પણ થયો હતો.

# ભાજપ કાર્યાલય મંદિર સમાન : મોદી

## વડાપ્રધાને કહ્યું પક્ષનો દિલ્હી સાથે હૃદયપૂર્વકનો સંબંધ છે. ભાજપ તેના કાર્યકરોના બલિદાનથી મજબૂત બન્યો છે

નવીદિલ્હી, તા. ૨૯

સોમવારે પીએમ મોદીએ નવી દિલ્હી ભાજપ કાર્યાલયનું ઉદઘાટન કર્યું. પોતાના સંબોધનમાં તેમણે કહ્યું કે અમારા માટે ભાજપ કાર્યાલય કોઈ મંદિરથી ઓછું નથી. તે કોઈ ઈમારત નથી, પણ એક તીર્થસ્થાન છે. તેમણે કહ્યું કે ભાજપ કાર્યાલયો આપણને ભૂમિ સાથે જોડે છે. ભાજપનો દિલ્હી સાથે હૃદયપૂર્વકનો સંબંધ છે. ભાજપ તેના કાર્યકરોના બલિદાનથી મજબૂત બન્યો છે. પીએમએ કહ્યું કે લોકોની આકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે સખત મહેનત ચાલુ રહે છે. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે નવરાત્રિના શુભ દિવસોમાં દિલ્હી ભાજપને પોતાનું કાર્યાલય મળ્યું છે. ભાજપની સ્થાપનાને ૪૫ વર્ષ થઈ ગયા છે. જે બીજમાંથી ભાજપ આટલા મોટા વડના વૃક્ષમાં ઉગી નીકળ્યો છે તે ૧૯૫૧માં જન સંઘ તરીકે વાવવામાં આવ્યું હતું. ૧૯૮૦માં જ્યારે ભાજપની સ્થાપના થઈ ત્યારે વીકે મલ્હોત્રા દિલ્હી ભાજપના પ્રથમ પ્રમુખ બન્યા. પીએમએ કહ્યું કે દિલ્હી અને ભાજપ વચ્ચેનો સંબંધ




ફક્ત એક શહેર અને એક પક્ષનો નથી. તે સેવા, સંસ્કૃતિ અને આનંદ અને દુઃખના સમયમાં સમર્થનનો છે. પહેલા જન સંઘ તરીકે અને પછી ભાજપ તરીકે, અમારી પાર્ટી હંમેશા દિલ્હીના હિત માટે પ્રતિબદ્ધ રહી છે.

તેમણે કહ્યું કે જન સંઘની સ્થાપના થઈ ત્યારથી, અમે દિલ્હીના લોકોની દરેક રીતે સેવા કરી છે. કટોકટી દરમિયાન, જન સંઘના નેતાઓએ સરકારી દમન સામે દિલ્હીના લોકો સાથે મળીને લડત આપી હતી. ૧૯૮૪ના શીખ રમખાણો દરમિયાન પણ, જેણે દિલ્હીની આત્માને ખૂબ જ દુઃખ પહોંચાડ્યું હતું, દિલ્હી ભાજપે અમારા શીખ ભાઈઓનું રક્ષણ કર્યું હતું.

પીએમ મોદીએ કહ્યું કે એનડીએ સરકારોએ દેશને સુશાસનનું એક નવું મોડેલ આપ્યું છે. અમે વિકાસ અને વારસાના મંત્ર સાથે આગળ વધી રહ્યા છીએ. અમે દેશ અને તેના નાગરિકોની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી છે. અમે દેશને મોટા કૌભાંડોથી મુક્ત કર્યો છે અને ભ્રષ્ટાચાર સામે નિર્ણાયક લડાઈમાં વિશ્વાસ જગાડ્યો છે. પીએમ મોદીએ કહ્યું કે અમે દેશને મોટા કૌભાંડોથી મુક્ત કરીને સુશાસન તરફ આગળ વધાર્યો છે. ૨૦૧૪ સુધી કોંગ્રેસ સત્તામાં હતી ત્યારે આવકવેરાની સ્થિતિ શું હતી? ૨ લાખ રૂપિયા કમાતા લોકો પર કર લાગતો હતો, પરંતુ આજે ૧૨ લાખ રૂપિયા કમાતા લોકો પર શૂન્ય કર લાગે છે. ૨૦૧૪ પહેલા, તેમની લોનની જરૂરિયાતો પર ૧ લાખ રૂપિયા ખર્ચ કરતા એક સામાન્ય પરિવારને ૨૫,૦૦૦ રૂપિયા કર ચૂકવવા પડતા હતા. તે પછી, અમે GST દાખલ કર્યો, જેનાથી રકમ ઓછી થઈ ગઈ. પરંતુ આજે, નેક્સ્ટ જનરેશન રિફોર્મ સાથે, દરેક ૧ લાખ ખર્ચ માટે ફક્ત ૬,૦૦૦ રૂપિયા ટેક્સ જરૂરી છે.

ડિજિટલ ઈન્ડિયા લેન્ડ રેકોર્ડ પ્રોગ્રામ નો લક્ષ્યાંક હાંસલ કરવા અને રાજ્યમાં શું પડકારો છે તે અંગે થશે ગહન ચર્ચા

# ડિજિટલ ઈન્ડિયા, જમીન વ્યવસ્થાપન અંગે કોન્ફરન્સ

## ત્રણ અને ચાર ઓક્ટોબર મહાત્મા મંદિર ખાતે યોજાનારી કોન્ફરન્સમાં વિવિધ રાજ્યોના પ્રતિનિધિઓ રહેશે ઉપસ્થિત

અમદાવાદ, તા. ૨૯

મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડો. જયંતી રવિએ જણાવ્યું હતું કે, આગામી તા. ૩ અને ૪ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ ડિજિટલ ઈન્ડિયા, જમીન વ્યવસ્થાપન અને આપત્તિ વ્યવસ્થાપન ઉપર બે દિવસીય નેશનલ કોન્ફરન્સનું મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આ કોન્ફરન્સમાં ડિજિટલ ઈન્ડિયા લેન્ડ રેકોર્ડ મોર્ડર્નાઇઝેશન પ્રોગ્રામના લક્ષ્યો હાંસલ કરવા માટેના વિઝન, નોલેજ શેરિંગ અને કેપેસિટી બિલ્ડિંગ, બેસ્ટ પ્રેક્ટિસીસ, ઈનોવેશન કેસ સ્ટડી તથા પોલિસી સ્ટ્રકચર વગેરે મુદ્દાઓની ચર્ચા કરવામાં આવશે.

ડો. જયંતી રવિએ આ અંગે મીડિયાને માહિતી આપતા જણાવ્યું હતું કે, આ નેશનલ કોન્ફરન્સમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત દેશભરના વિવિધ રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોના મહેસૂલી અને આપત્તિ વ્યવસ્થાપનની કામગીરી સાથે સંકળાયેલ અધિકારીઓ સહભાગી બનીને વિચાર વિમર્શ કરશે.જેમાં દેશના રાજ્યોના જમીન રેકોર્ડ તથા આપદા વ્યવસ્થાપન સંબંધિત બાબતો, જમીન સિસ્ટમ અને રેકોર્ડનો ઐતિહાસિક વિકાસ વગેરે મુદ્દાઓ ઉપર ચર્ચા થશે. તેમજ જમીન ટાઈટલ અને મહેસૂલી, પેપરલેસ ઓનલાઈન રજીસ્ટ્રેશન, જમીન રેકોર્ડ મેનેજમેન્ટ અને નગર રચના, રેવન્યુ અને સિવિલ કોર્ટ કેસ તથા પેપરલેસ કોર્ટ કેસ મેનેજમેન્ટ સિસ્ટમ, જમીન વહીવટ માટે સ્ટાફિંગ અને માનવ સંસાધન વ્યવસ્થા જેવા વિષયો ઉપર પણ વિશદ ચર્ચા કરવામાં આવશે.

મહાત્મા મંદિર ખાતે યોજાનાર બે દિવસના આ રાષ્ટ્રીયકક્ષાના કાર્યક્રમમાં ગુજરાત રાજયમાં રી-સર્વે પ્રવૃત્તિઓ પડકારો, તેના ઉકેલ તથા બેસ્ટ પ્રેક્ટિસિસ ઉપર પણ ચર્ચા વિચારણા કરીને ફોકસ કરવામાં આવશે. તેમજ આપદા નિવારણ ક્ષેત્રે બેસ્ટ પ્રેક્ટિસિસનું અનુભવ-શેરિંગ કરવામાં આવશે તેમ તેમણે ઉમેર્યું હતું. મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડો. જયંતી રવિએ આશા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, રાજ્યની આધુનિક સુવિધાઓ અને રાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમોની સફળ યજમાનીનો અનુભવ આ કોન્ફરન્સને સફળ બનાવવામાં સહાયક બનશે તેમજ ડિજિટલ ઈન્ડિયા લેન્ડ રેકોર્ડ મોડર્નાઈઝેશન પ્રોગ્રામ (ઉઈકછખઙ) ના લક્ષ્યો હાંસલ કરવા દિશામાં આ કોન્ફરન્સ એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન સાબિત થશે.

વધુ વિગતો આપતા તેમણે કહ્યું હતું કે, આ કોન્ફરન્સમાં વિવિધ વિષયો પર ચર્ચા કરવામાં આવશે જેમ કે, જમીન રેકર્ડસના મોડર્નાઇઝેશન સંદર્ભે રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોના અનુભવો અને બેસ્ટ પ્રેકટીસીસનું આદાનપ્રદાન, જમીનના ટાઇટલ અને મહેસૂલી કાયદાઓ સંદર્ભે કાયદાકીય સુધારાઓનો અભ્યાસ, ઇ-રજિસ્ટ્રેશન, શહેરી જમીન આયોજન અને રિસર્વે માટે ટેકનોલોજી આધારિત ઉકેલોનું નિદર્શન, આપત્તિ શમન, રાહત અને પુનર્વસન આયોજનમાં શ્રેષ્ઠ પ્રથાઓનું મૂલ્યાંકન, વિવાદોના ઉકેલ અંગેની વ્યવસ્થા સહિત ઈન્ટીગ્રેટેડ, ટેકનોલોજી-ઈનેબલ્ડ જમીન વ્યવસ્થાપન માટે નેશનલ રોડમેપ બનાવવા સર્વસંમત્તિ સાધવીનો સમાવેશ થાય છે.



# GST રિફોર્મ્સ-વોકલ ફોર લોકલ અંગે CMની બેઠક

## ૨૨૫ જેટલા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન અને ૩૫૦૦થી વધુ વેપારીઓ-ઉદ્યોગકારો વિડીયો કોન્ફરન્સમાં સહભાગી થયા



રાજકોટ, તા. ૨૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં થયેલા જી.એસ.ટી. રિફોર્મ્સ વિકસિત ભારતના સંકલ્પને વેગ આપવા સાથે ભારતને વિશ્વનું ઉત્પાદન હબ બનાવવામાં પણ ઉપયુક્ત થશે. મુખ્યમંત્રી રાજ્યના ઉદ્યોગ-વેપાર સંગઠનો, અગ્રણી ઉદ્યોગકારો સાથે યોજાયેલી જી.એસ. ટી. રિફોર્મ્સ અને વોકલ ફોર લોકલ - સ્વદેશી અભિયાન અંગેની વિડીયો કોન્ફરન્સને ગાંધીનગરથી સંબોધન કરી રહ્યા હતા.

આ વીડિયો કોન્ફરન્સમાં નાણામંત્રી કનુભાઈ દેસાઈ, ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપુત, રાજ્ય મંત્રી હર્ષ સંઘવી અને જગદીશ વિશ્વકર્મા તેમજ રાજ્યભરના ૨૨૫ જેટલા ઉદ્યોગ સંગઠનો અને ૩૫૦૦થી વધુ વેપાર-ઉદ્યોગકારો સહભાગી થયા હતા. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, હાલની વૈશ્વિક પરિસ્થિતિમાં વડાપ્રધાનએ ભવિષ્યના આગવા વિઝન સાથે આત્મનિર્ભરતાનો માર્ગ અપનાવ્યો છે. આ માટે તેમણે સ્વદેશી ઉત્પાદનો પર ફોકસ કરવા માટે જી.એસ.ટી. રિફોર્મ્સ કર્યા છે. એટલું જ નહીં ટેક્સના સ્લેબમાં પણ ઘટાડો કર્યો છે. જી.એસ.ટી. ઘટાડાનો આ ફાયદો લોકો સુધી પહોંચાડવામાં આપણે સૌ સાથે મળીને કામ કરીશું તો બચત ઉત્સવની જે વિભાવના વડાપ્રધાનઆપી છે તે સાચા અર્થમાં સાકાર થશે.

મુખ્યમંત્રીએ રાજ્યના ઉદ્યોગ-વેપારકારોને સ્થાનિક ઉત્પાદનોને વેગ આપીને આપણા જ દેશના યુવાનો તથા કારીગરોની મહેનત અને પરિશ્રમથી બનેલી ચિજવસ્તુઓ અને ઉત્પાદનોને બજાર મળે તેમજ વોકલ ફોર લોકલનો વડાપ્રધાનનો હેતું પાર પડે તે માટે અનુરોધ કર્યો હતો.ભારત જેવા દેશે આર્થિક વિકાસ માટે સ્વનિર્ભર બનવું જરૂરી છે. આપણી સ્થાનિક ડિમાન્ડ ખૂબ જ ઊંચી છે અને તે સબળ પાસાને કારણે વધુ મેન્યુફેક્ચરિંગનો પણ ભારતમાં અવકાશ છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, મોબાઈલ ફોનની નિકાસ જે ૨૦૧૪-૧૫માં ૦.૨ બિલિયન યુએસ ડોલર હતી તે ૨૦૨૩-૨૪માં ૧૫.૬ બિલિયન ડોલરે પહોંચી છે. એન્જિનિયરિંગ ગુડ્સ નિકાસ ૨૦૨૩-૨૪માં ૧૦૯.૩૨ બિલિયન યુએસ ડોલર પહોંચી છે. સેમિકન્ડક્ટર જેવા ઉભરતા સેક્ટરમાં પણ હવે આપણે આત્મનિર્ભર થવા જઈ રહ્યા છીએ. વડાપ્રધાનએ આપેલા આત્મનિર્ભર ભારતના સંકલ્પમાં રાષ્ટ્ર ભાવ સાથે જે કરવું પડે તે કરવાની તૈયારી સાથે સરકાર આયાત ઘટે અને નિકાસ વધે તેને પણ પ્રાયોરિટી આપી રહી છે તેમ તેમણે ઉમેર્યું હતું.

વિકસિત ભારત ૨૦૪૭ના વડાપ્રધાનએ આપેલા કોલને બધા જ કોલની જેમ ઉત્સાહથી ઝિલી લઈને ગુજરાત વિકસિત ભારત-આત્મનિર્ભર ભારત માટે પણ ઉદ્યોગ-વેપાર સંગઠનોના સહયોગથી લીડ લેશે એવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ દર્શાવ્યો હતો. ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂતે આ પ્રસંગે જણાવ્યું કે, અગાઉ કેન્દ્ર અને રાજ્ય સરકારના મળીને ટેક્સમાં જે જટિલતા હતી તેને સરળ કરવાનો હિંમતપૂર્વકનો પ્રયાસ નરેન્દ્રભાઈ મોદીએ કર્યો ત્યારે શરૂઆતની જે જી.એસ.ટી. આવક હતી તે વધીને હવે ૨૨.૮ લાખ કરોડની થઈ છે.

આ સરળીકરણને પરિણામે જી.એસ.ટી.ની આવકમાં વધવા સાથે આવનારા દિવસોમાં જી.ડી.પી. ગ્રોથ રેટમાં પણ વધારો થશે અને સ્વદેશી વસ્તુઓના વેચાણમાં પણ વૃદ્ધિ થવાથી આત્મનિર્ભર ભારતનો વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો સંકલ્પ પાર પડશે તેમ બળવંતસિંહ રાજપુતે જણાવ્યું હતું.

લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ રાજ્ય મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માએ આ વીડિયો કોન્ફરન્સનો ઉદ્દેશ્ય સ્પષ્ટ કરતા કહ્યું કે, રાજ્ય સરકાર વેપાર-ઉદ્યોગો પ્રત્યે પ્રો-એક્ટિવ એપ્રોચ સાથે આગળ વધી રહી છે ત્યારે જી.એસ. ટી. રિફોર્મ્સ, વોકલ ફોર લોકલ અને સ્વદેશી અભિયાન જેવા મહત્વના વિષયો પર ઉદ્યોગ-વેપાર જગતના સૂચનો પણ આવકાર્ય છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ માટે વીડિયો કોન્ફરન્સના આયોજનની જે પ્રેરણા આપી છે તે માટે તેમણે આભાર વ્યક્ત કર્યો હતો. આ વીડિયો કોન્ફરન્સમાં સહભાગી થતા એસોચેમના ચિંતન ઠાકર, ટોરેન્ટ પાવરના જીનલ મહેતા, ઝાયડસ ગ્રુપના પંકજ પટેલે જી.એસ.ટી. રિફોર્મ્સને લેન્ડમાર્ક સ્ટેપ ગણાવતા વડાપ્રધાનના નેતૃત્વમાં દેશમાં પાછલા દશકમાં આવેલા મોટા બદલાવોની પ્રશંસા કરી હતી.તેમણે ખાસ કરીને લાઈફ સેવિંગ ડ્રગ્સ, મેડિસિનલ અને મેડિકલ ટેકનોલોજી, રિન્યુએબલ એનર્જી અને ગ્રીન ગ્રોથ સહિતના ક્ષેત્રોમાં ટેક્સ રિફોર્મ્સનો લાભ થતા ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસને વધુ વેગ મળશે તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો.

એટલું જ નહીં સ્વદેશીને પ્રમોટ કરનારા ઉદ્યોગોને સરકાર તરફથી પ્રોત્સાહિત કરવામાં આવે તેવી લાગણી પણ તેમણે વ્યક્ત કરી હતી. આ વીડિયો કોન્ફરન્સમાં મુખ્યમંત્રીના મુખ્ય સલાહકાર ડો. હસમુખ અઢિયા, મુખ્ય સચિવ પંકજ જોશી, ઉદ્યોગ અગ્ર સચિવ મમતા વર્મા, મુખ્યમંત્રીના અધિક અગ્ર સચિવ અવંતિકાસિંઘ, ઉદ્યોગ કમિશનર પી. સ્વરૂપ અને વરિષ્ઠ અધિકારીઓ પણ જોડાયા હતા.

---

### સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી

# કો-ઓપ્રેટિવ હાઉસિંગ સોયાટીની ૫૩મી વાર્ષિક સાધારણ સભા

### મહાનગરપાલિકા દ્વારા કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટીને સ્માર્ટ સોસાયટીનો દરજ્જો પણ આપ્યો છે







રાજકોટ, તા. ૨૯

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કો- ઓપરેટિવ હાઉસિંગ સોયટીની ૫૩મી વાર્ષિક સાધારણ સભા સોસાયટીના પ્રમુખ પ્રોફે. જયદિપસિંહ ડોડિયાના અધ્યક્ષ સ્થાને આજે મંગળવારના રોજ સવારે નવ વાગ્યે રૂદ્રમુખી હનુમાન મંદિર પરિસરમાં મળશે. તાજેતરમાંજ સુવર્ણ જયંતિ વર્ષ ખૂબજ ઉમંગપૂર્વક ઉજવનાર સૌરાષ્ટ્ર યુનિવર્સીટી કર્મચારી કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીને રાજકોટ મહાનગરપાલિકાની સ્માર્ટ સોસાયટીનો દરજ્જો મળેલ છે. આ સોસાયટીની મંગળવારે સવારે નવ વાગ્યે યોજાનાર ૫૩મી વાર્ષિક સાધારણ સભામાં સોસાયટીના ઉપ પ્રમુખ અને જાણીતાં ઉદ્યોગપતિ સજી મેથ્યુ,માનદ મંત્રી અને સીઝન્સ સ્કવેર ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન અજયભાઈ જોશી, સહમંત્રી અજયસિંહ પરમાર, સહમંત્રી અને બિલ્ડર રમેશ સભાયા, ડો. અનામિક શાહ, ડો. દર્શન ભટ્ટ, ડી. પી. ત્રિવેદી, શ્રીમતિ તૃપ્તિબેન અમરેલિયા, ઉદ્યોગપતિ શૈલેષ પટેલ, ઉદ્યોગપતિ શ્રીજીથ સુકુમારન નાયર, કૈલેશકુમાર તન્ના, જીતેશકુમાર પંડિત, મૌલિકસિંહ ભટ્ટી, એચ. એમ. રાજા, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ભરતભાઈ વાજા, પ્રો. પી. એચ. પરસાણીયા, ડો. ચૈતન્યસિંહ ગોહિલ, દિનેશભાઇ ભુવા, એડવોકેટ મિહિરભાઈ ત્રિવેદી , ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દિવ્યેશભાઈ કગથરા, ઉપેન્દ્રભાઈ એન. પંડ્યા, એન. એસ. ઉપાધ્યાય, હસમુખ સી. જોશી, સી. એન. વેકરીયા સહિત અનેક વરિષ્ઠ સદસ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

---




# ભારે કરી...કાર ભાડે કરીને ગયા પછી ગીરવે મુકી દેવા પ્રયાસ

### GPS સિસ્ટમ પણ બંધ કરી દીધીઃ માધાપર ચોકડી પાસે ઓફિસ ધરાવતાં યુવાનની મિત્રના મિત્ર વિરૂધ્ધ ફરિયાદ

રાજકોટ તા. ૨૯

ગઠીયાઓ કેવા કેવા ગાળીયા પરોવતા હોય છે તેનો વધુ એક બનાવ સામે આવ્યો છે. શહેરની માધાપર ચોકડીએ ઓફીસ ધરાવતાં યુવાન પાસેથી તેના મિત્રનો મિત્ર આબુ જવા માટે સેલ્ફમાં ભાડેથી કાર લઇ ગયા બાદ પરત જ ન આવતાં અને કાર બારોબાર ગીરવે મુકવાનો પ્રયાસ કરતાં ચકચાર જાગી છે.

આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો ગાંધીગ્રામ પોલીસે માધાપર ચોકડી મોરબી બાયપાસ મૈસુર ભગત ચોક સુંદરમ્ ગોલ્ડ એપાર્ટમેન્ટ બી-૯૦૨ ખાતે રહેતાં સત્યાવીસ વર્ષના અમિતભાઇ ભુપતભાઇ વાઘેલની ફરિયાદ પરથી રાજ ઉર્ફ હિમાંશુ જયેશભાઇ ભાદરકા વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. અમિતભાઇ અને તેના પિતા સંયુક્ત રીતે સેલ્ફ ફાયનાન્સમાં ગાડી ભાડે આપવાનું કામ કરે છે. તેણે જણાવ્યું છે કે પોણા બે મહિના પહેલા ગત ૨૫/૭ના રોજ મારા મત્ર વિકાસ ભાદરકાનો ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે મારો મિત્ર રાજ ઉર્ફ હિમાંશુ ભાદરકા પરિવાર સાથે આબુ ફરવા જાય છે અને તેને વેરના કાર ભાડેથી જોઇએ છે, હું પોતે પણ તેની સાથે જવાનો છું.

જેથી મેં મિત્ર વિકાસને વેરના કાર જ્યારે જોઇએ ત્યારે લઇ જવા કહ્યું હતું. બાદ વિકાસ અને તેનો મિત્ર રાજ બંને રાતે દસેક વાગ્યે મારી ઓફિસ સુંદરમ્ સીટી સામે મૈસુર ભગત ચોકમાં છે ત્યાં આવ્યા હતાં. મેં વેરના ગાડીનું એક દિવસનું ભાડુ ૩૦૦૦ કહ્યું હતું. તેમજ ગાડીની અવેજી રૂપે કોઇપણ ટુવ્હીલર ઓફિસે સેફટી પેટે રાખવા જણાવ્યું હતું. આ પછી વિકાસના મિત્ર રાજને મેં જીજે૦૩એલઆર-૮૭૭૮ નંબરની વેરના ગાડી બે દિવસ માટે ભાડેથી આપી હતી. જેની સામે તેણે પોતાનું બાઇક જીજે૨૫એબી-૨૫૭૦ મારી ઓફિસ ખાતે રાખ્યું હતું. આ પછી ૨૬/૭ના રોજ સાંજે મને મારા અન્ય એક મિત્ર આશિષ ઉર્ફ ધનરાજ મોવાળીયાનો ફોન આવ્યો હતો કે મારા મિત્ર અકરમ દાઉદાણી પાસે એક વેરના ગાડી ગીરવે મુકવા આવી છે. આ ગાડીમાં નંબર પ્લેટ ડેકીમાં છે અને તેનો મેં ફોટો પાડ્યો છે આ નંબર જોતાં ગાડી તારી હોય તેમ લાગે છે, તે ગાડી કોઇને વેંચી દીધી કે શું? તેમ મારા મિત્ર આશિષે મને પુછતાં મેં તરત ગાડી ભાડે લઇ જનારા રાજ ઉર્ફ હિમાંશુને ફોન જોડતાં તેનો ફોન બંધ આવતો હતો.

આથી તરત મારા મિત્ર વિકાસને ફોન કરી ગાડી બાબતે પુછતાં તેણે કહેલુ કે વેરના લઇને રાજ એકલો આબુ ગયો છે, હું જઇ શક્યો નથી, રાજ ક્યાં પહોંચ્યો એ પુછી લઉ તેમ કહ્યું હતું. થોડીવાર પછી ફરીથી વિકાસે ફોન કરી કહેલુ કે ગાડી રાજ પાસે છે અને તે આબુ જવા નીકળી ગયો છે. આ પછી મેં કારમાં રહેલ જીપીએસ ટ્રેક કરતાં સિસ્ટમ બંધ બતાવતી હતી. આથી મેં ફરી વિકાસને ફોન કર્યો હતો કે તારો મિત્ર રાજ મારી વેરના ગાડી મારા મિત્રના મિત્ર અકરમ પાસે ગીરવે મુકવા ગયો હતો. આથી વિકાસે ફરી રાજને ફોન જોડ્યો હતો. પણ ફોન લાગ્યો નહોતો. આ પછી હું મારો મિત્ર આશિષ તેના મિત્રઅ કરમ પાસે ગયા હતાં.

ત્યાં ગાડી કોણ ગીરવે મુકી ગયું? તે પુછતાં તેણે સોહિલ પરમારનું નામ આપ્યું હતું. જો કે અકરમે ગાડીગીરવે રાખી નહોતી. આ પછી રાજને અવાર-નવાર ફોન કરવા છતાં તેનો ફોન લાગ્તો નથી. મારી ગાડી કોની પાસે છે તે પણ અમને ખબર નથી. આમ રાજ ભાદરકા મારી ઓફિસે હોન્ડા મુકી તેની એવજીમાં મારી વેરના કાર લઇ ભાગી ગયો હોઇ ફરિયાદ કરવી પડી હતી. તેમ વધુમાં અમિતભાઇએ કહેતાં પીઆઇ એસ.આર. મેઘાણીની રાહબરીમાં પીએસઆઇ પી. બી. વારોતરીયાએ વિશેષ તપાસ શરૂ કરી હતી.

---

# સદરબજાર વોંકળાનું કાર્યારંભ થતા રોડ એક વર્ષ માટે બંધ

### ૨.૩૬ કરોડના ખર્ચે સ્લેબ કલ્વર્ટ બનાવવાશેઃ પ્રશ્ન એ કે એજન્સી સમય મર્યાદામાં કામ પૂર્ણ કરશે કે કેમ ?




રાજકોટ તા. ૨૯

સ્વચ્છ રાજકોટની સાથોસાથ વિકસિત રાજકોટ બને તે માટે સ્થાનિક પ્રશાસન દ્વારા હાલ તમામ જરૂરી સુવિધાઓ ઊભી કરવામાં આવી રહી છે સર્વેસ્વર ચોક વોંકળાને જે રીતે નવો બનાવવામાં આવ્યો તેવી રીતે હવે હરિહર ચોકથી ચૌધરી હાઈસ્કુલ તરફ જતા રસ્તા વચ્ચે જે વોંકળા છે તે અત્યંત જુનો થઈ ચૂક્યો છે ત્યારે તેને નવો બનાવવા માટે મહાનગરપાલિકા દ્વારા કામગીરી શરૂ કરી દેવામાં આવી છે જેને લઈને ગઈકાલ બપોર થી હરિહર ચોકથી ચૌધરી હાઇસ્કુલ તરફ જવાના રસ્તા પર પતરા મારી તેને બંધ કરી દેવામાં આવ્યો છે. જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર સદર બજારનો વોંકલો પહોળો મનાઈ રહ્યો છે જેથી એક વર્ષ સુધી આ રોડ બંધ રાખીને કામ હાથ ધરાશે ત્યારે અહીંથી પસાર થતા લોકોને વૈકલ્પિક રસ્તો પણ કહી આપવામાં આવ્યો છે. ત્યારે એક વર્ષ સુધી લોકોએ ટ્રાફિકની હેરાનગતિનો પણ સામનો કરવો પડશે.

સર્વેશ્વર ચોક વોંકળાના કામ સાથે સદર વોંકળાનું કામ પણ ૨.૩૬ કરોડના ખર્ચે મંજૂર કરવામાં આવ્યું હતું. જે રસ્તો હરીહર ચોકમાં બંધ કરવા તાજેતરમાં પોલીસે જાહેરનામુ બહાર પાડયું હતું. બે દિવસ પહેલા પતરા મારવામાં આવ્યા હતા. આજથી વાહન વ્યવહાર સંપૂર્ણ બંધ કરવામાં આવ્યો છે. વોર્ડ નં.૨માં આવેલ હરીહર ચોકમાં જુનો વોંકળો દુર કરીને નવું બોકસ કલ્વર્ટ બનાવવાનું તથા સદર પોલીસ સ્ટેશન પાસે અને મહિલા પોલીસ સ્ટેશન પાસે સ્લેબ કલ્વર્ટ રીપેર કરવાના કામનો સમાવેશ થાય છે. સર્વેશ્વર ચોક, જાગનાથ થઈને આ વોંકળો સદર બંબાખાના સ્કુલ પાસે પહોંચે છે. ત્યાંથી સૌથી મોટા સદરના વોંકળામાંથી વહેણ પસાર થઇ જયુબેલી તરફ જાય છે. સર્વેશ્વર ચોકની જેમ જ આ વોંકળાનું સંપૂર્ણ નવીનીકરણ કરવામાં આવશે. જેનાથી કોઈ દુર્ઘટનાનો ખતરો ટળશે.

રાજકોટ શહેરમાં વોર્ડ નં.૭ની બોર્ડર પાસે વોર્ડ-૨માં હરીહર ચોક પાસે નવું બોક્સ કલવર્ટ તથા રિટેઈનિંગ વોલનુ કામ ચાલી રહ્યું છે. આ કામ પૂર્ણ ના થાય ત્યાં સુધી કાશી વિશ્વનાથ મેઈન રોડ પાસેથી હરીહર ચોક તરફ જતાં બંને તરફનો રોડ બંધ કરી તમામ વાહનો માટે પ્રવેશબંધી જાહેર કરાઈ છે. આ સાથે વૈકલ્પિક રૂટ જાહેર કરવામાં આવ્યા છે. જાહેરનામા મુજબ લીમડા ચોક, પંચનાથ મંદિર રોડ હરીહર ચોકથી ચૌધરી હાઈસ્કૂલ તરફ જવા માગતા તમામ પ્રકારના વાહનો હરીહર ચોક, હેડ પોસ્ટ ઓફિસથી જ્યુબિલી ગાર્ડન ચોક થઈને જવાહર રોડ તરફથી ચૌધરી હાઈસ્કૂલ તરફ જઈ શકશે.

હરીહર ચોકથી સદર પોલીસ ચોકીથી સદર વન-વે ફુલછાબ ચોકથી તમામ વાહનો જઈ શકશે. ચૌધરી હાઈસ્કૂલથી લીમડા ચોક, પંચનાથ મંદિર રોડ, હરિહર ચોક તરફ જવા માગતા તમામ પ્રકારના વાહનો આર-વર્લ્ડ સિનેમા, આઈ.સી.આઈ.સી.આઈ. બેન્ક (શારદાબાગ)થી ફુલછાબ ચોક, ભીલવાસ ચોકથી તમામ પ્રકારના વાહનો જઈ શકશે. ચૌધરી હાઈસ્કૂલથી કાશી વિશ્વનાથ મેઈન રોડ, ભારત ફ્રુટ પાસે થઈ સદર બજાર વન-વેથી લીમડા ચોક, પંચનાથ મંદિર રોડ હરિહર ચોક તરફ તમામ વાહનો જઈ શકશે. બે દિવસ સુધી ટુ અને થ્રી વ્હીલર નીકળી શકતા હતા પરંતુ ગઈકાલે બપોરથી તમામ પ્રકારના વાહનો માટે રસ્તો બંધ કરી દેવાયો છે. આમ હવે લીમડા ચોકથી કે સદરથી આવતા લોકોને જયુબેલી રોડ થઇને અથવા બહુમાળીથી સીધા ચૌધરી ચોક પહોંચવાનું થશે.

શહેરની મધ્યમાં આવેલા અને જયુબેલીથી સદરને, લીમડા ચોકથી ચૌધરી હાઇસ્કુલ ચોકને જોડતા હરીહર ચોકને આજથી સદરના વોંકળાના નવીનીકરણ માટે સંપૂર્ણ બંધ કરવામાં આવ્યો છે. ચોકની બંને તરફ પતરા મારીને કામ ચાલુ હોવાના બોર્ડ મુકાયા છે. તો વાહનો માટે વૈકલ્પિક રૂટ પણ જાહેર કરી દેવાયા હતા. ત્યારે હવે પ્રશ્ન એ છે કે મહાનગરપાલિકા આ કાર્ય ખરા અર્થમાં એક વર્ષની અંદર જ પૂરું કરે છે કે કેમ કારણકે મનપા દ્વારા હાથ ધરવામાં આવતા એક પણ કાર્યો સમયસર પુરા થતા નથી અને લોકોએ હેરાનગતિનો સામનો કરવો પડે છે આ તમામ બાબતોને ધ્યાને લઈને હવે એજન્સી ઉપર કેવી રીતે અંકુશ મૂકવામાં આવશે તે જોવાનું રહ્યું. હાલો અપેક્ષા છે કે ૨૦૨૬ ના સપ્ટેમ્બર માસ સુધીમાં આ કાર્ય પૂર્ણ થઈ જશે

GST ઘટાડા, વોકલ ફોર લોકલ અને સ્વદેશી અભિયાન સંદર્ભે વીડિયો કોન્ફરન્સથી સંવાદ

# GST 'બચતોત્સવ'નો લાભ લોકોને આપો : CM

## દેશના સર્વાંગી વિકાસ માટેનું ઉત્તમ પગલું, ઉદ્યોગના વિવિધ ક્ષેત્રોને થશે ફાયદો : રાજકોટ ચેમ્બરે પણ ઝીલ્યું આહવાન

રાજકોટ, તા. ૨૯

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મંત્રીગણ સાથે રાજ્યના વિવિધ વેપારી સંગઠનો અને ઈન્ડસ્ટ્રીઝ એસોસિયેશન્સ સાથે જી.એસ.ટી. ઘટાડા, વોકલ ફોર લોકલ અને સ્વદેશી અભિયાન સંદર્ભે વીડિયો કોન્ફરન્સથી સંવાદ કર્યો હતો. જેમાં રાજકોટથી ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝના પ્રમુખ વી.પી. વૈષ્ણવ, માનદ મંત્રી નૌતમ બારસીયા સહિતના હોદ્દેદારો તથા વેપારીઓ જોડાયા હતા. ઉપરાંત રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ અને ઇન્ડસ્ટ્રીઝ સાથે જોડાયેલા ૧૦૮ સંગઠનોના અગ્રણીઓ પણ આ સંવાદમાં ઓનલાઇન સહભાગી થયા હતા.

આ સંવાદમાં રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જી.એસ.ટી. ઘટાડાનો ફાયદો લોકોને મળે અને નાગરિકો ''બચતોત્સવ''નો સાચો લાભ લઈ શકે તે માટે કરેલા આહવાનને રાજકોટના વેપારી-ઉદ્યોગ સંગઠનોએ ઝીલી લીધું હતું. આ તકે રાજકોટના વેપારી અને ઉદ્યોગ સંગઠનોએ



વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જાહેર કરેલા જી.એસ.ટી. સુધારણાને આવકાર્યો હતો અને તેનાથી દેશની વ્યવસ્થા વધુ વાઈબ્રન્ટ બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

દેશને આત્મનિર્ભર બનાવવા સાથે વડાપ્રધાન નરેન્દ્રભાઈએ શરૂ કરાવેલા ''વોકલ




ફોર લોકલ અભિયાન''થી સ્થાનિક કારીગરો અને વેપારીઓને વધુ સારી કમાણી થશે તેમજ લોકલ ઈકોનોમીમાં સુધારો થશે તેવી આશા પણ વેપારી સંગઠને વ્યક્ત કરી હતી. ''સ્વદેશી અભિયાન''થી વિવિધ સ્થાનિક ઇન્ડસ્ટ્રીઅલ સેક્ટરને મોટો ફાયદો થશે તેમજ આ અભિયાન સ્થાનિક રોજગાર સાથે ''આત્મનિર્ભર ભારત'' માટે બૂસ્ટર ડોઝ સમાન બનશે તેવો વિશ્વાસ પણ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

આ તકે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝના પ્રમુખ વી. પી. વૈષ્ણવે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારે જી.એસ.ટી.માં સુધારણા કરીને ચાર સ્લેબમાંથી બે સ્લેબ કર્યા છે, જેના કારણે દેશભરમાં આનંદની લાગણી ફેલાઇ છે. આ સુધારણાથી આવનારા દિવસોમાં વેપારના વિવિધ ક્ષેત્રો, ફૂડ તથા ઉદ્યોગ ક્ષેત્રોને મોટો ફાયદો થશે. સર્વાંગી વિકાસ માટેનું આ ઉત્તમ પગલું કહી શકાય તેમ છે. આ સાથે તેમણે જી.એસ.ટી. ઘટાડાનો લાભ સામાન્ય લોકો સુધી પહોંચાડવા માટે રાજકોટના વેપારીઓ અને ઉદ્યોગકારોને અપીલ કરી હતી. ઉપરાંત ''આત્મનિર્ભર ભારત'' અને ''સ્વદેશી'' અપનાવવા અંગે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કરેલી અપીલને રાજકોટના એમ.એસ.એમ.ઈ. અનુસરીને પોતાનું યોગદાન આપે તેવી અપીલ પણ તેમણે કરી હતી.

# 'સ્વચ્છોત્સવ' અભિયાન અંતર્ગત રીલ્સ સ્પર્ધાનું આયોજન

## ગઈકાલથી શરૂ થયેલ આ સ્પર્ધા ૧૫ ઓક્ટોબર સુધી ચાલશે



રાજકોટ, તા. ૨૯

ભારત સરકાર તથા ગુજરાત સરકાર દ્વારા ૨-જી ઓકટોબરના રોજ પૂજ્ય મહાત્મા ગાંધીજીને જન્મ જયંતિની શ્રદ્ધાંજલિ આપવા સમગ્ર ભારતમાં સ્વચ્છતા માટેના જન આદોલનની ઉજવણીને આહવાન કરવામાં આવેલ છે. સ્વચ્છ ભારત મિશનના ૧૧ મી વર્ષગાંઠની'સ્વચ્છતા હી સેવા-૨૦૨૫' ને તા.૧૭ મી સપ્ટેમ્બર,૨૦૨૫ થી તા.૩૧ મી ઓક્ટોબર,૨૦૨૫ સુધી સ્વચ્છોત્સ્વ તરીકે ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

''સ્વચ્છતા હી સેવા-૨૦૨૫ તથા સ્વચ્છોત્સ્વ'' અન્વયે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ગઈકાલથી થી તા.૧૫-૧૦-૨૦૨૫ દરમ્યાન સોશિયલ મીડિયા રીલ્સ (Reels) પ્રતિયોગીતાનું આયોજન કરવામાં આવ્યું છે. જેના માટે શહેરીજનોએ સ્વચ્છતા હી સેવા-૨૦૨૫ અભિયાન હેઠળ વિડીયો રીલ્સ બનાવી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તૈયાર કરવામાં આવેલ ગૂગલ ફોર્મમાં સબમિટ કરવાનું રહેશે. આ પ્રતિયોગીતાના વિજેતાઓને રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવશે. ઉપરોક્ત રીલ્સ પ્રતિયોગીતામાં પ્રથમ આવનાર વિજેતાને ૧૦,૦૦૦/- દ્વિતીય ૭,૫૦૦/- તુતીય ૫,૦૦૦/- રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવશે.

આ સ્પર્ધામાં કોઇપણ નાગરિકો ભાગ લઈ શકશે. કોઈપણ સંસ્થા, ફેસબુક પેઇઝ ચલાવતા પ્રમોટેડ સંસ્થા ભાગ લઈ શકશે નહિ. એટલું જ નહીં રિલ્સની સમય મર્યાદા ૪૫ સેકન્ડ થી ૯૦ સેકન્ડ વચ્ચેની હોવી જોઈએ અને તેની થીમ પણ સ્વચ્છતા જાગૃતિ, સિંગલ યુઝ પ્લાસ્ટિક પ્રતિબંધ, સીટી બ્યુટીફીકેશ, સ્વચ્છતા હિ સેવા, વગેરે સ્વચ્છતા ઉપર જ બનાવવાની રહેશે. રીલ્સ ગુજરાતી અથવા હિન્દી ભાષામાં બનાવવાની રહેશે.

ભાગ લેનાર સ્પર્ધોકો દ્વારા બનાવવામાં આવેલ રીલ્સ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સોશિયલ મીડિયામાં પ્રકાશિત કરી શકાશે. તેના માટે રાજકોટ મહાનગરપાલિકાના સોશિયલ મીડિયા smartcityrajkot ને ઝફલ કરી Collaboration કરવાનું રહેશે. બધી એન્ટ્રીઓ માટે ચોક્કસ સમયમર્યાદા ૧૫/૧૦/૨૦૨૫ રહેશે. ૧૫/૧૦/૨૦૨૫ પછી સબમિટ કરવામાં આવેલ રીલ્સ માન્ય રહેશે નહિ. વિડીયો કન્ટેન્ટ ઓરીજનલ હોવો જોઈએ અને કોપીરાઇટ કરેલ સામગ્રી ઉપયોગ કરવાનો રહેશે નહિ. આ રીલ્સ સ્પર્ધાનીઓ આખરી નિર્ણય મ્યુનિસિપલ કમિશનર અને નાયબ મ્યુનિસિપલ કમિશનર હસ્તગત જ્ઞખ કમિટીનો રહેશે. જે દરેક ભાગ લેનાર સંસ્થાઓને બંધનકર્તા રહેશે.

નદીના પટમાં અવરજવર ન કરવા આદેશઃ આજી-૧ ડેમનું હાલનું લેવલ ૧૪૭.૫૨ મીટર

# જિલ્લાના જળાશયો ૧૦૦% ભરાતાં હેઠવાસના ગામના લોકોને તાકીદ

રાજકોટ તા. ૨૯

ભારે વરસાદના કારણે રાજકોટ જિલ્લાના આજી-૧, ફાડદંગ બેટી, આજી-૨, વેરી, સુરવો, છાપરવાડી-૨ અને ભાદર-૨ ડેમો ઓવરફ્લો થયા છે, આથી આ તમામ ડેમોના હેઠવાસમાં આવેલા ગામોના નાગરિકોને સલામત સ્થળે ખસી જવા અને નદીના પટમાં અવરજવર ન કરવા રાજકોટ ફલડ કંટ્રોલ સેલ દ્વારા આદેશ કરવામાં આવ્યો છે.

આજી-૧ ડેમ ઓવર ફ્લો થવાથી ડેમના નીચાણ વિસ્તારમાં આવેલા બેડી, મનહરપુર, રોજકી, થોરાળા ગામોના લોકોને સાવચેત રહેવા સૂચના અપાઇ છે. જળાશયના પાણીનું હાલનું લેવલ ૧૪૭.૫૨ મીટર છે. રાજકોટ તાલુકાનો ફાડદંગ બેટી જળાશય ઓવરફ્લો થવાથી રાજકોટ, બેડલા, જામગઢ લાંબા-કોટડા, ફાડદંગ, રફાળા, રામપરા, મઘરવાડા, પારેવાળા ગામોના લોકોને સલામત સ્થળે ખસી જવા અને નદીના પટમાં અવરજવર ન કરવા જણાવાયું છે. જળાશયના પાણીનું હાલનું લેવલ ૧૮૯.૨૭ મીટર છે.

પડધરી તાલુકામાં આવેલો આજી-૨ ડેમ ઓવર ફ્લો થતાં પડધરી, અડબાલકા, બાગી, દહીસરડા, ડુંગરકા, ગઢડા, હરીપર, ખંઢેરી, નારણકા, સખપર, ઉકરડા ગામોના લોકોને



સલામત સ્થળે ખસી જવા સૂચના અપવામાં આવી છે. જળાશયના પાણીનું હાલનું લેવલ ૭૨.૫ મીટર છે. ગોંડલ તાલુકામાં આવેલુ વેરી જળાશય ઓવરફ્લો થવાથી ગોંડલ, કંટોલીયા, વોરકોટડા ગામોના લોકોને સલામત સ્થળે ખસી જવા અને નદીના પટમાં અવરજવર ન કરવા જણાવાયું છે. જળાશયના પાણીનું હાલનું લેવલ ૧૪૨.૦૪ મીટર છે.

જેતપુર તાલુકા પાસે આવેલ સુરવો ડેમ ઓવરફ્લો થતાં તેનો ૧ દરવાજો ૦.૧૫ મીટર ખોલાયો છે. જળાશયના પાણીનું હાલનું લેવલ ૯૯.૮૫ મીટર છે.આથી ડેમના હેઠવાસમાં આવેલા થાણા ગાલોળ, ખીરસરા, ખજુરી ગુંદાળા ગામોના લોકોને નદીના પટમાં અવરજવર ન કરવા જણાવાયું છે. જળાશયના પાણીનું હાલનું લેવલ ૯૯.૮૫ મીટર છે. જેતપુર તાલુકાનો છાપરવાડી -૨ ડેમ ઓવરફ્લો થતાં જેતપુર, લુણાગરા, જાંબુડી, કેરાળી, મેવાસા, પ્રેમગઢ, રબારીકા, લુણાગરી ગામોના લોકોને નદીના પટમાં ગ્રામજનોએ અવરજવર ન કરવા સૂચના અપાઇ છે. જળાશયના પાણીનું હાલનું લેવલ ૯૮.૩૮ મીટર છે.

ધોરાજી તાલુકામાં આવેલો ભાદર -૨ ડેમ ઓવરફ્લો થતાં તેના બે દરવાજા ૦.૩ મીટર ખોલવામાં આવ્યા છે. જળાશયના પાણીનું હાલનું લેવલ ૫૩.૦૫ મીટર છે. આથી ધોરાજી, ભોલા, ભલગામડા, છાડવાવદર, સુપેડી, ઉપલેટા, ડુમિયાણી, ચીખલિયા, સમઢીયાળા, ગણોદ, ભીમોરા, ગઢાળા, ગાંડોદ, હાડફોડી, ઈસરા, મજેઠી, નિલાખા, તેલંગાણા વગેરે ગામોના લોકોને સલામત સ્થળે ખસી જવા ફલડ કંટ્રોલ સેલની યાદીમાં જણાવાયું છે.

# ૫૩૧ ફીડર બંધ, ૬૧ ગામડામાં અંધારપટ

## વરસાદના પગલે વીજ ફોલ્ટ લાઇનની ૨૨૦ ફરિયાદ જેમાંથી રાજકોટ શહેરની જ ૬૮

રાજકોટ, તા. ૨૯

રવિવારે સમગ્ર સૌરાષ્ટ્ર પંથકમાં વરસાદી માહોલ જોવા મળ્યો હતો અને મેઘરાજાએ ગણતરીની કલાકોમાં જ પાણી-પાણી કરી દીધું હતું ભારે વરસાદના પગલે પીજીવીસીએલની કામગીરીમાં પણ ભારે અવરોધ ઊભો થયો હતો અને સૌરાષ્ટ્ર કચ્છના કુલ ૫૩૧ ફીડરો બંધ થયા હોવાનું માલુ પડ્યું છે જ્યોતિગ્રામ યોજના અંતર્ગત કુલ ૧૫ ફીડરો બંધ થયા છે જેમાં બોટાદ અને જૂનાગઢમાં ચાર ચાર, અમરેલીમાં છો અને પોરબંદરમાં એક ફીડર બંધ થયું હોવાનું માલુમ પડ્યું છે. બીજી તરફ એગ્રીકલ્ચર ફીડરોની વાત કરવામાં આવે તો સૌથી વધુ જૂનાગઢમાં ૧૧૧ ફીડરો બંધ છે ત્યારબાદ જામનગરમાં ૧૦૪, પોરબંદરમાં ૯૪, ભુજમાં આઠ, અંજારમાં ૫૮, ભાવનગરમાં ૬૨, બોટાદમાં બાર તથા



અમરેલીમાં ૬૬ ફીડરો બંધ હોવાનું જાણવા મળ્યું છે જે આંકડો ૫૧૫ ને પાર પહોંચ્યો છે એમ કુલ ૫૩૧ ફીડરો હાલ બંધ હોવાનું પીજીવીસીએલ દ્વારા જણાવવામાં આવ્યું છે જેને ફરી શરૂ કરવા માટે હાલ કામગીરી હાથ ધરાઈ રહી છે.

ભારે વરસાદના કારણે સૌરાષ્ટ્ર કચ્છના કુલ ૬૧ ગામડાઓ હાલ વીજ પુરવઠો વગર છે જેમાં અમરેલીના ૨૯ ગામ, બોટાદના ૧૭ ગામ, જૂનાગઢના ૧૩ ગામ અને પોરબંદરના બેગામ માં હાલ સંપૂર્ણ વીજ પુરવઠો ખોળવાઈ ગયો છે જ્યારે સૌરાષ્ટ્ર કચ્છમાં કુલ ૪૪ જેટલા પોલ એટલે કે થાંભલા પણ ક્ષતિગ્રસ્ત થયા છે જેમાં અમરેલીમાં ૩૨, મોરબીમાં પાંચ, રાજકોટ ગ્રામ્યમાં ચાર અને જામનગરમાં ત્રણ પોલ ડેમેજની પણ ફરિયાદો આવેલી છે. વરસાદના પગલે વીજ પોર્ટ લાઈન અંતર્ગત કુલ ૨૨૦ ફરીયાદો મળી હતી જેમાંથી ૬૮ તો રાજકોટ શહેરની જ સામે આવી. હાલ આજે પણ સૌરાષ્ટ્ર કચ્છ માટે રેડ એલર્ટ આપવામાં આવેલું છે. ત્યારે પીજીવીસીએલની ટીમ દ્વારા હવે જે ફીડરો બંધ થયેલા છે તેના પુનઃ ચાલુ કરવા અને જે ગામડાઓમાં વીજ પુરવઠો નથી તેને પુન સ્થાપિત કરવા માટે હાલ તમામ જરૂરી પગલાઓ લેવામાં આવી રહ્યા હોવાનું પણ જણાઈ રહ્યું છે. જો આજે વરસાદ વરસે તો પીજીવીસીએલની શું તૈયારી છે તે અંગે હજુ કોઈ સ્પષ્ટતા થઈ નથી પરંતુ એ વાત સ્પષ્ટ છે કે હાલ કચેરી દ્વારા બેકઅપ પ્લાન તૈયાર કરી લેવામાં આવ્યો છે કારણ કે ફીડર હોય કે ગામડાઓ ૨૦ પુરવઠાથી બંધ થયા હોય અમરેલીમાં ખાસું એવું નુકસાન પહોંચ્યું હોવાનું પણ જોડાઈ રહ્યું છે ત્યારે ત્યારે પીજીવીસીએલ કચેરી માટે અમરેલી માં ઝડપથી વીજ પુરવઠો યથાવત થાય તે માટે હાલ ટીમો કાર્યરત થઈ ચૂકી છે.

# પાંચ મહિનામાં મનપાને વેરા પેટે ૨૮૬ કરોડની આવક

## ૩.૭૪ લાખ કરદાતાઓએ મિલકત વેરો તથા પાણી વેરાની કરી ભરપાઈ : બાકી મિલકત વેરા વસુલાત સામે ૧૧૬ મિલકતો સીલ

રાજકોટ, તા. ૨૯

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ મિલ્કતવેરા તથા પાણી વેરો ભરપાઇ કરવા માટે ૯ એપ્રિલ ૨૦૨૫થી વેરા વસુલાત ની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે જેમાં ૩.૭૪ લાખથી વધુ કરતાતાઓ દ્વારા છેલ્લા પાંચ મહિનામાં ૨૮૬ કરોડથી વધુની વેરાની આવક મનપાને કરાવી આપી છે જ્યારે વેરો બાકી હોય તેવી ૧૧૬ મિલકતોને સીલ કરવામાં પણ આવી હોવાનું જાણવા મળ્યું છે.

વર્ષ ૨૦૨૫-૨૦૨૬ માં બાકી મિલકત વેરા-વસુલાત સામે વોર્ડ નં-૧ માં કુલ ૫, વોર્ડ નં-૨ માં કુલ ૫, વોર્ડ નં-૩ માં કુલ ૧૨, વોર્ડ નં-૫ માં કુલ ૨, વોર્ડ નં-૭ માં કુલ ૪૫, વોર્ડ નં-૮ માં કુલ ૪, વોર્ડ નં-૯ માં કુલ ૬, વોર્ડ નં-૧૦ માં કુલ ૮, વોર્ડ નં-૧૧ માં કુલ ૮, વોર્ડ નં-૧૨ માં કુલ ૮, વોર્ડ નં-૧૩ માં કુલ ૧, વોર્ડ નં-૧૪ માં કુલ ૪, વોર્ડ નં-૧૭ માં કુલ ૬ અને વોર્ડ નં-૧૮ માં કુલ ૨ મિલકતોને સીલ કરવામાં આવેલ છે, આમ, ૦૯-૦૪-૨૦૨૫ થી ૨૯-૦૯-૨૦૨૫ સુધીમાં કુલ ૧૧૬ મિલકતોને સીલ કરવામાં આવી છે.

આ કામગીરી કમિશ્નરના માર્ગદર્શન હેઠળ નાયબ કમિશ્નર



સી.કે.નંદાણી તથા સેન્ટ્રલ ઝોન ના આસી.કમિશ્નર સમીર ધડુક તથા વેસ્ટ ઝોનના આસી. કમિશ્નર દીપેન ડોડીયા તથા વેસ્ટ્ ઝોનના આસી.કમિશ્નર એચ.પી.રૂપારેલીયા તથા સેન્ટ્રલ ઝોન મેનેજર વત્સંલ પટેલ, ભાવેશ પુરોહિત,વેસ્ટસ ઝોન મેનેજર મયુર ખીમસુરીયા, હાર્દિકસિંહ જાડેજા ઈસ્ટટ ઝોન મેનેજર ગૌરવ ઠક્કર તથા તમામ વોર્ડ ઓફીસર, તમામ ટેક્ષ ઇન્સ્પેકટરઓ દ્વારા વેરા વસુલાતની સઘન કામગીરી કરવામાં આવે છે. હાલ સીલીંગ અને રીકવરીની કામગીરી ચાલુ છે.

મિલકતધારકોને વેરા બીલ પોસ્ટ દ્વારા મોકલી આપવામાં આવેલ છે. જે મિલ્કતધારકોને વેરા બીલ ન મળેલ હોઈ તેઓને લગત વોર્ડ ઓફિસેથી મિલકતવેરાનાં બીલો મેળવી લેવા અનુરોધ કરવામાં આવ્યો છે કારણ કે પેલી ઓક્ટોબરથી નિયમ અનુસાર વ્યાજ લાગુ થશે ત્યારે વ્યાજથી બચવા માટે જે મિલકત ધારકોએ પોતાનો વેરો ભર્યો ન હોય તેવો તાકીદે વેરાની ભરપાઈ કરે તેવી અપીલ પણ અધિકારીઓ દ્વારા કરવામાં આવી છે.

રાજકોટ મહાનગરપાલિકાની હદ વિસ્તારમાં આવેલ તમામ મિલકતધારકોને જણાવવામાં આવે છે કે પોસ્ટ દ્વારા મિલકત વેરા બીલની બજવણી કરવામાં આવેલ છે. જે પણ મિલકતધારકોને મિલકત વેરા બીલ મળેલ ન હોય,તો તેઓ ઓફિસ સમય દરમિયાન લગત વોર્ડ ઓફિસનો સંપર્ક કરી પોતાની મિલકતના બિલ મેળવી શકે છે. જે મિલકતધારકોને મિલકત વેરાનાં બિલ ના આવતા હોય તો તેવા મિલકતધારકોએ પોતાની મિલકતની નવી-આકારણી તથા વેરા બિલની ચકાસણી કરવા માટે લગત વોર્ડ ઓફિસનો સંપર્ક કરવો તથા પોતાની મિલકતના વેરા બિલની પ્રિન્ટથઆઉટ મેળવી લેવી. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પેલી ઓક્ટોબરથી વર્ષ ૨૦૨૫ નું મિલકત વેરાનું વ્યાજ નિયમોનુસાર વસુલ કરવામાં આવશે. જેની તમામ મિલકતધારકોએ ખાસ નોંધ લેવી.

પ્રોપર્ટી વેચવાની છે.
2261 ફુટ છટ્ઠો માળ
70% પૈસાની ચાલુ
આવકવાળી જગ્યા
મોકાની જગ્યા, મામલતદાર ઓફિસની પાછળ
ઈનોવેટીવ સ્કૂલની બાજુમાં, પંચાયત ચોક પાસે
94267 12378

રાજકોટ મિરર — તંત્રીની કલમે

# વોટર રાસ..!

## મેઘરાજા મહાલ્યા, ખેલૈયાઓએ નવા સ્ટેપ્સ શીખવા પડશે



પાવા તે ગઢથી ઉતર્યા મહાકાળી રે.... આ વર્ષે નવરાત્રિમાં મહાશક્તિ સાથે મેઘરાજા પણ પાવાગઢથી ઉતર્યા છે. ગુજરાતના ઘણાં વિસ્તારોમાં પહેલા નોરતાથી વરસાદ વરશે છે. છઠ્ઠા નોરતે રાજકોટ-સૌરાષ્ટ્રમાં પણ મેઘરાજા ગરબે રમવા આવી ગયા. અનેક આયોજનો બંધ રખાયા. ઘણાં સ્થાને રાસોત્સવ ચાલુ હતા, પણ ચામનો અભાવ હતો. હજુ પણ વરસાદની આગાહી છે અને ઘણા વિસ્તારો રેડ એલર્ટમાં છે.

આ સ્થિતિ જોઇને ઘણાં મજાકમાં કહે છે કે, ખેલૈયાઓએ હવે વોટર રાસના સ્ટેપ્સ પણ શીખવા પડશે. વિષય મજાકનો નથી. વરસાદી માહોલમાં રાસોત્સવ ચાલુ રાખવો એ આયોજકો માટે મોટો પડકાર છે. વટના માર્યા ચાલુ રાખનારાં આયોજકો મોટું જોખમ વહોરે છે.

નવરાત્રિના પ્રાચીન અને અર્વાચીન આયોજનો વરસાદને નજરમાં રાખીને થયા નથી હોતા. ખાસ કરીને લાઇટિંગ વ્યવસ્થા કામચલાઉ જેવી જ હોય છે. વરસાદી માહોલમાં ભેજના કારણે શોર્ટ્સર્કિટ થઇ શકે છે અને મોટી દુર્ઘટના સર્જાવાનું જોખમ રહે છે. આ ઉપરાંત મેદાનમાં પાણી ભરાવાથી માંડીને કીચકાણ થવાની સંભાવના પણ વધી જાય છે. ખેલૈયા લપસી શકે છે. વટના માર્યા આયોજન ચાલુ રાખે અને દુર્ઘટના ઘટે ત્યારે હાથ ઊંચા કરી દે તે ન ચાલે. વરસાદી માહોલમાં રાસોત્સવ ચાલુ રહે તો જવાબદારી ફિક્સ થવી જોઇએ. આવો આગ્રહ ખેલૈયાઓએ પણ રાખવો જોઇએ.

ભુતકાળ પર નજર કરો. દુર્ઘટના બને ત્યારે બધાં જવાબદારીમાંથી છટકવા લાગે છે. તામીલનાડુનો વર્તમાન કિસ્સો તો નજર સામે જ છે. અભિનેતા વિજય અને સરકાર એકબીજા પર દોષારોપણ કરે છે. ભાગદોડમાં ૪૦ લોકોના જીવ ગયા તેના માટે જવાબદારી લેવા કોઇ તૈયાર નથી.

રાજકોટમાં ગેમઝોનનો અગ્નિકાંડ પણ ચિંતન કરવા જેવો છે. ગેમઝોનનો લાભ લેવા નેતાઓ-અધિકારીઓ દોડતા હતા. ફોટા પડાવતા હતા, પરંતુ અગ્નિકાંડ થયો તો નેતાઓ અને અધિકારીઓ અલોપ થઇ ગયા. જે ઝડપાયા તેના જામીન પર મંજૂર થવા લાગ્યા.

અર્વાચીન-પ્રાચીન રાસોત્સવમાં પણ દરેક ક્ષેત્રના મોટામાથાં આયોજકોના પીઠબળ બનીને ઊભા હોય છે. દુર્ઘટના બને તો આ બધાં માખીની જેમ ઉડી જાય અને થોડા દિવસ મામલો ગરમ રહે બાદમાં ભીનું સંકેલાઇ જાય. ખેલૈયાઓએ સાવધાન રહેવું જરૂરી છે.

મહાશક્તિને પ્રાર્થના કરીએ કે, દુર્ઘટના ના બને અને રંગેચંગે ઉજવણી ચાલુ રહે. જો કે, મેઘરાજા માને તો થાય. તેની બ્રેક માનવજાત પાસે નથી.




પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા




# I LOVE MUHAMMAD પોસ્ટરથી વિરોધ

## મહારાષ્ટ્રની સાથે સાથ બરેલીમાં પણ લાઠીચાર્જ : ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડે ઝંપલાવ્યું

નવીદિલ્હી, તા. ૨૯

ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડના પ્રમુખ મૌલાના ખાલિદ સૈફુલ્લાહ રહેમાનીએ ''આઈ લવ મોહમ્મદ'' ઘટનાને લગતા બરેલીમાં થયેલા લાઠીચાર્જનો સખત વિરોધ કર્યો. તેમણે કહ્યું કે કોઈના પ્રત્યે પ્રેમ વ્યક્ત કરવો એ મૂળભૂત અધિકાર છે. ''આપણા હિન્દુ ભાઈઓએ હંમેશા 'જય શ્રી રામ' અને 'જય ભવાની' ના નારા લગાવ્યા છે; અમે ક્યારેય તેનો વિરોધ કર્યો નથી. પયગંબર મુહમ્મદ પ્રત્યે પ્રેમ વ્યક્ત કરવો એ દેશના કાયદાનું ઉલ્લંઘન નથી કે અન્ય કોઈ ધર્મનું અપમાન નથી.'' સૈફુલ્લાહ લખનૌની બે દિવસીય મુલાકાતે હતા. એક પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું કે સરકારનું પગલું સંપૂર્ણપણે અન્યાયી અને બંધારણની માંગણીઓ વિરુદ્ધ છે. જો સરકારને લાગે છે કે કેટલાક લોકો કાયદાનું ઉલ્લંઘન કરી રહ્યા છે, તો તેમણે મુસ્લિમ નેતાઓ સાથે વાતચીત કરવી જોઈએ.

તેમણે શાંતિની અપીલ કરી અને કહ્યું કે આવા વિવાદોનો ઉકેલ પરસ્પર વાતચીત દ્વારા લાવવો જોઈએ. વકફ (સુધારા) અધિનિયમ, ૨૦૨૫ પર સુપ્રીમ કોર્ટના વચગાળાના આદેશમાં કહેવામાં આવ્યું હતું કે જ્યારે કોઈ કાયદો ઘડવામાં આવે છે, ત્યારે તેના હિસ્સેદારો, એટલે કે, અસરગ્રસ્ત પક્ષોના મંતવ્યો ધ્યાનમાં લેવા ફરજિયાત છે. સરકારે મુસ્લિમોના મંતવ્યો જાણવા માટે કોઈ વાજબી પ્રયાસ કર્યો ન હતો. મહારાષ્ટ્રના અહિલ્યાનગરમાં નવરાત્રિ રંગોળીને લઈને ભારે હોબાળો મચી ગયો. રવિવારે રાત્રે શહેરના મિલીવાડા વિસ્તારમાં એક અજાણ્યા વ્યક્તિએ રંગોળી બનાવી અને તેના પર ''આઈ લવ મુહમ્મદ'' લખ્યું. આજે સવારે સોશિયલ મીડિયા પર આ વીડિયો વાયરલ થતાં જ મુસ્લિમ યુવાનો રસ્તા પર ઉતરી આવ્યા અને વિરોધ હિંસક બન્યો. પરિસ્થિતિને કાબુમાં લેવા માટે પોલીસે હળવો લાઠીચાર્જ કરવો પડ્યો.

આ ઘટના સવારે ૭ વાગ્યાની આસપાસ શરૂ થઈ જ્યારે કેટલાક લોકોએ રંગોળી પર ''આઈ લવ મુહમ્મદ'' લખેલા શબ્દો જોયા. આ પછી, મુસ્લિમ સમુદાયના સભ્યો પોલીસ સ્ટેશન ગયા અને ફરિયાદ નોંધાવી. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી, રંગોળી બનાવનાર વ્યક્તિ સામે એફઆઈઆર નોંધી અને તેની ધરપકડ કરી. જોકે, વિરોધીઓ સંતુષ્ટ ન થયા અને તોફખાના પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના કોટલામાં વિરોધ શરૂ કર્યો. લગભગ અડધા કલાક પછી, જ્યારે પોલીસે વિરોધીઓને શાંત કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે ભીડે પથ્થરમારો શરૂ કર્યો. જવાબમાં, પોલીસે હળવો લાઠીચાર્જ કર્યો. ભીડ વિખેરાઈ ગઈ, અને હવે વિસ્તાર શાંત છે.

૯ સપ્ટેમ્બરના રોજ ઉત્તર પ્રદેશમાં આ વિવાદ શરૂ થયો, જ્યારે કાનપુર પોલીસે બારફાથા શોભાયાત્રા દરમિયાન જાહેરમાં ''આઈ લવ મોહમ્મદ'' લખેલા પોસ્ટરો પ્રદર્શિત કરવા બદલ નવ નામાંકિત અને પંદર અજાણ્યા વ્યક્તિઓ સામે એફઆઈઆર દાખલ કરી. હિન્દુ સંગઠનોએ મુસ્લિમ સંગઠનોના આ પગલાનો વિરોધ કર્યો, તેને ''નવો ટ્રેન્ડ'' ગણાવ્યો અને આરોપ લગાવ્યો કે તે ઈરાદાપૂર્વક ઉશ્કેરણીજનક છે. ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન (AIMIM) ના વડા અસદુદ્દીન ઓવૈસીએ પણ એક સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું કે ''આઈ લવ મોહમ્મદ'' કહેવું ગુનો નથી. આનાથી વિવાદ વધુ વધ્યો.

# લેહ હિંસાની ન્યાયિક તપાસ થવી જોઈએ

## લદ્દાખના સાંસદ મોહમ્મદ હનીફ અમિત શાહને મળી શકે છે

નવીદિલ્હી, તા. ૨૯

લદ્દાખના લેહમાં રાજ્યનો દરજ્જો અને છઠ્ઠી અનુસૂચિ સુરક્ષાની માંગણી સાથે થયેલા હિંસક વિરોધ પ્રદર્શનો બાદ, પર્યાવરણ કાર્યકર્તા સોનમ વાંગચુકની ધરપકડ કરવામાં આવી હતી અને તેમના પર કડક રાષ્ટ્રીય સુરક્ષા કાયદા (NSA) હેઠળ આરોપ મૂકવામાં આવ્યો હતો. દરમિયાન, લોકસભા સાંસદ મોહમ્મદ હનીફે લદ્દાખમાં બનેલી ઘટનાઓ પર પોતાની પહેલી પ્રતિક્રિયા આપી છે. એક વિશિષ્ટ મુલાકાતમાં, તેમણે જણાવ્યું હતું કે જે બન્યું તે દુર્ભાગ્યપૂર્ણ હતું. તેમણે કહ્યું હતું કે લદ્દાખમાં હાલમાં વાતાવરણ શાંતિપૂર્ણ છે, પરંતુ ચોક્કસપણે તણાવ વધારે છે. હનીફ કેન્દ્રીય ગૃહમંત્રી સાથે મુલાકાત કરી શકે છે. તેમણે જણાવ્યું હતું કે તેઓ ૬ તારીખે યોજાનારી આગામી બેઠક પહેલા તેમની સાથે મુલાકાત કરવાની અને ત્યાંની પરિસ્થિતિ વિશે તેમને માહિતી આપવાની યોજના ધરાવે છે. હનીફે સમગ્ર મામલાની ન્યાયિક તપાસની માંગ કરી છે. તેમણે કોઈપણ બાહ્ય કાવતરા સહિત ગુનેગારોને ખુલ્લા પાડવા વિનંતી કરી.



બુધવાર, ૨૪ સપ્ટેમ્બરના રોજ, લદ્દાખમાં થયેલા વિરોધ પ્રદર્શનોમાં ચાર લોકોના મોત થયા હતા અને પોલીસ અધિકારીઓ સહિત ૮૦ થી વધુ લોકો ઘાયલ થયા હતા. લેહમાં કર્ફ્યુ લાદવામાં આવ્યો હતો, વાહનોને આગ ચાંપી દેવામાં આવી હતી, અને સુરક્ષા દળોએ ભીડને કાબૂમાં લેવા માટે ટીયર ગેસ અને જીવંત દારૂગોળોનો ઉપયોગ કર્યો હતો. રાજ્યનો દરજ્જો અને બંધારણીય રક્ષણની માંગણી સાથે ભૂખ હડતાળ પર રહેલા વાતાવરણ કાર્યકર્તા સોનમ વાંગચુકે બે સાથી ભૂખ હડતાળ કરનારાઓને બેભાન થઈ ગયા બાદ તણાવ વધતાં પોતાના ઉપવાસ પાટા પર ઉતાર્યા હતા. મંગળવારે સાંજે, ભૂખ હડતાળ કરનારા ત્સેરિંગ અંગચુક (૭૨) અને તાશી ડોલ્મા (૬૦) ને લેહમાં ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેઓ છઠ્ઠી અનુસૂચિ હેઠળ રાજ્યનો દરજ્જો અને રક્ષણની માંગણી સાથે ૩૫ દિવસના ઉપવાસનો ભાગ હતા. તેમની બગડતી સ્થિતિને પગલે, લદ્દાખના યુવાનો એકતામાં રસ્તા પર ઉતરી આવ્યા હતા. બુધવારે સવાર સુધીમાં, બંધનું એલાન આપવામાં આવ્યું હતું, અને લેહના શહીદ મેદાનમાં ભીડ એકઠી થઈ હતી, જે ગુસ્સાથી ફાટી નીકળી હતી. વાતાવરણ કાર્યકર્તા સોનમ વાંગચુકે સ્વીકાર્યું હતું કે તેમની હોસ્પિટલમાં દાખલ થવાને કારણે તેમના શાંતિપૂર્ણ અભિયાનને પાટા પરથી ઉતારી દેવામાં આવેલી હિંસાનો મુદ્દો બન્યો હતો.

રાજ્યનો દરજ્જો અને છઠ્ઠી અનુસૂચિની માંગણી સાથે લદ્દાખમાં થયેલા હિંસક વિરોધ પ્રદર્શનો બાદ, પર્યાવરણ કાર્યકર્તા સોનમ વાંગચુકની ધરપકડ કરવામાં આવી હતી અને રાષ્ટ્રીય સુરક્ષા અધિનિયમ (NSA) હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. સંસદ સભ્ય મોહમ્મદ હનીફે આ ઘટનાને દુર્ભાગ્યપૂર્ણ ગણાવી, ચાલુ તણાવને સ્વીકાર્યો અને ન્યાયિક તપાસની માંગ કરી.

# ભારતીય ટીમે ટ્રોફી ન સ્વીકારતા રાજકીય વિરોધ

## શિવસેનાએ હાઈ વોલ્ટેજ ડ્રામા ગણાવ્યો : સંજય રાઉતે કહ્યું, જો દેશભક્તિ ખરેખર લોહીમાં દોડતી હોત, તો પાકિસ્તાન સાથે મેદાનમાં પણ ઉતર્યા ન હોત

નવીદિલ્હી, તા. ૨૯

એશિયા કપમાં ભારતની જીત મેચ પછીના હાઇ-વોલ્ટેજ ડ્રામા કરતાં વધુ ચર્ચામાં છે. મેચ જીત્યા પછી, ભારતીય ટીમે પાકિસ્તાની મંત્રી અને ACC પ્રમુખ મોહસીન નકવી પાસેથી ટ્રોફી સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો. BCCIએ ટીમના પગલાનો બચાવ કરતા કહ્યું કે ભારતીય ટીમ એવા વ્યક્તિ પાસેથી ટ્રોફી સ્વીકારી શકતી નથી જેણે ભારત સામે યુદ્ધને પ્રોત્સાહન આપ્યું છે. દરમિયાન, ટીમ ઇન્ડિયાના આ પગલાની ટીકા થઈ રહી છે અને તેને માત્ર નાટક તરીકે દર્શાવવામાં આવી રહી છે. શિવસેનાના નેતા અને રાજ્યસભાના સાંસદ સંજય રાઉતે એશિયા કપની શરૂઆતનો એક વીડિયો શેર કરતા કહ્યું, ''માત્ર ૧૫ દિવસ પહેલા, શ્રેણીની શરૂઆતમાં, તેઓ પાકિસ્તાની મંત્રી મોહસીન નકવી સાથે હાથ મિલાવી રહ્યા હતા અને હસતાં હસતાં ફોટા માટે પોઝ આપી રહ્યા હતા. અને હવે? કેમેરા સામે એક સંપૂર્ણ રાષ્ટ્રવાદી નાટક!



સંજયે આગળ કહ્યું કે જો દેશભક્તિ ખરેખર તમારા લોહીમાં દોડતી હોત, તો તમે પાકિસ્તાન સાથે મેદાનમાં પણ ઉતર્યા ન હોત. તેમણે ઉમેર્યું કે તે શરૂઆતથી અંત સુધી શુદ્ધ નાટક હતું, અને ભારતના લોકો સાથે રમાઈ રહ્યા છે. દરમિયાન, આમ આદમી પાર્ટીના દિલ્હી પ્રમુખ સૌરભ ભારદ્વાજે આ જ વીડિયો શેર કરતા કહ્યું, ''જુઓ, શ્રેણીની શરૂઆતમાં, માત્ર ૧૫ દિવસ પહેલા, તેમણે પાકિસ્તાની મંત્રી મોહસીન નકવી સાથે હાથ મિલાવ્યા હતા અને તેમની સાથે એક ફોટો પણ પડાવ્યો હતો. પરંતુ જ્યારે ભારતમાં મેચનો વિરોધ કરવામાં આવ્યો, ત્યારે ખેલાડીઓને દેશમાં પ્રચાર ફેલાવવા માટે એક નવી સ્ક્રિપ્ટ આપવામાં આવી હતી.'' અમિત માલવિયાએ સૌરભ ભારદ્વાજનો એક વીડિયો શેર કરતા લખ્યું, ''અરવિંદ કેજરીવાલના જોકર, એક નકામા અઅઙ ધારાસભ્ય, ભારતીય કેપ્ટનને પહેલગામ આતંકવાદી હુમલાના પીડિતોને મદદ કરવા માટે તેની મેચ ફી સશસ્ત્ર દળોને દાન કરવા પડકાર ફેંકવાની હિંમત કરી. અમારા કેપ્ટને શાનદાર જવાબ આપ્યો.'' જવાબમાં, તેમણે સૂર્યકુમાર યાદવનો એક વીડિયો પોસ્ટ કર્યો જેમાં તેમણે ભારતીય સશસ્ત્ર દળોને તેમના પગારનો ૧૦૦% દાન કરવાનો ઇરાદો જાહેર કર્યો. ભલે ભારતે એશિયા કપ જીત્યો હોય, ફાઇનલમાં બનેલી ઘટનાઓએ દેશમાં એક નવી ચર્ચા જગાવી છે. એશિયા કપમાં ભારતની જીત બાદ ટ્રોફી વિવાદ ગરમાયો છે. પાકિસ્તાની મંત્રી મોહસીન નકવી પાસેથી ટ્રોફી ન લેવાના ભારતીય ટીમના નિર્ણયથી દેશમાં એક નવી ચર્ચા શરૂ થઈ ગઈ છે. સંજય રાઉત અને સૌરભ ભારદ્વાજે તેને 'રાષ્ટ્રવાદી નાટક' ગણાવ્યું.

અમિત માલવિયાએ સૌરભ ભારદ્વાજનો એક વીડિયો શેર કર્યો અને લખ્યું, ''અરવિંદ કેજરીવાલના જોકર, એક નકામા AAP ધારાસભ્ય, ટીમ ઈન્ડિયાના કેપ્ટનને પહેલગામ આતંકવાદી હુમલાના પીડિતોને મદદ કરવા માટે તેમની મેચ ફી સશસ્ત્ર દળોને દાન કરવા પડકાર ફેંકવાની હિંમત કરી. અમારા કેપ્ટને સ્ટાઇલિશ જવાબ આપ્યો. જવાબમાં, તેમણે સૂર્યકુમાર યાદવનો એક વીડિયો પોસ્ટ કર્યો જેમાં તેમણે તેમના પગારનો ૧૦૦% ભારતીય સશસ્ત્ર દળોને દાન કરવાનો ઇરાદો જાહેર કર્યો. ભલે ભારતે એશિયા કપ જીત્યો હોય, ફાઇનલની ઘટનાઓએ દેશમાં એક નવી ચર્ચા જગાવી છે.

શબ્દ બ્રહ્મ

## સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ચિંતનની ક્ષણે

## શક્તિના સ્વરૂપોની આરાધના કરી સ્વયંમાં એ જ શક્તિના નિરાકાર સ્વરૂપની અનૂભૂતિ કરવી



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આ વખતે આપણે મા ભગવતી જગદંબા ને આરાધવા કોઈ સ્તુતિ લીધી નથી, પણ શક્તિ તો અંતે એક બળ છે, અને જે સતત આપણી અંદર રહીને આપણને દોરી રહી છે, તો આપણે એ શક્તિ સ્વરૂપને આત્મસાત કરીએ. આ ગુપ્ત નવરાત્રિમાં શક્તિનાં વિધવિધ સ્વરૂપો ની પૂજા અર્ચના થતી હશે, પણ શક્તિ ને ઈશ્વર તરીકે જોઈએ તો એ પણ નિરાકાર હોવી જોઈએ. શક્તિ એટલે કે એક એવી સકારાત્મક ઊર્જા કે જે રામ કામ કરવા માટે જીવને પ્રોત્સાહિત કરે, ત્યારે તે શક્તિનો અનુભવ એ જ તેનું નિરાકાર સ્વરૂપ છે. આવા સાકાર અને નિરાકાર બંને સ્વરૂપ ને લોકમાનસ એ સ્વીકાર્યા છે, તેમજ વેદમાં પણ તેની જ મહત્તા ગવાય છે, તો આજે જીવ વેદની સ્તુતિ કરીને ભીતરે વસતા રાવણત્વ નો વધ કરવા અથવા તો નકારાત્મક શક્તિ ને દૂર કરવા માટે સદગુરુ બોધ આપી રહ્યા છે. ટૂંકમાં ગુરુતા ગ્રંથી અને લઘુતાગ્રંથિ બંને શક્તિ તો છે પણ સકારાત્મક અને નકારાત્મક ભાવ ધરાવતા મહા મનોરોગ છે એ સમજીશું.

જય સગુન નિર્ગુન રૂપ,
રૂપ અનૂપ ભૂપ શિરોમને.
દસકંધાદિ પ્રંચડ નિસિચર,
પ્રબલ ખલ ભુજબલ હને.
અવતાર પર સંસાર ભાર,
બિભંજિ દારુન દુ:ખ દહે,
જય પ્રનતપાલ દયાલ પ્રભુ,
સંજુક્ત શક્તિ નમા મહે.

આમ જીવ, શિવ ને શક્તિ એ દેખીતી રીતે દ્વૈત, પણ અદ્વૈત ભાવ ને સદા નમીને શરણાગત બની સદગુરૂના ચરણોમાં બેસીને આ અદભૂત અનુભૂતિ નેં કાયમ કરવા મથી રહ્યો છે.

જીવનની ગતિવિધિઓથી મૂંઝાયેલો સંસારી શિષ્ય, આ વ્યવહારોના ચક્રવ્યૂહને સમજવા કોશિશ કરતો રહે છે, અને સદગુરુ તેને જીવન વ્યવહાર સરળ બને, અને જીવનમાં મધુર રસ આવે, અને ફરી તેને જીવવાનું જોમ મળે, એ માટે સુક્ષ્મ દર્શન કરાવી રહ્યા છે. જીવનમાં કાયમી રીતે સંતોષ, શાંતિ, અને આનંદને, પ્રાપ્ત કરવાના છે. અસંતુલન માટે ક્યારેક આપણે, તો ક્યારેક બીજા જવાબદાર હોય છે, અને તેની માટેના જરૂરિયાતના સત્યથી શરૂ કરી અને વાણી, વિચાર, અને વર્તન, એટલે કે વ્યવહારમાં સંયમની બહુ જ જરૂર છે, તે જણાવતા સદગુરુ આગળ સુંદર ભાવિ નો નિર્દેશ કરી રહ્યા છે. આગ્રહ નીગ્રહ પૂર્વગ્રહ અને ધીરે ધીરે આ બધા જ ભાવ દ્રઢ બને, ત્યારે તેનાથી જ લઘુતા ગ્રંથી અને ગુરુતા ગ્રંથિ નો જન્મ થતો હોય છે, અને તેનું વિશ્લેષણ પણ સુંદર રીતે કરીને સમજાવી રહ્યા છે. વિચારો જ્યારે ગતિ કરે, એટલે કે વિચાર ને કારણે જ્યારે કોઈ સારું કર્મ થાય અને તેનાથી જે તે જીવને કોઈ પદવી, કે પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય, તો તે પોતાને મહાન સમજવા લાગે છે, અને ધીરે-ધીરે લોકોના આદર કે નમન ને પોતાના હક્ક કે અધિકાર, અને સામેવાળી વ્યક્તિની તે ફરજ છે, એવું દઢ કરી એક ગુરુતાગ્રંથી એટલે કે પોતે જ મહાન છે તેવું વર્તન કરે છે. કોઈપણ કારણસર સામેવાળી વ્યક્તિ સદા પોતે કંઈ જ ન કરી શક્યાની કોઈ લાગણી અનુભવે અને તેના વર્તનમાં પોતે દિન અથવા તો લઘુ છે, તેવો ભાવ આવે તો તેને લઘુતાગ્રંથી થી પીડીત જીવ કહેવાય.

જીવન વ્યવહારમાં વાણી એ વિચારની ગતિ દર્શાવે છે. એટલે સીધી સાદી રીતે, કહીએ તો શબ્દો ને સુંદર રીતે રજુ કરવાની જેની ક્ષમતા વધે છે,એ સૌને પ્રભાવિત કરી શકે છે. જ્યારે વાણી અને વિચારનું મહત્વ સમજ્યા વગર, ગમે તેમ તેનો પ્રયોગ થાય, ત્યારે તે શબ્દમાં કોઈ રુચિકર અસર હોતી નથી. એટલે તે પ્રભાવકારી બની શકતા નથી. સામાન્ય રીતે સભા સંમેલનમાં બોલાતા ભાષણો ના લખાણો એટલે કોઈ સાક્ષર પાસે અલંકારિક રીતે તૈયાર કરાવવામાં આવે છે, અને પછી તેનો પ્રયોગ થાય તો તાળીઓના ગડગડાટ થાય છે. પણ તે પોતાની અનુભૂતિ નથી કે, પોતાના શબ્દોની તાકાત નથી, કારણકે આચરણના નામે શૂન્ય હોવાથી તે અસર ક્ષણીક રહે છે.

ગુરુતા ગ્રંથિ હોય કે લઘુતાગ્રંથિ આખરે બંને મહા મનોરોગ છે. સામેની વ્યક્તિને તો તે પીડે છે, પણ પોતે વધુ તેનાથી પીડાય છે.ગુરુતા ગ્રંથિ હોય, તો અહમનો ભાવ તેને શાંત બેસવા દેતો નથી. વાહ વાહી નું તેનું વ્યસન થઇ જાય છે, અને આ જો ન થાય તો તે જાણે કે ઉત્પાત મચાવી તે પોતાના આગ્રહો, ઘર પરિવાર અને સમાજ પર થોપે છે. લઘુતા ગ્રંથી વાળો જીવ એ સતત આ દિન ભાવમાં રહેવાથી, નિરાશાનો શિકાર બને છે, અને જીવનમાં પોતે કંઈ જ હાંસલ નહીં કરી શકે તેવી, એક નિમ્ન ભાવના તેને પોતાને પણ હેરાન કરી, અને સમાજમાં તે છીનવી લેવાનું, તેમજ હિંસક વૃત્તિ કરવા પ્રેરે છે અને આવા કેટલાય ઉદાહરણ આપણે જોયા પણ છે. નિરાશા એટલે કે ડિપ્રેશન એ આજના યુગનો સૌથી ભયંકર રોગ છે. છાશવારે યુવાનો અહીં આત્મહત્યા કરતાં જોવા મળે છે. તે શું ચીંધે છે? આખરે એવી કઈ લઘુતાગ્રંથિનો તે શિકાર થઈ રહ્યા છે, તે ખરેખર એક વિશ્લેષણનો પ્રશ્ન છે. તો ક્યારેક વધુ પડતી મહત્ત્વાકાંક્ષા રાખવી એ પણ આની માટે જવાબદાર હોય, અથવા તો પરિવારનું કોઈ એવું સદસ્ય કે જે અત્યંત ગુરુતાગ્રંથી પીડાતું હોય, અને તેના પ્રભાવ તળે જ બીજાને જીવવાનું હોય, એવી મનોદશા પણ આખરે પતન તરફ દોરનારી છે.

સદગુરુ તો જ્ઞાન નિધિ છે, અને આવા કંઈક જીવન વ્યવહારના, નાના એવા શબ્દોના અર્થ તરફ દોરી, અને આપણને આપણાં જીવન સરળ અને મધુર બનાવવા સતત મથી રહ્યા છે. ત્યારે આપણે તેનાથી જીવન બોધ તરીકે તેને અપનાવી અને જીવનને સરળ અને મધુર બનાવવુ રહ્યું. આ ઉપરાંત તેણે બતાવેલા ચાર મુખ્ય સ્તંભ પર જે ઈમારત ઉભી કરવાની છે, તેના આયામમાં સતત ફરતા રહી, આપણી આ યાત્રાને કલ્યાણ તરફ દોરવાની છે. ક્ષણે ક્ષણની જાગૃતિનો ઉદઘોષ કરતાં નરસૈયા ને ગાઇએ એટલે આ યાત્રામાં તેની જેમ જ પરિણામ મળે.

આજે ભારતીય સમાજ દિશાહીન જીવી રહ્યો છે, તે આપણી સંસ્કૃતિનાં પતનનું મુખ્ય કારણ છે.સમાજનો મોટો વર્ગ આજે કંઈ ન હોવા છતાં પોતે કંઈક વિશેષ છે, એ ગુરુતાગ્રંથી પીડાઈ રહ્યો છે, અને તેને કારણે બાકીના જીવ વધુને વધુ લઘુતાગ્રંથી થી પીડાય રહ્યા છે. તે આજના આ સમાજની અશાંતિ નુ મુખ્ય કારણ છે, અને તેનાથી પરિવારો, સમાજ, અને દેશ પ્રભાવિત થઈ અને અસંતુલિત બની રહ્યા છે. જીવનમાં આ બંને ગ્રંથીનું વિશ્લેષણ કરી, અને જીવન મુલ્યોને ફરી પ્રસ્થાપિત કરીએ, આપણી સનાતન સંસ્કૃતિ માત્ર કુંભમાં સ્નાન કરવાથી ઉપર નહીં આવે,પણ એની માટે મૂળ સનાતન સંસ્કારો મુજબ જીવવું પડશે! આદર, માન, સન્માન, પ્રેમ, એ બધાનો યથા યોગ્ય ઉપયોગ કરી આપણે આપણા મુલ્યો નું જતન કરી શકીએ, તેવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન-મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

# ૯.૨૫ લાખના ચેક રીટર્નમાં સંજય હરસોરાને બે વર્ષની સજા

## કોર્ટે બે માસમાં ફરિયાદીને નાણાં ચૂકવવા કર્યો આદેશ જો નહીં ચૂકવાય તો વધુ એક માસની સજા લંબાવાશે : ધારાશાસ્ત્રી સુરેશ ફળદુની ધારદાર દલીલો કોર્ટે રાખી ગ્રાહ્ય

રાજકોટ, તા. ૨૯

ચેક રીટર્ન કેસમાં સજાની બે વર્ષની જોગવાઈ અન્વયે પુરેપુરી સજા કરવાના બનતા ભાગ્યે કિસ્સાઓ પૈકી રાજકોટની અદાલતમાં રૂા.૯,૨૫,૦૦૦ ના ચેક રીટર્ન કેસમાં રાધેક્રિષ્ના એન્ટરપ્રાઈજ વાળા સંજય રમેશભાઈ હરસોરાને બે વર્ષની પુરી સજા અને ચેકની રૂા.૯,૨૫,૦૦૦/- રકમ બે માસમાં ફરીયાદી જગદીશ ટીંબડીયાને ચુકતે કરી દેવા અને રકમ ચુકતે કરવામાં કસુર કરે તો વધુ એક માસની સજા ફરમાવતો સીમાચીન્હરૂપ ચુકાદો રાજકોટના એડી. ચીફ જયુડી. મેજી દ્વારા ફરમાવતા ચેક રીટર્નના આવા સીમાચીન્હરૂપ ચુકાદાથી ચેક રીટર્ન કેસોના આરોપીઓમાં ચર્ચાનો વિષય બની ગયેલ છે.

કેસની હકીકત જોઈએ તો રાજકોટમાં નવા થોરાળા વીસ્તારમાં જે એમ. ટ્રેડીંગ તથા બાલાજી સ્ટીલના નામે ધંધો કરતા ફરીયાદી જગદીશ કિશોરભાઈ ટીંબડીયા પાસેથી ભોજાભગત ચોકમાં રાધેક્રિષ્ના એન્ટરપ્રાઈઝના નામે હાર્ડવેરના મેન્યુફેકચરીંગનો ધંધો કરતા અને કોઠારીયા રોડ ઉપર મહેશ્વરી સોસાયટીમાં રહેતા આરોપી સંજય રમેશભાઈ હરસોરાએ મિત્રતાના દાવે ફરીયાદી પાસેથી લીધેલ રકમ રૂા.૯,૨૫,૦૦૦ પરત કરવા આરોપીએ ફરીયાદીની તરફેણમાં ચેક પણ ઈસ્યુ કરી આપી એવા વચન, વિશ્વાસ અને ખાત્રી આપેલ કે ફરીયાદી ચેક નીયત તારીખે બેંકમાં રજુ કરવાથી ચેક પાસ થઈ જશે પરત ફરશે નહી તેવા આરોપીના શબ્દો પર ભરોષો રાખી ફરીયાદીએ જમા કરાવેલ ચેક અપુરતા નાણાના કારણોસર રીટર્ન થતા, જાણ કરતા, નોટીસ આપવા છતા રકમ પરત નહી કરતા અદાલતમાં કેસ દાખલ કરવામાં આવેલ.

ઉપરોકત કેસ ચાલી જતા આરોપી તરફે એવી દલીલો કરવામાં આવેલ કે આરોપીએ ફરીયાદીના



પુરાવાનું સચોટ ખંડન કરેલ હોય નિર્દોશ ઠરાવી છોડી મુકવા કરેલ રજુઆત સામે ફરીયાદીના એડવોકેટ સુરેશ ફળદુ ધ્વારા એવી રજુઆતો કરવામાં આવેલ કે ફરીયાદીના કાયદેસરના લેણા પેટે ચેક ઈશ્યુ કરી આપેલ છે, ચેકની કે તે માહેના સહીની તકરાર નથી, ફરીયાદી ધ્વારા આપવામાં આવેલ પુરાવો તથા રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાથી વિરૂધ્ધનો પુરાવો લાવવામાં વિકલ્પે ફરીયાદીના પુરાવાનું કોગઝન્ટ એવીડન્સથી ખંડન થઈ શકે તેટલો ચુસ્ત, વિશ્વાસપાત્ર, ભરોષાપાત્ર, માનવાપાત્ર તથા પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી જેટલો પુરાવો રેડર્ક પર લાવવામાં આરોપી પક્ષ નિષ્ફળ નીવડેલ છે તેમજ ફરીયાદપક્ષના પુરાવાનું ખંડન કરી શકેલ નથી, ફરીયાદપક્ષે જયારે પોતાનો કેસ શંકાથી પર પુરવાર કરેલ હોય, ચેક આપ્યાનો કે ચેકમાં સહીનો ઈન્કાર ન હોય ત્યારે ફરીયાદી ચેકના યથાનુક્રમે ધારણકર્તા છે તેમ માની ધારણકર્તાની તરફેણમાં અનુમાન કરવું જોઈએ વિગેરે મુદ્દાઓ સબંધે લંબાણ પુર્વકની દલીલો કરવામાં આવેલ.

રેકર્ડ પરના રજુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓને સમગ્રપણે ધ્યાને લેતા ફરીયાદપક્ષની હકીકતોને સોગંદ પરના પુરાવાથી દસ્તાવેજી પુરાવાને સંપુર્ણપણે સમર્થન મળે છે, આરોપીએ ફરીયાદીનું કાયદેસરનુ લેશુ પરત કરવા ચૈક ઈશ્યુ કરી આપેલની હકીકતને સમર્થન મળે છે ફરિયાદ પક્ષે રજુ કરેલ દસ્તાવેજો સબંધે ઉઠાવેલ તકરાર પુરવાર કરી શકેલ નથી ફરીયાદવાળો ચેક આરોપીએ કાયદેસરના દેવાની ચુકવણી પેટે આપેલ હતો તેવી હકીકત રેકર્ડ ઉપરના પુરાવાથી પુરવાર થયેલ છે તેમજ ચેક રીટર્ન થયા બાદ નોટીસ આપ્યા બાદ કે કેસ દાખલ થયા બાદ પણ વિવાદી ચેકોની રકમ ફરીયાદીને ચુકવેલ હોવાનું પુરવાર થતુ નથી ફરીયાદીએ એન.આઈ. એકટના તમામ આવશ્યક તત્વો પુરવાર કરેલ છે, તેમજ ચેક આપેલ નહી હોવાનું કે ચેકમાં પોતાની સહી નહી હોવાનો આરોપીનો બચાવ નથી, ફરીયાદપક્ષના પુરાવાનું ખંડન કરતો ખંડનાત્મક પુરાવો આરોપી રેકર્ડ પર લાવવામાં સફળ થયેલ નથી ત્યારે ફરીયાદીનો કેસ પુરવાર માની આરોપી સંજય રમેશભાઈ હરસોરા ને બે વર્ષની સજા ઉપરાંત રૂા.૯,૨૫,૦૦૦/- બે માસમાં ચુકવવાનો અને તેમાં કસુર કર્યે વધુ એક માસની એ રીતે સજા ફરમાવતો સમાચીન્હરૂપ ચુકાદો ફરમાવવામાં આવેલ.

ઉપરોકત કામના ફરીયાદી જગદીશ ટીંબડીયા વતી રાજકોટના જાણીતા એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, ચેતન ચોવટીયા, જસ્મીન દુધાગરા, જય પીઠવા, યુવરાજ વેકરીયા, ભાવીન ખુંટ, સાહીલ કંટારીયા તથા મદદમાં નીરવ દોગા, આર્યન કોરાટ, જયમલ મકવાણા, રાહીલ ફળદુ હતા.

# રાજ્યસભા સાંસદ મોકરીયાની ગ્રાન્ટમાંથી ફાડદંગ ગામે સ્માર્ટ આંગણવાડીનું ખાતમુહૂર્ત

## મિયાવાકી વન ના નિર્માણ માટે દીર્ઘદ્રષ્ટિ યુક્ત નિર્ણય : ૧૫ લાખની આપી ગ્રાન્ટ

રાજકોટ, તા. ૨૯

આંગણવાડીએ માત્ર બાળ સંભાળનું કેન્દ્ર નહીં પરંતુ બાળકોના સર્વાંગી વિકાસની પ્રથમ શાળા છે. ત્યારે રાજ્યના દરેક બાળકને ગુણવત્તાયુક્ત શિક્ષણ તથા અદ્યતન સુવિધાઓવાળું અનુકૂળ વાતાવરણ મળી રહે એ ધ્યેય સાથે ફાડદંગ ગામમાં સ્માર્ટ આંગણવાડી નિર્માણ માટે રાજ્યસભા સાંસદ રામભાઈ મોકરિયાની સાંસદ નિધિમાંથી ૧૨ લાખ રૂપિયાની ગ્રાન્ટ માંથી આંગણવાડી ભવનના નવા બિલ્ડિંગનું ખાતમુર્હુત કરાયું હતું.

આ પ્રસંગે રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન સંજયભાઈ રંગાણી,જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ ભુપતભાઈ બોદર,તાલુકા ભાજપ પ્રમુખ કેયુરભાઈ ઢોલરીયા, ફડદંગના સરપંચ કાજલબેન ગીરીશભાઈ કથીરિયા, અજયસિંહ વાઘેલા તેમજ આંગણવાડીની બહેનો,તેમજ તલાટી મંત્રી નર્મતાબેન ઉપસ્થિત રહ્યા હતાં. આંગણવાડી ભવન ના નિર્માણ માટેની આ ગ્રાન્ટથી ફાડદંગ ગામના નાનકડા બાળકોને અદ્યતન શિક્ષણ



સુવિધાઓ સાથે સારું શૈક્ષણિક વાતાવરણ ઉપલબ્ધ થશે. રામભાઈ મોકરિયાની આ પહેલ માત્ર બાળકોના ભવિષ્ય માટે જ નહીં પરંતુ સમગ્ર ગામના વિકાસ માટે એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે.ફાડદંગ ગામના બાળકોને અદ્યતન સુવિધાઓ સાથેનું શિક્ષણ-મિત્ર વાતાવરણ પ્રાપ્ત થશે. આ પહેલથી ગામના બાળવિકાસ સાથે સાથે સમગ્ર સમાજમાં શિક્ષણ પ્રત્યેનો અભિગમ વધુ મજબૂત બનશે.ફાડદંગ ગામના લોકોએ આ હિતકારી ગ્રાન્ટ ફાળવણી બદલ રાજ્યસભા સાંસદ રામભાઈ મોકરિયાનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ ઉપરાંત પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળી અભિયાનને વધુ ગતિ મળે તે હેતુસર અનોખી મિયાવાકી પદ્ધતિ અને તેના ફાયદા લોકો સમક્ષ રજુ કરનાર જાપાનનાં વનસ્પતિશાસ્ત્રી એવા અકીરા મિયાવકી મિયાવાકી ફોરેસ્ટ મેથડના પ્રણેતા છે. વિશ્વના અનેક દેશોમાં મિયાવાકી પદ્ધતિથી પડતર અને ખરાબાની જમીન પર જંગલો ઉગાડવામાં આવે છે. ભારતમાં પણ હવે આ મિયાવાકી પદ્ધતિથી જંગલ ઉગાડવામાં આવે છે. મિયાવાકી ફોરેસ્ટ મેથડમાં ઓછી જગ્યામાં નજીક નજીક વૈવિધ્યસભર જુદી-જુદી જાતના છોડ, પક્ષીઓ માટે માસી પોષણ યુક્ત ફળો આપે તેવા વૃક્ષ રોપવામાં આવે છે. પર્યાવરણ અને જૈવવૈવિધ્ય સંરક્ષણ ના ભાગરૂપે જુદા-જુદા વૃક્ષો એકસાથે ઉછેરવાના અનેક ફાયદા છે.

## મચ્છર ઉત્પતિ સબબ ૪૦૨ આસામીઓને નોટીસ : ૪૦૦૦ થી વધુનો વસૂલ્યો દંડ

# શહેરમાં ડેન્ગ્યુના પાંચ કેસ

રાજકોટ, તા. ૨૯

છેલ્લા બે દિવસથી રાજકોટ શહેર સહિત સમગ્ર સૌરાષ્ટ્ર કચ્છમાં હાલ વાદળછાયુ વાતાવરણ જોવા મળી રહ્યું છે અને તેના કારણે રોગચાળામાં પણ ઉછાળો જોવા મળ્યો છે મહાનગરપાલિકા ના આરોગ્ય વિભાગ દ્વારા આ મુદ્દાને ગંભીરતાથી ધ્યાને લઈ ડોર ટુ ડોર ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું જેમાં ડેન્ગ્યુનાં નવા ૫ કેસ તથા શરદી - ઉધરસ ૮૬૭ , સામાન્ય તાવનાં ૭૬૯ , ઝાડા - ઉલ્ટીનાં ૧૦૯ , ટાઈફોઈડનાં ૨ અને કમળાનાં ૩ નવા કેસ નોંધાતા મચ્છર ઉત્પતિ સબબ ૪૦૨ આસામીઓને નોટીસ ફટકારી સ્થળ પર ૪૧૦૦નો વહીવટી ચાર્જ વસુલવામા આવ્યો હતો. અત્યારે વરસાદી ઋતુને ધ્યાને લઈ હાલ ઘણા ખરા પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે ત્યારે તમામ મુદ્દાઓને ધ્યાને લઈ હાલ આરોગ્ય વિભાગ દ્વારા ઘરે-ઘરે એ વાતની પણ તપાસ કરવામાં આવે છે કે પાણીજન્ય અથવા તો મચ્છરજન્ય રોગોથી કોઈ પીડાતું તો નથી ને પરંતુ હાલ જે આંકડા સામે આવ્યા છે તે અત્યંત ચોંકાવનારા છે જેના પર દરેકે જ્ઞાન કેન્દ્રિત કરવાની ખૂબ જરૂર છે અને યોગ્ય વ્યવસ્થા તંત્ર દ્વારા ઉભી કરવામાં આવે તે પણ એટલી જ આવશ્યક છે.

મચ્છર જન્ય રોગચાળા દ્વારા ઊભા થતા જાહેર આરોગ્ય પડકારને પહોંચી વળવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તમામ સ્તરે ઘનિષ્ઠ પ્રયાસો કરી રહ્યા છે. વાહક નિયંત્રણની કામગીરી હેઠળ પોરાનાશક કામગીરી હાથ ધરવામાં આવી હતી. ૩૪૮૭૯ ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવેલ છે તથા ફિલ્ડવર્કરો દ્વારા ૯૨૫ ઘરોમાં ફોગીંગ કામગીરી કરેલ છે. મચ્છરની ઘનતા વધુ હોય તેવા વિસ્તારોમાં વહિકલ માઉન્ટેન ફોગીંગ મશીન ફોગીંગ કામગીરી કરવામાં આવે છે. તથા સંવેદનશીલ સોસાયટી, જાહેર રસ્તાઓ તથા વધુ માનવસમુદાય એકઠો થતો હોય તેવા તમામ વિસ્તારો ફોગીંગ કામગીરી હેઠળ આવરી લેવામાં આવેલ છે.મચ્છર ઉત્પતિ સબબ રહેણાંકમાં ૩૦૦ અને કોર્મશીયલ ૧૦૨ આસામીને નોટીસ આપવામાં આવેલ છે તથા ૯ આસામી પાસેથી રૂા.૪૧૦૦નો વહિવટી ચાર્જ વસુલવામાં આવેલ હતો.



# સુત્રાપાડા તાલુકામાં સરેરાશ આઠ ઈંચ વરસાદ

## રાજ્યનો કુલ વરસાદ ૧૧૫ ટકા : ૨૦૬ જળાશયોની સંગ્રહ ક્ષમતાના ૯૫ ટકાથી વધુ

રાજકોટ, તા. ૨૯

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-જીઘઈ, ગાંધીનગરના અહેવાલ મુજબ સમગ્ર રાજ્યમાં ૩૩ જિલ્લાના ૨૩૨ તાલુકાઓમાં હળવાથી ભારે વરસાદ વરસ્યો છે. જે અંતર્ગત છેલ્લાં ૪૮ કલાક દરમિયાન રાજ્યમાં સૌથી વધુ ગીર સોમનાથના સુત્રાપાડા તાલુકામાં ૮ ઈંચથી વધુ વરસાદ વરસાદ તથા વલસાડના કપરાડા અને ઉમરગાવ, ગીર સોમનાથના પાટણ-વેરાવળ અને જૂનાગઢના માંગરોળમાં ૪-૪ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.

ગઈકાલ સવારે ૬:૦૦ કલાક સુધીમાં રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૧૧૫.૧૦ ટકા જેટલો નોંધાયો છે. જેમાં કચ્છમાં સૌથી વધુ ૧૪૦.૨૩ ટકા, ઉત્તર ગુજરાતમાં ૧૨૦.૧૯ ટકા, પૂર્વ મધ્ય ગુજરાતમાં ૧૧૫.૫૭ ટકા, દક્ષિણ



ગુજરાતમાં ૧૨૧.૭૨ ટકા અને સૌથી ઓછો સૌરાષ્ટ્રમાં ૧૦૧.૯૬ ટકા સરેરાશ વરસાદ વરસ્યો છે.

SEOCના અહેવાલ મુજબ સવારે ૮:૦૦ કલાક સુધીમાં રાજ્યમાં આવેલ નર્મદા ડેમ ૯૭.૩૨ ટકા તેમજ અન્ય ૨૦૬ જળાશયો કુલ સંગ્રહ ક્ષમતાના ૯૫.૧૦ ટકા જેટલા ભરાઈ ગયા છે. આમ, સમગ્ર રાજ્યમાં વરસાદના પગલે ૧૪૬ ડેમ હાઈ એલર્ટ, ૧૭ ડેમ એલર્ટ અને ૧૪ ડેમ માટે વોર્નિંગ આપવામાં આવી છે.

રાજ્યમાં ચોમાસાની ઋતુ દરમિયાન તા. ૦૧ જૂન, ૨૦૨૫ થી આજ દિન સુધીમાં વરસાદના પગલે વહીવટી તંત્ર દ્વારા ૧૫,૯૭૧ નાગરિકોનું સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું છે, તેમજ ૧,૩૫૧ નગરિકોને રેસ્ક્યૂ કરવામાં આવ્યા છે. વધુમાં, ભારતીય હવામાન વિભાગ દ્વારા ગુજરાતનાં દરિયા કિનારાના વિસ્તારોમાં માછીમારોને તા. ૨૯ સપ્ટેમ્બરથી ૦૨ ઓક્ટોબર, ૨૦૨૫ સુધી દરિયો ન ખેડવા ચેતવણી પણ આપવામાં આવી છે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા કેન્દ્રીય વાણિજ્ય ઉદ્યોગ મંત્રી તથા નાણામંત્રીને રજૂઆત

# નિકાસકારો માટે ૨૪ કલાક સિંગલ ઈમરજન્સી હેલ્પલાઈન શરૂ કરવા માંગ

રાજકોટ, તા.૨૯

હાલ ભારતના ઉદ્યોગકારો નિકાસ ક્ષેત્રે ઘણી તકલીફો વેઠી રહ્યા છે તેમાં પણ અમેરિકા દ્વારા જે ટેરિફ લગાવવામાં આવ્યો તેનાથી ઘણા ખરા પ્રશ્નો પણ ઊભા થયા સામે કેન્દ્ર સરકારે અને રાજ્ય સરકાર મેડ ઈન ઈન્ડિયા અને મેક ઈન ઈન્ડિયા ના કન્સેપ્ટને વળગી રહેવા માટે ઉદ્યોગકારોને અને વિવિધ ઔદ્યોગિક સંસ્થાઓને જણાવી રહી છે ત્યારે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ખાસ નિકાસકારો માટે ૨૪ કલાક સિંગલ ઈમર્જન્સી હેલ્પલાઈન શરૂ કરવા માટે માંગ કરી છે જેથી કોઈ પણ પ્રકારની તકલીફ કે સમસ્યા નિકાસકારોને થાય તો તેઓ હેલ્પ લાઈન નો લાભ લઈ શક્યા અને તેમના પ્રશ્નનો નિવારણ લાવી શકે હવે જોવાનું એ રહ્યું આ અંગે સરકાર શું નિર્ણય લે છે.

હાલની વૈશ્વીક પરિસ્થિતીને ધ્યાનમાં લેતા નિકાસકારો ઘણી બધી મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. ખાસ કરીને આંતર રાષ્ટ્રિય સ્તરે પ્રવર્તતી તીવ્ર હરીફાઈ તથા ટેરીફમાં અસહ્ય વધારાને કારણે નિકાસકારોને ખુબ જ અસુવિધાઓ પડી રહી છે. આંતરરાષ્ટ્રિયક્ષેત્રે ઓર્ડર મેળવવા, ખરીદદારોનો વિશ્વાસ જાળવી રાખવા, ICEGATE માં જોવા મળતી ટેકનીકલ ભુલો, સર્વરની ખામીઓ તથા વહીવટી ગુંચવણોને કારણે સમગ્ર નિકાસ પ્રક્રિયામાં ખુબ જ વિલંબ થવા પામે છે. તેટલું જ નહી આવી સમસ્યાઓને કારણે વિશ્વક્ષેત્રે ભારતની પ્રતિષ્ઠા અને નિર્ભરતાને ઘણી અસર પહોંચે છે.

સરકાર દ્વારા હાલમાં અનેકવિધ ૨૪૬૭ ઈમરજન્સી સેવાઓ જેવી કે ઈમરજન્સી રિસ્પોન્સ સપોર્ટ સિસ્ટમ, ફાયર અને રેસ્કયુ, નેશનલ એમ્બ્યુલન્સ સર્વિસ, પોલીસ વિગેરે નાગરીકોની સલામતી તથા સવલતો માટે પુરી પાડવામાં આવે છે. તેવી જ રીતે નિકાસકારોને દરેક બાબતોમાં પડી રહેલ મુશ્કેલીઓનું તુરત નિરાકરણ લાવી શકાય તે માટે સંપુર્ણ સહાયરૂપ ૨૪૬૭ સિંગલ ઈમરજન્સી હેલ્પલાઈન શરૂ કરવામાં માટે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા કેન્દ્રીય વાણિજય અને ઉદ્યોગમંત્રીશ્રી પિયુષ ગોયેલજી તથા નાણામંત્રીશ્રીમતી નિર્મલા સિતારામનજી સમક્ષ રજુઆત કરવામાં આવેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.

# કલેક્ટર ઓમ પ્રકાશને ગાંધીનગરનું તેડું

## રેવન્યુ કામગીરી ઉપરાંત તત્કાલીન કલેક્ટર દ્વારા હાથ ધરવામાં આવેલા પ્રોજેક્ટની સ્થિતિ, રોડ રસ્તાની કામગીરી સહિતના મુદ્દે બોલાવ્યા હોવાની શક્યતા

રાજકોટ, તા. ૨૯

રાજકોટ જિલ્લા વહીવટી વિભાગ દ્વારા હાલ જે પગલાંઓ લેવામાં આવી રહ્યા છે તેને ધ્યાને લેતા અત્યારે સૌથી વધુ રેવન્યુ કેસ અંગે કામગીરી થતી હોવાનું માલુમ પડ્યું છે અને પડતર કેસોનો નિકાલ ઝડપથી કરવામાં આવે તે રીતે કામગીરી કરવામાં આવી રહી છે. પરંતુ અન્ય કામગીરી થતી ન હોવાથી પણ અરજદારો દ્વારા ફરિયાદો ઉઠી હોવાનું મનાઈ રહ્યું છે જે ઉહાપો મજતાજ ગઈ કાલે કલેક્ટરને તાકીદે ગાંધીનગર બોલાવવામાં આવ્યા હતા અને પેન્ડિંગ પ્રોજેક્ટ અને હાલની રેવન્યુ કામગીરી અંગે તેમની પાસેથી માહિતીઓ પણ લેવામાં આવી હતી.

રાજકોટના જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશ ગાંધીનગર ખાતે તાત્કાલિક દોડી ગયા હતા, જેના કારણે અનેક તર્ક-વિતર્ક સર્જાયા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, તેમને ગાંધીનગરથી બોલાવવામાં આવતા તેઓ તાત્કાલિક રવાના થયા હતા. ઉલ્લેખનીય છે કે, ગત અઠવાડિયા જ તેઓ કલેક્ટર કોન્ફરન્સમાં હાજરી



આપવા ગાંધીનગર ગયા હતા. કલેક્ટર વિરુદ્ધ અનેક ફરિયાદ કરી હોવાનું પણ સામે આવ્યું છે. કલેક્ટરે ચાર્જ સંભાળ્યા બાદ હજુ સુધી યોગ્ય કામગીરી શરૂ કરી નથી. આ ઉપરાંત, કલેક્ટર દ્વારા રેવન્યુ કેસ સિવાય અન્ય કોઈ કામગીરી શરૂ ન કરાઈ હોવાની પણ ફરિયાદો છે.પૂર્વ કલેક્ટર પ્રભાવ જોષી દ્વારા શરૂ કરાયેલા અનેક પ્રોજેક્ટ્સનું પણ કોઈ ફોલોઅપ લેવામાં આવ્યું. જિલ્લામાં રોડ-રસ્તા પરના ખાડાઓ રિપેર કરવા સહિતની અનેક બાબતો અંગે કલેક્ટર વિરુદ્ધ ફરિયાદો ઉઠી છે. આ તમામ ફરિયાદોને પગલે તેમને ગાંધીનગર બોલાવવામાં આવ્યા હોવાનું માનવામાં આવે છે.

અત્યારે રાજકોટ જિલ્લા માટે જો કોઈ સળગતો વિષય હોય તો તે બિસ્માર રોડ રસ્તાની સાથો સાથ રાજકોટ જેતપુર હાઈવે નું કામ પણ અત્યંત ચર્ચામાં છે ત્યારે આ તમામ કામગીરી ક્યારે અને કેવી રીતે પૂર્ણ કરવામાં આવશે અને હાલ શું સ્ટેટસ છે તે અંગે જિલ્લા કલેકટર ઓમ પ્રકાશ પાસેથી માહિતી મેળવવામાં આવી હોવાનું જાણકાર વર્તુળો જણાવી રહ્યા છે. હાલ તેઓએ જિલ્લા કલેકટર તરીકે ચાર્જ સંભાળતા ની સાથે જ રેવન્યુ કામગીરી જે વર્ષોથી પેન્ડિંગ હતી તેને તાકીદે પૂર્ણ કરવા માટે હાલ આદેશ કરવામાં આવ્યો હતો જે અંગે હાલ તમામ કામગીરીઓ ચાલી રહી છે પરંતુ તેની સિવાય તત્કાલીન કલેકટર પ્રભાવ જોશી દ્વારા જે પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યા હતા તેનું શું અપડેટ છે અને તે કામગીરી ક્યાં પહોંચી તેનો તાગ પણ રાજ્ય સરકાર દ્વારા મેળવવામાં આવ્યો હોવાનું જણાઈ રહ્યું છે.

### વ્હોટ્સએપમાં મેસેજ આવ્યો, વાત શરૂ કરી પછી એવી જાળ બીછાવાઈ કે ખબર ન રહી

# યાસીકાએ ફોરેક્સ ટ્રેડીંગના નામે આપ્યો દોઢ કરોડનો ડામ!

## એન્જિનીયર યુવાનને શરૂઆતમાં રોકાણ પર નફો અપાયોઃ પછી તેણે આંધળુકીયા કરી મસમોટું રોકાણ કર્યુ પણ છેલ્લે કંઇ જ મળ્યું : બીજા બનાવમાં ઓનલાઇન સસ્તામાં વસ્તુ ખરીદવા વેપારી લલચાયા અને નાણા ગુમાવ્યા

રાજકોટ તા. ૨૯

શેર બજારમાં કમાણી, ફોરેક્સ ટ્રેડીંગમાં અને બીટ કોઇનમાં રોકાણ પર મોટો નફો આપવાના નામે સતત ઠગાઇ થઇ રહી છે. આમ છતાં લોકો જાગતા નથી અને લાલચમાં લપેટાઇને લાખો કરોડો ગુમાવી દે છે. આવી જ વધુ એક ઘટના સામે આવી છે જેમાં એક એન્જિનીયર ફોરેક્સ ટ્રેડીંગમાં ઓનલાઇન કમાણી કરવા જતાં અધધધ દોઢ કરોડ જેવી રકમ ગુમાવી દીધી છે. યાસીકા નામની યુવતિએ વ્હોટસએપ પર વાત કરી આ એન્જિનીયરને આબાદ ફસાવી દોઢ કરોડ ઉસેડી લીધા હતાં. બીજા એક બનાવમાં ઓનલાઇન સસ્તી ચીજવસ્તુ ખરીદવા જતાં વેપારીએ પ્રોસેસ કર્યા બાદ એક લિંક આવી હતી. જેના પર ક્લીક કરતાં જ અડધો લાખથી વધુની રકમ ઉપડી ગઇ હતી.

પ્રથમ ફ્રોડ પર નજર કરીએ તો ઇન્વેસ્ટમેન્ટના નામે છેતરપિંડીના વારંવાર કિસ્સા બહાર આવી રહ્યા છે. પોલીસ બેન્ક એકાઉન્ટ હોલ્ડર સુધી પહોંચે છે અને ત્યારબાદ ઠગોના આગળના નેટવર્ક સુધી પહોંચવું મુશ્કેલ બની જતું હોય છે. આ જ પ્રકારના એક કિસ્સામાં એન્જિનિયરે રૂ.૧.૪૭ કરોડ ગુમાવ્યા છે. સુભાનપુરા હાઈ ટેન્શન રોડ પર મીત બંગલોઝ ખાતે રહેતા ગુજરાત રિફાઇનરીના સિનિયર આસિસ્ટન્ટ મેનેજર ભૂષણ ધોળકિયાએ પોલીસને કહ્યું છે કે, દિલ્હીથી યાસીકા અગ્રવાલના નામે વોટ્સએપ ઉપર વાત કરવામાં આવી હતી. તેણે ફોરેક્સ ટ્રેડિંગના નામે વાતો કરી એક લિંક મોકલી હતી. આ લીંક ઓપન કરતા એક વેબસાઈટ ખુલી હતી. જેમાં મેં રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. ત્યારબાદ સપોર્ટમાં જઈ ચેટ કરતાં રૂપિયા ભરવા માટે બેંક એકાઉન્ટોની માહિતી મળી હતી.

ત્યારપછી મેં રૂપિયા ભર્યા હતા. ભૂષણભાઈએ વધુમાં કહ્યું કે ત્યારબાદ ફરીથી મને ફોન આવ્યો હતો અને નુકસાનની રકમ પરત મેળવવા માટે ઇન્વેસ્ટમેન્ટની બીજી એક લિંક



મોકલી હતી. જેથી તેમાં પણ મેં રોકાણ કર્યું હતું. જુદા જુદા બેન્ક એકાઉન્ટમાં મેં કુલ રૂ.૧.૪૭ કરોડ ઇન્વેસ્ટ કર્યા હતા. જેની સામે મને માત્ર ૩૮,૮૦૦ જેટલી રકમ પરત મળી હતી. પરંતુ ત્યારબાદ એકાઉન્ટમાં નફો વધુ દેખાતું હોવા છતાં રકમ મળતી ન હોવાથી શંકા ગઈ હતી. તપાસ કરતાં મારી સાથે ઠગાઇ થયાનું જણાતાં સાયબર સેલને જાણ કરી હતી. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી હતી.

બીજી ઘટનામાં નડીયાદના મહેમદાવાદના સિંહુજના વેપારી પોતાના મોબાઇલમાં સોશિયલ મીડિયા એકાઉન્ટમાં સસ્તા ભાવની ચીજવસ્તુઓ જોવા લિંક ખોલી જોઇ હતી. આ બાદ વેપારી મોબાઇલમાં યુપીઆઇ આઈડી રજીસ્ટ્રેશનનો ટેક્સ મેસેજ અને ઓટીપી આવતા તપાસ કરી હતી. જેમાં અજાણ્યા શખ્સે વેપારી નામે યુપીઆઇ આઈડી એપ્લિકેશન ડાઉનલોડ કરી બે ટ્રાજેક્શન થકી કુલ રૂ ૫૬ હજાર સેરવી લીધા હતા.આ બનાવ અંગે મહેમદાવાદ પોલીસ આઇટી એક્ટ અન્વયે ફરિયાદ નોંધી હતી. બનાવની વિગતો અનુસાર મહેમદાવાદ તાલુકાના સિંહુજ મોટી પાટીમાં રહેતા કલ્પેશ પ્રજાપતિ જે તેતાલીસ વર્ષના છે અને પરિવાર સાથે રહી અનાજની હોલસેલ ની દુકાન ચલાવે છે. એક રાતે વેપારી મોબાઇલમાં સોશિયલ મીડિયા જોતા હતા તે સમયે એક જાહેરાતમાં સસ્તા ભાવની વસ્તુ હતી.

આ સસ્તી વસ્તુ ખરીદવા માટે નીચે એક લિંક આપી હતી જે લીંક પર ક્લિક કરી જોઈ હતી પરંતુ કોઇ વસ્તુની ખરીદી કરી ન હતી. વેપારી મોબાઇલમાં એક એપ્લીકેશનના રજીસ્ટ્રેશનના ટેક્ષ મેસેજ અને ઓટીપી આવ્યો હતો. આ પછી મિત્ર પાસે મોબાઇલમાં ગુગલ પે ચાલુ કરાવી બેંકના એકાઉન્ટમાં બેલેન્સ ચેક કરતા બેલેન્સ ન હતુ. આથી વેપારી બેંકમાં જઈ તપાસ કરતા અકાઉન્ટમાંથી બે ટ્રાન્ઝેક્શન થયા હતા. આમ અજાણ્યા શખ્સે વેપારીનુ યુ.પી. આઇ આઇ.ડી બનાવી તેમાંથી ટ્રાન્ઝેક્શન કરી કુલ છપ્પન હજાર સેરવી લીધા હતા.આ બનાવ અંગે કલ્પેશ મહેશભાઇ પ્રજાપતિએ મહેમદાવાદ પોલીસ મથકે અજાણ્યા શખ્સો સામે આઇટી એક્ટ અન્વયે ફરિયાદ દાખલ કરી તપાસ શરૂ કરવામાં આવી હતી.

### રખડતા રઝળતા કુતરા ઘણીવાર બની જાય છે જોખમી અને જીવલેણ

# કુતરાએ પાંચ વર્ષની બાળકીને ગળે બટકુ ભર્યુંઃ કરુણ મોત

## બીજી છોકરી સાથે રમતી હતી ત્યારે બનાવઃ શાપર વેરાવળથી બાળાને રાજકોટ ખસેડાઇ પણ જીવ ન બચ્યોઃ ચાર દિવસ પહેલા જ મધ્યપ્રદેશથી દાદા સાથે આવી હતીઃ મજૂર પરિવારમાં કાળો કલ્પાંત

## અઢી વર્ષની બાળા સુતા બાદ કાયમને માટે પોઢી ગઇઃ એક યુવાનનું બેભાન હાલતમાં મૃત્યુ

રાજકોટ તા. ૨૯

ગામેગામ અવાર-નવાર એવી ઘટના બનતી રહે છે જેમાં રખડતા રઝળતા કુતરા લોકોને કરડી જાય છે. ઘણીવાર તો બાળકો પર હુમલો કરી લોહીલુહાણ કરી નાંખે છે તો ક્યારેક આવા હુમલા બાળકો માટે જીવલેણ પણ બની જાય છે. આવી જ એક ઘટના સામે આવી છે જેમાં રાજકોટના શાપર વેરાવળમાં પાંચ વર્ષની એક બાળાને ગળા પર કુતરાએ બટકુ ભરી લેતાં તેણીનું મોત થઇ ગયું હતું. મુળ મધ્યપ્રદેશની આ બાળકી હજુ ચાર દિવસ પહેલા જ દાદા શાપરથી વતન ગયા હોઇ તેમની સાથે આટો મારવા અહિ આવી હતી અને કુતરાએ બટકુ ભરી તેનો ભોગ લઇ લીધો હતો.

શાપર વેરાવળમાં એક પાંચ વર્ષની બાળકી અન્ય બાળાઓ સાથે કંપની-કારખાનાના રૂમ નજીક રમી રહી હતી ત્યારે અહિ કારખાના પાસે દરરોજ આવતાં કુતરાએ તેણીને ગળા પર બટકુ ભરી લીધું હતું. આ કારણે તેણી લોહીલુહાણ થઇ ગઇ હતી. દેકારો મચી જતાં લોકો ભેગા થઇ જતાં કુતરૂ ભાગી ગયું હતું. બાળકીને લોહી નીકળતી હાલતમાં શાપરના દવાખાને લઇ જવાઇ હતી. ત્યાંથી રાજકોટ લઇજવાનું કહેવાતાં અહિ ખસેડાઇ હતી. પરંતુ જીવ બચ્યો નહોતો. રખડતા કૂતરાઓ અવાર-નવાર બાળકોની પાછળ, રાહદારીઓ કે વાહનચાલકોની પાછળ દોડતાં હોય છે. ઘણીવાર આવા કારણે વાહનચાલક બચવા માટે ઝડપથી વાહન ભગાવી મુકે ત્યારે અકસ્માત પણ સર્જાય છે.

દરમિયાન શાપર વેરાવળમાં ભૂમિ ગેઇટ નજીક ગોલ્ડન સ્ટાર કંપની પાસે સવારે વિરલબેન અંબુભાઇ વીણામા નામની પાંચ વર્ષની બાળકી કારખાનાના ડેલા પાસે બીજી બાળકીઓ સાથે છોકરાઓ સાથે રમી રહી હતી ત્યારે અચાનક કુતરૂ ધસી આવ્યું હતુ અને હુમલો કરતાં બાળા પડી ગઇ હતી. આ પછી કુતરાએ બાળાના ગળા પર એક બટકુ ભરી લેતાં તેણીએ દેકારો કરી મુક્યો હતો. લોકો ભેગા થઇ જતાં કુતરૂ ભાગી ગયું હતું. બીજી તરફ કુતરાએ બટકા ભરવાને કારણે વિરલબેન લોહીલુહાણ થઇ જતાં તેણીને શાપર હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ લઇ જવાનુ કહેવામાં આવતાં રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે લાવવામાં આવી હતી.

પરંતુ અહિ આ બાળકીને ડોક્ટરે મૃત જાહેર કરી દીધી હતી. આ બનાવની જાણ સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના આસી સબ ઇન્સ. રામશીભાઇ વરૂ, ધર્મેન્દ્રભાઇ ચાવડા, પ્રકાશભાઇ રાઠોડ, ધર્મેન્દ્રભાઇ હુદડ સહિતે શાપર પોલીસને કરી હતી. મૃત્યુ પામનાર વિરલબેન બે બહેનમાં મોટી હતી. તેના પિતા ખેત મજૂરી કરે છે. આ બાળકી હજુ ચાર દિવસ પહેલા મધ્યપ્રદેશથી શાપર વેરાવળ રહેતાં તેના દાદા મુકેશભાઇ ભુરાભાઇના ઘરે રોકાવા માટે આવી હતી. સવારે ઘર નજીક રમતી હતી ત્યારે આ બનાવ બન્યો હતો.

લાડકવાયી દિકરીના મૃત્યુથી પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. તો શાપરમાં પણ આ બનાવને પગલે અરેરાટી વ્યાપી ગઇ હતી. વધુ માહિતી મુજબ જે કારખાના પાસે બનાવ બન્યો ત્યાં દરરોજ કુતરા રોટલી ખાવા આવે છે. મૃત્યુ પામનાર બાળા અને બીજી છોકરીઓ રમી રહી હતી ત્યારે રોટલી ખાવા દરરોજ આવતાં કુતરાઓ પૈકીના એક કુતરાએ જ તેણીને બટકુ ભરી લીધુ હતું. પોલીસે જરૂરી કાર્યવાહી કરી બાળકીના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

બીજી એક ઘટનામાં ગોડલ પંચવટી સોસાયટીમાં રહેતાં અમિતભાઇ ગોહેલની દિકરી દેવાંશી નામની અઢી વર્ષની બાળકી રાતે સુતા બાદ સવારે નહિ જાગતાં બેભાન હાલતમાં ગોંડલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. પરંતુ ત્યાં મૃત જાહેર કરવામાં આવતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. ગોડલ પોલીસે મોતનું કારણ જાણવા મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. મૃત્યુ પામનાર બાળકી એક ભાઇથી નાની હતી. તેના પિતા બેંકમાં ક્લાર્ક તરીકે નોકરી કર છે. લાડકવાયી દિકરીના મૃત્યુથી પરિવારમાં ગમગીની છવાઇ ગઇ હતી.

બીજા બનાવમાં રાજકોટ ભાવનગર રોડ પર રાજમોતી મીલ પાછળ સિતારામનગરમાં રહેતાં જીતુભાઇ કડવાભાઇ બાવળીયા નામના આડત્રીસ વર્ષના યુવાન સવારે ઘરે બેભાન થઇ તજાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ તબિબે મૃત જાહેર કરતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મૃતક બિમાર રહેતાં હોવાનું જણાવાયું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફ મારફત જાણ થવાથી થોરાળા પોલીસના સ્ટાફે કાર્યવાહી કરી હતી.

### એક જ પ્રકારના કિસ્સા જોઇને લાગે છે છેતરવાનો પ્રકાર એકનો એક, બદલાય છે માત્ર ભોગ બનનારા

# શેર બજાર-વર્ક પરમીટના નામે પોણો લાખનું ફ્રોડ

## એક બેંક કર્મચારીને વ્હોટ્સએપ ગ્રુપમાં એડ કરી આઇપીઓમાં રોકાણ કરાવડાવી મસમોટો નફો દેખાડાયો : પણ એકાઉન્ટમાંથી ફદીયુંય ઉપાડી ન શક્યા-સુડતાલીસ લાખ ગુમાવ્યા

## બીજા કિસ્સામાં વિદેશના વિઝા લેવા જતાં યુવાનના સત્તર લાખ ખંખેરી લેવાયા

રાજકોટ તા. ૨૯

રાજ્યમાં ગમે ત્યારે ગમે તે વ્યક્તિ સાથે અલગ અલગ પ્રકારે ફ્રોડ થતું રહે છે. કોણ ક્યારે કેવી રીતે છેતરાઇ જાય તે નક્કી હોતું નથી. દરમિયાન એક કિસ્સામાં શેર બજારમાં કમાણીની લાલચ આપી એક યુવાન સાથે અડધા કરોડ આસપાસની ઠગાઇ થઇ ગઇ છે. તો બીજા બનાવમાં એક યુવાનને વર્ક પરમીટના નામે અઢાર લાખનો ચુનો લગાવી દેવાયો હતો. આ એક જ પ્રકારની ઠગાઇ વારંવાર થાય છે. આમ છતાં લોકો આમાંથી બોધપાઠ લઇ ભુલ નહિ કરવાને બદલે ફરી ફરીને એકને એક પ્રકારની ભુલ કરતાં રહે છે અને છેતરાતા રહે છે.

વિગતો પર નજર કરીએ તો ભાવનગરના સિહોરના યુવાનને શેરબજાર અને આઈપીઓમા રોકાણ કરવાથી ખુબ સારો નફો મળશે તેવી લાલચ આપી શખ્સે અલગ-અલગ સમયે યુવાનને રોકાણ કરાવી નફો બતાવ્યો હતો અને હવે આ અજાણ્યા શખ્સે પોતાનો કીમિયો અજમાવી યુવાનને નફો મેળવવા માટે ટેક્સ ભરવો પડશે તેમ કહી સુડતાલીસ લાખ છપ્પન હજારનો ચૂનો ચોપડી દીધો હતો. ભાવનગરના સિહોરના દરબારગઢ પાસે આવેલ દવે શેરીમાં રહેતા અને એક્ઝિસ બેંકમાં સેલ્સ મેનેજર તરીકે ફરજ બજાવતા સાગરભાઈ અશોકભાઈ મલુકાનો અજાણ્યા શખ્સ સાથે વ્હોટ્સ એપ ગ્રુપમાં સંપર્ક થયો હતો અને સાગરભાઈને શેરબજારમા તથા આઈપીઓમાં રોકાણ કરવાથી સારો નફો મળશે તેમ જણાવાયું હતું.

આ જણાવી સાગરભાઈને વિશ્વાસમા લીધાં હતાં અને અજાણ્યા ઈસમે કોમ્પ્યુટર સંસાધન અથવા કોમ્યુનીકેશન સાધનની મદદથી સીડબ્લ્યુએ એપ્લીકેશનમાં યુઝર આઇડી બનાવડાવી સાગરભાઈનો વિશ્વાસ કેળવી લઈ અલગ-અલગ સમયે રૂપિયાનું રોકાણ કરાવ્યું હતું. તદુપરાંત અજાણ્યા શખ્સે વધુ નફાની



લાલચ આપી બનાવેલ યુઝર આઈડીમાં નફો બતાવી થયેલ નફાની રકમ મેળવવા માટે ટેક્ષ પેટે તથા રોકાણ પેટે કુલ રૂ.૪૭,૫૬,૩૪૪નું સાયબર ફ્રોડ કરી અલગ-અલગ બેંક એકાઉન્ટમાં નાણાં મેળવી લઇ સાગરભાઈ સાથે છેતરપીંડી આચરી હતી. આ બનાવ સંદર્ભે સાગરભાઈએ અજાણ્યા શખ્સ વિરૂધ્ધ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

બીજા કિસ્સામાં ગાંધીનગરના માણસા તાલુકાના બિલોદરા ગામના વેપારીએ ઓસ્ટ્રેલિયા સેટલ થવા માટે એજન્ટનો સંપર્ક કર્યો હતો જે એજન્ટે તેમને વર્ક પરમીટ વિઝા અપાવવા ની બાહેધારી આપી અઢાર લાખ રૂપિયા એડવાન્સમાં લીધા હતા પરંતુ તેણે આપેલી મુદત દરમિયાન વિઝા મળ્યા ન હતા જેથી વેપારીએ પેમેન્ટ પરત માંગતા એજન્ટે ચેક આપ્યા હતા જે બંને ચેક પરત ફર્યા હતા ત્યારે પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતા વેપારીએ એજન્ટ વિરુદ્ધ માણસા પોલીસ સ્ટેશનને ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ સુત્રોએ કહ્યા અનુસાર માણસા તાલુકાના બિલોદરા ગામે રહેતા પ્રદિપસિંહ ઈશ્વરજી ચાવડાને ઓસ્ટ્રેલિયા સેટલ થવું હતુ અને આ બાબતે એક વર્ષ અગાઉ તેમના મિત્ર સાથે ચર્ચા થઈ હતી અને તેમણે ઓસ્ટ્રેલિયા સેટલ થવા માટે વર્ક પરમીટ વિઝા નું કોઈ એજન્ટ કામ કરી આપે તો કામ આપવું છે.

આવી ચર્ચા બાદ તેમના મિત્રએ તેમના એક પરિચિત માણસા તાલુકાના પુંધરા ગામના પટેલ રશ્મિકાંત નવનીત ભાઈ ઓફિસ વીરકૃપા ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ ચાંદખેડા અમદાવાદ ખાતે આવેલી છે તે ઓસ્ટ્રેલિયાના વર્ક પરમિટનું કામ કરે છે જેથી -દિપસિંહ અને તેમના આ મિત્ર બંને જણા એજન્ટને અમદાવાદ મળવા ગયા હતા જ્યાં આ એજન્ટે તેમને ઓસ્ટ્રેલિયાના કાયમી વિઝા અને વર્ક પરમિટ લાવી આપવાની ગેરંટી આપી હતી અને તે બાબતે ૩૨ લાખ રૂપિયા ખર્ચ થશે જેના માટે ૧૮ લાખ રૂપિયા એડવાન્સ આપવા પડશે તેવી વાત થઈ હતી જેથી પ્રદિપસિંહે એજન્ટ જ્યારે માણસા આવ્યો તે વખતે ૧૮ લાખ રૂપિયા ચૂકવ્યા હતા અને તે વખતે એજન્ટે એક મહિનાની અંદર વિઝા લાવી આપવાની વાત કરી હતી.

પરંતુ એક મહિનો થવા છતાં પણ વિઝા આવ્યા ન હતા. જેથી પ્રદિપસિંહએ પોતાના રૃપિયા પરત માગતા એજન્ટે તેમને બે ચેક આપ્યા હતા જે પરત ફર્યા હતા તો પેમેન્ટ માટે એજન્ટને અવારનવાર ફોન કરતા તેણે ૭૫,૦૦૦ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા બાકીના ૧૭ લાખ ૨૫ હજાર રૂપિયા હજુ સુધી તેમને પાછા આપ્યા નથી.જેથીપ્રદિપસિંહે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી પાસપોર્ટ અને ૧૭ લાખ ૨૫ હજાર રૂપિયા પરત ન આપનાર એજન્ટ રશ્મિકાંત નવનીતભાઈ પટેલ વિરૂધ્ધ માણસા પોલીસ સ્ટેશને ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. આમ ફરી વખત શેર બજારમાં કમાણીની લાલચ આપીને અને વિદેશના વર્ક પરમીટ વિઝા અપાવવાના બહાને લાખોની ઠગાઇ કરી લેવામાં આવી હતી. આ બનાવો જોતાં ઘણીવાર એમ થાય કે લોકો જાગૃત થતાં નથી એટલે ફ્રોડનો પ્રકાર એકનો એક રહે છે, માત્ર પાત્રો એટલે કે ભોગ બનનારા જ બદલાતા રહે છે!

### કાર અને સ્કૂટર તપાસવાના બહાને કેસ કરવાની ધમકી આપીને અનેક લોકો પાસેથી નાણાં પડાવ્યા

# નકલી પોલીસ ઝળક્યો : ક્રાઇમ બ્રાંચના નામે તોડ કરી છૂ

## નંબર પ્લેટ વગરના વાહનોને અટકાવી કાગળો માંગી રોકડી કરતો હતો : અસલી પોલીસે આઇડી માંગતા ભાગી ગયો!

રાજકોટ તા. ૨૯

રાજ્યભરમાં અવાર-નવાર નકલી પોલીસ કે પછી નકલી અધિકારીઓ ઝડપાતા રહે છે. વધુ એક કિસ્સામાં આવુ બન્યું છે. તાજેતરમાં એક ગરબાના સ્થળે નકલી પીએસઆઇને અસલી ડીસીપીને દબોચ્યો હતો. ત્યાં હવે ક્રાઇમ બ્રાંચના નામે તોડ કરવા ઉભો રહી ગયેલો ગઠીયો ઝડપાઇ ગયો હતો. વિગતો જોઇએ તો અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારોમાં પોલીસ દ્વારા વાહનચેકિંગ કરવામાં આવે છે. ત્યારે સિંધુ ભવન રોડ પર રાતના સમયે એક વ્યક્તિ ક્રાઇમબ્રાંચના સ્ટાફના નામે વાહનચેકિંગ કરવાનું કહીને ડરી ગયેલા વ્યક્તિઓ પાસેથી નાણાં પડાવતો હોવાની વિગતો સામે આવી છે. જો કે અસલી પોલીસ પહોંચી હતી અને આ શખ્સ પાસે આઇડી માંગી હતી ત્યારે તે નજર ચુકવી અસલી પોલીસની નજર સામે જ ભાગી જવામાં સફળ થયો હતો!

દરમિયન અમદાવાદના એક પોલીસ કર્મીની કારને રોકીને પોતાની ઓળખ ક્રાઇમબ્રાંચના અધિકારી તરીકે આપતા અસલી પોલીસે આઇ કાર્ડ માંગતા તે ત્યાંથી છટકી ગયો હતો. સુત્રોના જણાવ્યા મુજબ પોલીસની ઓળખ આપીને લોકો પાસેથી નાણાં પડાવતો વ્યક્તિએ સિંધુ ભવન અને આસપાસના વિસ્તારમાં અનેક લોકોને ટારગેટ કર્યા હતા. ત્યારે હવે નકલી પોલીસને પકડવા માટે અસલી પોલીસને સુચના આપવામાં આવી છે. સિંધુભવન રોડ પર ક્રાઇમબ્રાંચના નામે નકલી પોલીસ બનીને યુવકની તોડબાજી! ૨ - ર્જ્ઞી ફ્રૂંશહેરના સિંધુ ભવન,રાજપથ રંગોલી રોડ અને એસ પી રીંગ રોડ પર છેલ્લાં ઘણાં સમયથી એક વ્યક્તિ ક્રાઇમબ્રાંચના સ્ટાફની ઓળખ આપીને એકલ દોકલ વાહનચાલકોને રોકીને ચેકિંગ કરવાના નામે તેમજ લાયસન્સ અને અન્ય કાગળો માંગીને ડરાવ્યા બાદ મોટો દંડ કે કેસમાં કરવાની ધમકી આપીને તોડબાજી કરતો હોવાની વાત સામે આવી છે. કાળા કલરના નંબર પ્લેટ વિનાના બાઇક પર



આવતો યુવક તેની ઓળખ ક્રાઇમબ્રાંચના અધિકારી ગઢવી તરીકે ઓળખ આપે છે.

જેના કારણે લોકો ડરી જઇને કેસ થવાની કે વાહન જપ્ત થવાના ડરથી નાણાં આપી દેતા હોવાથી તેણે આ મોડ્સ ઓપરેન્ડીથી અનેકને લૂંટયા છે. ખાસ કરીને તે યુવક અને યુવતીઓને ખાસ ટારગેટ કરતો હોવાનું જાણવા મળ્યું છે. થોડા દિવસ પહેલા અમદાવાદ પોલીસમાં ફરજ બજાવતા એક વ્યક્તિ તેના પરિવાર સાથે કારમાં સિંધુ ભવન રોડ પર ગયા હતા. ત્યારે આ નકલી પોલીસે કારને રોકાવીને કાગળો માંગ્યા હતા. પરંતુ,એક જ પોલીસ કર્મી વાહનચેકિંગ કરતો હોવાથી શંકા જતા અસલી પોલીસે પુછપરછ કરીને આઇડી માંગતા તે વાહનમાં મુક્યુ છે. તેમ કહીને ત્યાંથી નાસી ગયો હતો. સુત્રોના જણાવ્યા મુજબ સ્થાનિક પોલીસને પણ નકલી પોલીસની માહિતી મળી છે. જેથી તેની શોધખોળ શરૂ કરવામાં આવી રહી છે. જો કે અસલી પોલીસની નજર સામે જ આ શખ્સ ભાગી ગયાની વાતે અનેક સવાલો ખડા કર્યા છે.

### ઠગાઇના અન્ય બનાવમાં બે બિલ્ડર પ્રોજેકટના નામે સાડા નવ લાખની ઠગાઇ કરી ગયાઃ પોલીસે પકડી રિમાન્ડ મેળવી

અન્ય એક ઠગાઇના બનાવમાં હાઉસીંગ પ્રોજેક્ટના નામે બે બિલ્ડર લાખો ખાઇ ગયા હતાં. બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં જમીન જતી હોવા છતાં ઓલપાડના કુડસદમાં હાઉસિંગ પ્રોજેક્ટ શરૂ કરીને બુકીંગ પેટે પૈસા લઇ ૯.૫૦ લાખની ઠગાઈ કર્યાની ફરિયાદ નોંધાતા પોલીસે બે બિલ્ડરની ધરપકડ કરી છે. બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં પણ ખોટું સોગંદનામું રજૂ કર્યું હતું. પુણા સમજુબા સોસાયટીમાં રહેતા કમલેશ જાની મકાન શોધી રહ્યા હતા. ત્યારે દલાલ રવજીભાઈએ તેમની મુલાકાત ભાવેશ કલસરીયા સાથે કરાવી હતી. ત્યારબાદ ભાવેશભાઈ તેમને સરથાણા રોયલ આર્કેડની ઓફિસે લઈ ગયા હતા જ્યાં તેના ભાઇ જગદીશ સાથે મુલાકાત કરાવી હતી. જગદીશ અને ભાવેશે કુડસદના રોયલ રેસિડેન્સી પ્રોજેક્ટમાં ૩૬ મહિનામાં મકાન તૈયાર કરીને કબજો આપી દેવાનું કહ્યું હતું. જો મકાન ન લેવું હોય તો ડિપોઝિટના ડબલ પૈસા પરત આપવાની લાલચ આપી હતી. કમલેશભાઈએ રોકડા રૂ. ૯.૫૦ લાખ આપ્યા હતા. તેમને ડાયરીમાં કોડવર્ડથી લકાણ આપ્યું હતું જેમાં રોહન પટેલ અને શેલેશ ગાંગાણીએ સહીઓ કરી હતી. જો કે બાદમાં ખબર પડી હતી કે પોતાની સાથે છેતરપિંડી થઇ છે. આથી કમલેશભાઈએ પોલીસને જાણ કરતાં તેમની ફરિયાદ આધારે સરથાણા પોલીસમાં જગદીશ જેરામભાઈ કલસરીયા, ભાવેશ જેરામભાઈ કલસરીયા , ભાવેશ વલ્લભભાઈ લાઠીયા અને મહેન્દ્ર ભરતભાઈ પંડ્યા વિરૂધ્ધ ગુનો નોંધી કલસરિયા બંધુઓની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ મેળવી વધુ તપાસ શરૂ કરી હતી.

### બળજબરીના કિસ્સા તો રોજબરોજ સામે આવે, પણ અહિ કંઇક ચોંકાવનારૂ તથ્ય આવ્યું સામે

# પતિ જબરદસ્તીથી શરીર સંબંધ બાંધે છે : પત્નિની રાવ

## બીજી ઘટનામાં કહેવાતા પ્રેમીની જાળમાં ફસાઇ પરિણીતા પતિને છોડી ચાલી નીકળી: પછી પ્રેમીએ કહી દીધી લગ્નની ના: ફોટા-વિડીયો વાયરલ કરવાની ધમકી પણ આપી

રાજકોટ તા. ૨૯

દૂષ્કર્મના કિસ્સા તો અવાર-નવાર સામે આવતાં હોય છે. પરંતુ જ્યારે ખુદ પત્નિ જ પોતાના પતિ વિરૂધ્ધ આવી ફરિયાદ નોંધાવે ત્યારે ચકચાર મચી જતી હોય છે. એક ચોંકાવનારી ઘટના સામે આવી છે જેમાં એક પરિણીતાએ પોતાના જ પતિ વિરૂધ્ધ જબરદસ્તી કરતો હોવાની ફરિયાદ નોંધાવી છે. બીજી એક ઘટનામાં એક શખ્સે સ્પામાં એક પરિણીતાને નોકરી અપાવી હતી. પછી તેની સાથે પોતે લગ્ન કરશે તેવું કહી તેણીને પીતની અલગ કરાવી દીધી હતી. એટલુ જ નહિ બાદમાં આ પરિણીતા સાથે લગ્ન કરવાનો ઇન્કાર કરી દઇ તેના ફોટો વિડીયો વાયરલ કરી દેવાની ધમકી આપી હતી.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો આ બનાવમાં વડોદરા શહેરના વાસણા-ભાયલી રોડ પર રહેતા એક પરિવારમાં પરણેલી પરિણીતાએ પતિ શારીરિક અને માનસિક ત્રાસ આપતો હોવા મામલે ગોત્રી પોલીસ મથકે ગુનો દાખલ કર્યો છે. પતિ ઘર કંકાસ દરમિયાન જબરજસ્તી શારીરિક સંબંધ બાંધતો હોવાની બાબતનો પોલીસ ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પોલીસ સુત્રોના કહેવા મુજબ શહેરના વાસણા-ભાયલી રોડ ખાતે આવેલ હાઇરાઇઝ એપાર્ટમેન્ટમાં રહેતા બ્રાહ્મણ પરિવારના યુવક સાથે પરણીતાએ જ્ઞાતિના રિવાજ પ્રમાણે વર્ષ ૨૦૦૬માં લગ્ન કરેલ હતા. શરૂઆતમાં બંનેનું લગ્ન જીવન સારી રીતે ચાલતું હતું. દરમિયાન તેમને બે બાળકો પણ છે, જેમાં મોટી દીકરી પંદર વર્ષની અને નાનો દીકરો પાંચ વર્ષનો છે. પરંતુ છેલ્લા ચારેક વર્ષથી પતિ પરણીતાને શારીરિક માનસિક ત્રાસ આપી હેરાન કરે છે.

દરમિયાન ગત સત્તરમી માર્ચ ૨૦૨૫ના રોજ પતિએ પરણીતાને મારતા તેને હાથમાં તથા ડાબી બાજુના ખભા પર દુખાવો થતાં સયાજી હોસ્પિટલમાં સારવાર અર્થે પરણીતા દાખલ થઈ હતી. પતિ ચીડીયા સ્વભાવનો હોવાથી વારે ઘડીએ વાત વાતમાં ગુસ્સો કરી ઘરમાં કંકાસ કરી ખરાબ વર્તન કરે છે. આ ઉપરાંત મારી સાથે જબરજસ્તી શારીરિક સંબંધ પણ બાંધે છે. બાળકને પણ મારતો હોવાથી છેલ્લા છ મહિનાથી પરિણીતા પોતાના પિયરમાં અમદાવાદ ખાતે રહે છે. તે અમદાવાદ જતી રહ્યા બાદ પતિ છોકરાને મારી નાખવાની ધમકી આપતો હોય સમગ્ર બનાવ મામલે પરણીતાએ ગોત્રી પોલીસ મથકે શારીરિક અને માનસિક ત્રાસ મામલે પતિ વિરુદ્ધ ગુનો દાખલ કરાવ્યો છે.



બીજી એક ઘટના જોઇએ અમદાવાદ વટવામાં રહેતા યુવકને મહિલાને સ્પામાં હિસાબ રાખવાનું કહી નોકરી રાખીને લગ્નની લાલચ આપી હતી અને મહિલા સાથે અણછાજતું વર્તન કરીને પતિથી છૂટી કરી દીધી હતી બે મહિના સુધી આ મહિલાનું કોઇ નથી કહીને ઘરે રાખી હતી જો કે પ્રેમ સંબંધની પત્નીને ખબર પડતાં પતિ અને પત્નિએ તકરાર કરી હતી બાદમાં સ્પામાં રાખી હતી ત્યારબાદ લગ્ન કરવાનો ઇન્કાર કર્યો હતો. એટલું જ નહી મારી સાથે નહી રહે તો ફોટા અને વિડિયો વાયરલ તથા મારી નખાવાની ધમકી આપી હતી. આ બનાવ અંગે વટવા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

પોલીસ સુત્રોએ જણાવ્યા અનુસાર વટવામાં રહેતી મહિલાએ વટવા પોલીસ સ્ટેશનમાં વટવામાં રહેતા યુવક સામે ફરિયાદ નોંધાવી છે કે આરોપીએ અજાણ્યા નંબર પરથી ફોન કરીને નોકરીની વાત કરી હતી. જો કે મહિલાએ નોકરીનો ઇન્કાર કર્યો હતો તેમ છતાં અવાર નવાર ફોન કરીને તેમના ગુરુકુળ ખાતે આવેલા રેડરોઝ સ્પામાં મેનેજર તરીકે માત્ર હિસાબ રાખવાની વાત કરીને બાર હજારના પગારની લાલચ આપીને નોકરીએ રાખી હતી ત્યારબાદ હું તને પ્રેમ કરુ છુ અને મારી પત્નિને છૂટાછેડા આપીને તારી સાથે લગ્ન કરીશ તેવી વાર્તા કરીને મહિલાને પ્રેમજાળમાં ફસાવી હતી. ત્યારબાદ વિશ્વાસ સંપન્ન કરવા માટે એક દિવસ સાથે ઘરે લઇ ગયો હતો અને પત્ની સાથે પરિચય કરાવ્યો હતો બાદમાં મહિલાને છૂટાછેડા લેવા માટે દબાણ કરીને લગ્ન કરવાની લાલચ આપી હતી.

મહિલા પણ વિશ્વાસમાં આવીને પતિને છોડીને તેની સાથે રહેવા આવી ગઇ હતી જેનો લાભ ઉઠાવીને લગ્નનું વચન આપીને તેની સાથે અવાર નવાર શારિરીક સંબંધ બાંધ્યો હતો એટલું જ નહી આ મહિલાનું અમદાવાદમાં કોઇ નથી કહીને બે મહિના સુધી ઘરે રાખી હતી. જો કે પત્નીને પતિના આડા સંબંધની જાણ થતાં આરોપી અને તેની પત્નિએ મહિલા સાથે તકરાર કરી હતી બાદમાં મહિલાને સ્પામાં રાખીને ધમકી આપી કે તું મારી સાથે કામ નહી કરે તો ફોટા અને વિડિયો વાયરલ કરીને મારી નખવાની ધમકી આપી હતી મહિલા ફસાઇ જતાં આખરે પતિને સાચી વાત કરીને પતિ સાથે આવીને આરોપી સામે ફરિયાદ નોંધાવી હતી. આમ કહેવાતા પ્રેમીને કારણે પતિને તરછોડીને નીકળી ગયેલી મહિલાને ભુલ ભારે પડી હતી. અંતે તેણે પોલીસની મદદ લેવા જવું પડ્યું હતું. પોલીસે આ મામલે હવે કાર્યવાહી કરી હતી.

### જિંદગી ક્યારે સાથ છોડી દે તેની નથી હોતી કોઇને ખબર : છ પરિવારોમાં માતમ

# દશેરા દેવા માટે નીકળેલા વૃધ્ધાનું અકસ્માતમાં મોત

## રાજકોટથી જામદુધઇ દરગાહે ગયેલા યુવાનનું હૃદય ધબકારા ચુકતાં મોતઃ બે યુવાને ગળાફાંસો ખાઇ મોત મેળવ્યું : એકમાં કલેશ કારણભુત, બીજામાં કારણ અકળઃ એક યુવાને ઝેર પીને જીવ દીધોઃ એક યુવાનનું બેભાન થયા બાદ મૃત્યુ

રાજકોટ તા. ૨૯

મૃત્યુ ક્યારે અને કેવી રીતે આવી જાય તેની ખબર રહેતી નથી. એક બનાવમાં ભાણેજવહૂને દશેરા આપવા જવા રાજકોટથી ગોંડલ તરફ જઇ રહેલા વૃધ્ધાનું કાર અકસ્માતમાં મૃત્યુ થયું છે. તો બીજી એક કરૂણ ઘટનામાં રાજકોટથી જામદુધઇ દરગાહે દીદાર કરવા ગયેલા આધેડનું હૃદય બંધ પડી જતાં મૃત્યુ થયું હતું. અન્ય બે બનાવમાં કલેશને કારણે એક યુવાને અને બીજાએ અકળ કારણે ગળાફાંસો ખાઇ મોત મેળવી લેતાં પરિવારના માળા વેરણછેરણ થઇ ગયા હતાં. એક યુવાને ઝેર પી જીંદગી ટુંકાવી હતી, તો એકનું બેભાન હાલતમાં મૃત્યુ થયું હતું.

ગોંડલના મોવૈયા અને શ્રીનાથગઢ વચ્ચે ચાર દિવસ પહેલા કાર ઝાડ સાથે અથડાતાં તેમાં બેઠેલા રાજકોટના ઢેબર રોડ અટીકા ન્યુ લાલબહાદુર સોસાયટીના વૃધ્ધાને ગંભીર ઇજા થતાં સારવાર દરમિયાન મૃત્યુ થયું છે. તેઓ જમાઇના દિકરાનું સગપણ કર્યુ હોઇ ડોડીયાળા ગામે જમાઇ સહિતની સાથે ભાણેજવહૂને દશેરા આપવા જઇ રહ્યા હતાં ત્યારે આ બનાવ બન્યો હતો. વધુ માહિતી અનુસાર અટીકા ન્યુ લાલબહાદુર સોસાયટીમાં રહેતાં જીવતબેન કનુભાઇ પણસારા નામના ઓગણએંસી વર્ષના પટેલ વૃધ્ધા પચ્ચીસમીએ પોતાના જમાઇ રમેશભાઇ સવજીભાઇ ગીણોયા અને પરિવારના અન્ય મહિલા સભ્ય સહિતની સાથે કારમાં બેસી ગોંડલના ડોડીયાળા ગામે જઇ રહ્યા હતાં.

ત્યારે શ્રીનાથગઢ-મોવૈયા વચ્ચે કાર ઝાડ સાથે અથડાઇ જતાં જીવતીબેનને ગંભીર ઇજા પહોંચી હતી. અન્ય એક મહિલાને પણ સામાન્ય ઇજા થઇ હતી. જ્યારે જમાઇનો બચાવ થયો હતો. જીવતીબેનને સારવાર માટે દાખલ કરાયા હતાં. તેમણે દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ મારફત આ અંગે સુલતાનપુર પોલીસને જાણ કરવામાં આવી હતી. મૃત્યુ પામનાર જીવતીબેનના જમાઇના દિકરાનું ડોડીયાળા સગપણ થયું હોઇ ભાણેજવહૂને દશેરા દેવા માટે તેઓ જમાઇ સહિતની સાથે જઇ રહ્યા હતાં. તેમને સંતાનમાં એક દિકરી અને બે દિકરા છે. આ ઘટનાથી પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી.

બીજી ઘટના જોઇએ તો શહેરના શ્રોફ રોડ પર નવી કલેક્ટર કચેરી પાછળ રહેતાં યુવાન જોડીયા નજીક જામદુધઇ ગામે દરગાહે દિદાર કરવા પરિવારજનો સાથે ગયા ત્યાં હૃદય ધબકારા ચુકી ગયુ હતું. શ્રોફ રોડ પર રહેતાં યારમહમદ હાસમાભાઇ સંઘવાણી નામના ચુમાલીસ વર્ષના યુવાન પરિવારજનો સાથે કાર લઇને જોડીયાના જામદુધઇ ગામે આવેલી દરગાહે ગયા હતાં. ત્યાં સવારે અગીયારેક વાગ્યે અચાનક બેભાન થઇ જતાં મોરબી હોસ્પિટલમાં અને ત્યાંથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં માતમ છવાઇ ગયો હતો. મૃત્યુ પામનાર યારમહમદ સંઘવાણી ત્રણ ભાઇમાં બીજા હતાં. સંતાનમાં ચાર પુત્રી છે. પોતે વકિલની ઓફિસમાં નોકરી કરતાં હતાં. બનાવથી પરિવારમાં માતમ છવાઇ ગયો હતો. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, ધર્મેન્દ્રભાઇ હુદડ, પ્રકાશભાઇ રાઠોડ, ધર્મેન્દ્રભાઇ ચાવડાએ જાણ કરતાં જોડીયા પોલીસે કાર્યવાહી કરી હતી.

આપઘાતની બે ઘટના બની હતી. જેમા કુવાડવા જીઆઇડીસીમાં એસ્સાર હાઇપર માર્ટની સામે રહેતાં ચાલીસ વર્ષના સિધ્ધરાજસિંહ વાઘુભા ઝાલા નામના યુવાને ઘરે પંખાના હુકમાં દરોડુ બાંધી ગળાફાંસો ખાઇ લીધો હતો. બનાવની જાણ થતાં ૧૦૮ બોલાવાઇ હતી. પરંતુ તેના તબિબે તેમને મૃત જાહેર કર્યા હતાં. બનાવની જાણ થતાં કુવાડવા રોડ પોલીસ સ્ટેશનના એએસઆઇ એમ. એમ. અજાગ્યાએ ઘટના સ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને કુવાડવા આરોગ્ય કેન્દ્ર ખાતે પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. પોલીસ તપાસમાં ખુલ્યા મુજબ આપઘાત કરનારા સિધ્ધરાજસિંહ મુળ મહેસાણાના રૂપપરા ગામના વતની હતાં. તેમને સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. તેઓ બારેક વર્ષથી કુવાડવા જીઆઇડીસીમાં પત્નિ પરિવાર સાથે રહેતાં હતાં. સંતાનો બનાસકાંઠામાં સસરાના ઘરે રહી અભ્યાસ કરે છે. કેટલાક સમયથી પતિ-પત્નિ વચ્ચે દિકરીની સગાઇ બાબતે વાતચીત દરમિયાન બોલાચાલી થતી હોઇ આ કારણે કંકાસ ઉભો થયો હતો. આ કારણે પગલુ ભર્યુ હતું.

જ્યારે કુવાડવા રોડ પર બીએમડબલ્યુ શો રૂમ પાછળ લાલપરી શેરી નં. ૪માં રહેતાં વિશાલ જગદીશભાઇ ડાભી નામના છવ્વીસ વર્ષના યુવાને રાતે સાડા અગીયારેક વાગ્યે ઘરમાં ચુંદડી બાંધી ગળાફાંસો ખાઇ લેતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પણ મૃત્યુ થયું હતું. આપઘાત કરનાર વિશાલ બે ભાઇમાં નાનો હતો અને ઇમિટેશનના કારખાનામાં નોકરી કરતો હતો. તેના પિતા જગદીશભાઇ ડાભી માર્કેટ યાર્ડમાં મજૂરી કરે છે. વિશાલની સગાઇ એક વર્ષ પહેલા બેડલા ગામની યુવતિ સાથે થઇ હતી. આપઘાતનું કારણ જાણવા પોલીસે તપાસ યથાવત રાખી હતી.

આપઘાતના ત્રીજા બનાવમાં જસદણના વાસુરપરામાં પશુ દવાખાના પાસે રહેતાં અજયભાઇ રમેશભાઇ રવૈયા નામના ત્રીસ વર્ષના યુવાનઘર પાસે ઘઉંમાં રાખવાની દવા પી લેતાં સારવાર માટે જસદણ અને ત્યાંથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ ગત રાતે મૃત્યુ થયું હતું. આપઘાત કરનાર અજયભાઇ બે ભાઇ અને એક બહનેમાં નાનો અને અપરિણીત હતો. તે હેન્ડીક્રાફટના કારખાનામાં કામ કરી પરિવારને મદદરૂપ થતો હતો. સગાના કહેવા મુજબ લાંબા સમય પહેલા ડિપ્રેશનમાં રહેતો હોઇ જેની દવા ચાલુ હતી. આપઘાત કયા કારણોસર કર્યો? તેની પરિવારજનોને ખબર ન હોઇ જસદણ પોલીસે વધુ તપાસ કરે છે.

અન્ય એક ઘટનામાં રામનાથપરા પાસે ભવાનીનગર-૭માં રહેતાં પાર્થ હરિભાઇ સાગઠીયા નામના એકવીસ વર્ષના યુવાનને તે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ તેનું મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મૃત્યુ પામનાર પાર્થ ત્રણ ભાઇમાં વચેટ હતો અને અભ્યાસ કરતો હતો. તેના સગાના કહેવા મુજબ પાર્થને ટીબીની બિમારી હતી. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં એ-ડિવીઝન પોલીસે આકસ્મિક મૃત્યુ અંગે કાર્યવાહી કરી હતી.





### કારણ વગર કારને આંતરીને મચાવાયો હલ્લો

# જમવા જઇ રહેલા મિત્રોની કાર પર છ શખ્સોની ધોકાવાળી

## ભોમેશ્વરના યુવાન અને મિત્રો ગરબી પુરી કરી નીકળ્યા બાદ રૈયાધાર ડ્રીમસીટીના રસ્તે બનાવઃ હુમલાખોરો કોણ? શા માટે તોડફોડ કરી તે શોધવા પોલીસ કામે લાગી

રાજકોટ તા. ૨૯

શહેરમાં કોણ ક્યારે કોના પર ધોકાવાળી કરે તેની ખબર નથી હોતી. વધુ એક બટાઝટીની ઘટના બની હતી. જેમાં કારમાં બેસી જમવા નીકળેલા ગરબીના સંચાલક યુવાન અને મિત્રોની કારને રૈયાધાર શાંતિનગરથી આગળના રસ્તે અન્ય કારના ચાલકે આંતરી કારણ વગર જ ધોકાવાળી કરી તોડફોડ કરી નાંખી હતી. આ મામલે છ અજાણ્યા શખ્સો વિરૂધ્ધ પોલીસે એફઆઇઆર દાખલ કરી તપાસ આરંભી હતી.

ભોમેશ્વરમાં રહેતાં અને બજરંગવાડી શિતલ પાર્કમાં સનાતન ગરબીનું સંચાલન કરતાં યુવાન અને તેમના મિત્રો ગત ૨૧મીએ ગરબીનો મહોત્વસ પુરો થતાં મિત્રો સાથે કાર લઇ દ્વારકાધીશ હોટલ ખાતે જમવા જઇ રહ્યા હતાં ત્યારે રૈયાધારથી શાંતિનગર ગેઇટથી આગળના રસ્તે એક નંબર વગરની લાલ કારમાં આવેલા છ શખ્સોએ આ લોકોની કાર આંતરી કારમાં તોડફોડ કરી હતી. યુનિવર્સિટી પોલીસે ભોમેશ્વર શ્રમજીવી જાગૃતિ સોસાયટી-૫માં ભોમેશ્વર મંદિર પાસે રહેતાં કિશનભાઇ પરેશભાઇ રાવ નામના છવ્વીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી ૬ અજાણ્યા શખ્સો વિરૂધ્ધ ગુનો દાખલ કરાયો છે. કિશનભાઇ રાવ ઘરે બેઠા ફોટોગ્રાફીનું કામ કરે છે. તેના પિતા રિક્ષા હંકારે છે. કિશનભાઇએ કહ્યું હતું કે એકવીસમીની રાતે એકાદ વાગ્યે શિતલ પાર્ક નવરાત્રી મહોત્સવ ખાતેથી હું અને મારા ત્રણ મિત્રો આનંદ રાજશેભાઇ મકવાણા, તિર્થ રાજુની અને ગૌરવ જેઠવા એમ ચારેય આનંદ મકવાણાની કાર જીજે૦૩એફકે-૬૭૦૫માં બેસીને યુનિવર્સિટી રોડ પર આવેલી દ્વારકાધીશ હોટલ ખાતે જમવા માટે જવા નીકળ્યા હતાં.

આ વખતે કાર હું ચલાવતો હતો. રૈયાધાર પાસે શાંતિનગર ગેઇટવાળા રસ્તે ડ્રીમસીટીથી આગળ દ્વારકોશ પાર્કના મેઇન રોડના ખુણે અમે પહોંચ્યા ત્યારે પાછળથી લાલ રંગની સ્વીફ્ટ આવી હતી. તેના ચાલકે અમારી કારની આગળ રસ્તા વચ્ચે કાર ઉભી રાખી હતી. બાદમાં તેમાંથી પાંચ છ શખ્સો નીકળ્યા હતાં. જેમાં બે જણા પાસે હાથમાં લાકડાના ધોકા હોઇ અમારી કાર પાસે આવ્યા હતાં. આ વખતે મારી બાજુમાં બેઠેલા આનંદભાઇ કારમાંથી નીચે ઉતર્યા હતાં. પરંતુ શખ્સોના હાથમાં ધોકા જોઇ તે ફરીથી કારમાં બેસી ગયા હતાં.

ત્યારપછી અજાણ્યા શખ્સોએ કારના આગળના કાચમાં ધોકાના ઘા ફટકારી કાચમાં નુકસાન કરી દીધુ હતું. આથી મેં કારને ઝડપથી રિવર્સ લેતાં આ લોકો પાછળ દોડ્યા હતાં અને કારની બારીના કાચ પર ધોકાના ઘા માર્યા હતાં અને કાચ તોડી નાંખ્યા હતાં. આથી અમે ગભરાઇ ગયા હતાં અને કાર લઇ ડ્રીમસીટીવાળા રોડથી શાંતિગનર ગેઇટ તરફ જઇ પાછા વળી ગયા હતાં. આ કાર ફરીથી અમારી પાછળ આવશે તેમ લાગતાં અમે સીધા પોલીસ સ્ટેશને પહોંચી ગયા હતાં અને એક અરજી આપી હતી. હુમલો કરનારા શખ્સો જેમાં આવ્યા હતાં એ કારના નંબર અમે જોઇ શક્યા નહોતાં.

અજાણ્યા છ શખ્સોએ આડેધડ ધોકા મારી આ શખ્સોએ કારના આગળના કાચ, સાઇડના કાચ, છાપરામાં ઘોબા ફાડી, જમણી સાઇડનો મીરર વગેરે તોડી નાંખી ચાલીસ હજારનું નુકસાન કર્યુ હતું. બીજા કોઇ સાથેની માથકુટ હોઇ તેના કારણે અમારી કારને આંતરી હુમલો કરાયાની શંકા છે. યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર એચ. અને. પટેલના માર્ગદર્શન હેઠળ હેડકોન્સ. જી. એસ. ઝાલાએ એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

### બે કરૂણ ઘટનામાં બે પરિવારોના આશાસ્પદ કંધોતરને અકાળે છીનવાઇ ગયા

# સત્તર વર્ષીય બે વિદ્યાર્થીના અકસ્માત, આપઘાતમાં મૃત્યુ

## ભવનાથ સોસાયટીનો ITIનો છાત્ર પિતાના કારખાને ગયો ત્યારે ભરૂડી ટોલનાકા પાસે ટ્રેકટર કાળ બન્યુંઃ કણકોટના છાત્રએ જસદણ પાસે હોસ્ટેલમાં ઝેર પી લેતાં જીવ ગયો

રાજકોટ તા. ૧૬

અપમૃત્યુની ઘટનાઓ સતત બનતી રહે છે. વધુ બે અરેરાટી ભરી ઘટના બની છે જેમાં બે વિદ્યાર્થીના અપમૃત્યુ થયા છે. આઇટીઆઇના સત્તર વર્ષના રાજકોટના એક છાત્રનું ગોંડલના ભરૂડી નજીક વાહન અકસ્માતમાં મૃત્યુ થયું છે. તો બીજા બનાવમાં કણરોટ પાસે રહેતાં અને જસદણ નજીક હોસ્ટેલમાં ભણતા એક સત્તર વર્ષના છાત્રનું ઝેરી દવા પી જવાને કારણે મૃત્યુ થયું છે. અન્ય બે ઘટનામાં એક યુવાનનું હૃદય રોગના હુમલાથી અને એકવીસ વર્ષના એક પરિણીતાનું બેભાન થઇ ગયા બાદ મૃત્યુ થયું હતું.

વિગતો પર નજર કરીએ તો શહેરના હરિ ધવા રોડ પર ભવનાથ સોસાયટીમાં રહેતાં અને આઇટીઆઇમાં અભ્યાસ કરતાં સત્તર વર્ષના વિદ્યાર્થીનું ગોંડલના ભરૂડી ટોલનાકા નજીક ટ્રેકટરની ઠોકરે ટુવ્હીલર સહિત ચડી જવાથી ગંભીર ઇજા થતાં મૃત્યુ થયું છે. રવિવારની રજા હોઇ જેથી તે ભરૂડી પિતાના કારખાને આટો મારવા ગયો હતો. જ્યા સામેના રોડ પર હોટલેથી ટિફીન લઇ કારખાના તરફ જતો હતો ત્યારે આ બનાવ બન્યો હતો. ભવનાથ સોસાયટીમાં રહેતો ક્રિશ રાજુભાઇ સાવલીયા નામનો સત્તર વર્ષનો છાત્ર રવિવારે બપોરે બે વાગ્યા આસપાસ ભરૂડી ટોલનાકા નજીક શક્તિમાન ફેક્ટરી નજીક ટુવ્હીલર સાથે રસ્તો ઓળગંતો હતો ત્યારે ટ્રેક્ટરની ઠોકરે ચડી ગયો હતો.

આ અકસ્માતમાં તેને ગંભીર ઇજાઓ થતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ ટુંકી સારવારને અંતે દમ તોડી દેતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના આસી. સબ ઇન્સ. રામશીભાઇ વરૂ, ધર્મેન્દ્રભાઇ હુદડ, પ્રકાશભાઇ રાઠોડ, ધર્મેન્દ્રભાઇ ચાવડાએ બનાવની જાણ ગોંડલ તાલુકા પોલીસને કરી હતી. મૃત્યુ પામનાર ક્રિશ બે ભાઇમાં મોટો હતો અને આઇટીઆઇમાં અભ્યાસ કરતો હતો. તેના પિતાને ભુણાવામાં ફેક્ટરી છે. રવિવારે આઇટીઆઇમાં રજા હોઇ પોતે પિતાની ફેક્ટરીએ ગયો હતો. ત્યાંથી નજીકની



હોટલે ટિફીન લેવા ગયો અને પરત ફરતો હતો ત્યારે બનાવ બન્યો હતો. આશાસ્પદ દિકરાના મૃત્યુથી સાવલીયા પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો.

### અન્ય બે બનાવમાં ચાલીસ વર્ષના યુવાનનું હૃદય બંધ પડતાં, એકવીસ વર્ષના પરિણીતાનું બેભાન થઇ જતાં મૃત્યુ

બીજી ઘટના જોઇએ તો જસદણના બોઘરાવદર ગામે આવેલી હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતાં રાજકોટના ધોરણ-બારના છાત્રએ થોડા દિવસ પહેલા હોસ્ટેલમાં હતો ત્યારે ઝેરી દવા પી લીધી હતી. તેનું સારવાર દરમિયાન મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. કણકોટના પાટીયે રામનગર સોસાયટીમાં રહેતો સત્તર વર્ષનો જયપાલ દિનેશભાઇ ગાબુ આઠેક દિવસ પહેલા જસદણના બોઘરાવદર ગામે આવેલી હોસ્ટેલ ખાતે હતો ત્યારે કોઇ દવા પી ગયો હતો. બાદમાં તેણે રાજકોટ ઘરે આવી પોતાને પેટમાં દુઃખતું હોવાનું પિતાને કહેતાં ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં તેણે કોઇ દવા પી લીધાનું બહાર આવતાં પોલીસને જાણ કરાઇ હતી. સારવાર દરમિયાન જયપાલનું મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી.

આત્મહત્યા કરનાર જયપાલ એક બહેનથી મોટો અને માતા-પિતાનો એકનો એક દિકરો હતો. તેના પિતા ખેતી કરી ગુજરાન ચલાવે છે. જયપાલ ધોરણ-૧૨માં અભ્યાસ કરતો હતો. તેણે આ પગલુ શા માટે ભર્યુ? તે બહાર ન આવતાં પોલીસે વધુ તપાસ યથાવત રાખી હતી. પ્રાથમિક કાર્યવાહી માલવીયાનગર પોલીસે કરી હતી. આ બનાવને પગલે પરિવારમાં શોક વ્યાપી ગયો હતો.

અપમૃત્યુની અન્ય એક ઘટનામાં કોટડા સાંગાણીના પીપલાણા ગામે આવેલા ધનેશ મેટલ નામના કારખાનામાં કામ કરી ત્યાં જ વર્કર રૂમમાં રહેતાં મુળ યુપીના દિલીપભાઇ કરમચંદ તાતી નામના ચાલીસ વર્ષના યુવાન સાંજે કારખાને બેભાન થઇ જતાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ દમ તોડી દીધો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કરતાં કોટડાસાંગાણી પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર અહિ ઘણા સમયથી દિકરા સાથે રહી મજૂરી કરતાં હતાં. હાર્ટએટેક આવી ગયાનું જણાવાયું હતું. આ ઉપરાંત બીજા બનાવમાં પડધરીના તરઘડી ગામે રહેતી કોમલબેન મનોજભાઇ પરમાર નામની એકવીસ વર્ષની પરિણીતા સાંજે બેભાન થઇ જતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી.

પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મૃત્યુ પામનાર કોમલબેનના લગ્ન ત્રણ વર્ષ પહેલા થયા હતાં. સંતાનમાં એક દિકરી છે. પતિ રિક્ષા હંકારી ગુજરાન ચલાવે છે. તણીના માવતર પડધરી રહે છે. કિડનીની બિમારી હોવાનું સગાએ જણાવ્યું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં પડધરી પોલીસ જરૂરી કાર્યવાહી કરી હતી.

### એસ્ટેટ ઓફિસર મેહુલ ગાંધીનો સ્પષ્ટ અભિપ્રાય હોર્ડિંગ્સમાં બિભત્સતા વાચાજબી નથી : એજન્સીને ખુલાસા માટે બે દિવસની નોટિસ

# જ્વેલર્સ દ્વારા લગાવેલ અશ્લીલ પોસ્ટરો દૂર કરવા કોંગ્રેસ મેદાને

## મહાનગરપાલિકાના પદાધિકારીઓ તથા અધિકારીઓ જવાબદારી ચૂક્યા : રાધિકા, કિસાન જ્વેલર્સના જે હોર્ડિંગ્સ લાગેલા છે તે ઘરેણાંનું નહીં પરંતુ સંસ્કૃતિનું હનન કરતી જાહેરાત હોવાનું કોંગ્રેસનું માનવું

રાજકોટ, તા. ૨૯

કહેવાય છે કે સ્ત્રી શક્તિનું સ્વરૂપ છે અને હરહંમેશ તેની આરાધના અને તેની પૂજા થતી હોય સ્ત્રીનું ઘરેણું એટલે તેની સુંદરતા સ્ત્રીનું ઘરેણું એટલે તેના આભૂષણ ત્યારે આ આભૂષણને જો યોગ્ય રીતે જોવામાં આવે તો તે ખરી સુંદરતા કહેવાય પરંતુ એ જ સુંદરતાને જો વિભષ્ય રીતે દેખાડવામાં આવે તો તે વિકૃતતા કહેવાય હાલ રાજકોટ નહીં સમગ્ર દેશભરમાં જ્વેલર્સ દ્વારા જે એડવર્ટાઈઝમેન્ટ જે કિઓસ્ક મારફતે કરવામાં આવતી હોય તે એટલી હદે બીભત્સ હોય છે કે ખરા અર્થમાં તે સંસ્કૃતિનું જાણે હનન કરતા હોય તેવું લાગે રાજકોટમાં આ પ્રકારના અનેકવિધ જ્વેલર્સ દ્વારા જે જાહેરાતો કરવામાં આવે છે તેનાથી ખરા અર્થમાં સંસ્કૃતિનું હનન થતું હોવાનું જણાય છે જે ખરા અર્થમાં યોગ્ય નથી સામે તંત્રની લાચારી કે શું તે પણ કંઈ કહી શકાતું નથી.

એક તરફ પદાધિકારીઓ તથા અધિકારીઓ નવદુર્ગાની પૂજા કરવાનો મફાટ કરતા હોય છે અને દેખાડો કરતા હોય છે પરંતુ ખરા અર્થમાં શું આ પ્રકારના જે પોસ્ટરો જોવા મળે છે તે શું યોગ્ય છે ખરા. આ અંગે કોંગ્રેસ આગેવાન કૃષ્ણદત રાવલ અને સંજય લાખાણી દ્વારા એસ્ટેટ વિભાગને લેખિત રજૂઆત કરી હતી કે રાજકોટના મુખ્ય માર્ગો પર જે રીતે પોસ્ટર લાગેલા છે જ્વેલર્સના તે અશ્લીલ છે અને તેનાથી સંસ્કૃતિનું હનન પણ થાય છે જે યોગ્ય નથી. રીયલ એસ્ટેટ ના મેહુલ ગાંધીએ આ અંગે જણાવ્યું હતું કે હાલ કોંગ્રેસના આગેવાનો દ્વારા જે રજૂઆતો આવી છે તેને પ્રાથમિક દ્રષ્ટિએ જોતા લાગે છે કે આ પ્રકારના પોસ્ટર ન હોવા જોઈએ પરંતુ તેમ છતાં આગેવાનો દ્વારા જે રજૂઆત કરવામાં આવી તેને ધ્યાને લઈ એજન્સીને નોટિસ મોકલવામાં આવશે અને ખુલાસો પણ પૂછવામાં આવશે.

હાલ દિવાળી તહેવાર નજીક આવી રહ્યો છે ત્યારે વેચાણ વધારવા માટે લોકોને આભૂષણ દેખાડવામાં આવે તે જરૂરી છે નહીં કે સ્ત્રીઓના એ અંગો કે જેનાથી વિકૃતતા ફેલાઈ અને સંસ્કૃતિનું હનન થાય આ માત્ર કોઈ વિભાગના અધિકારીઓએ ધ્યાને લેવા જેવું નથી પરંતુ પદાધિકારીઓ કે જે સત્તા પર બેઠેલા છે તેને પણ આ બાબતે ગંભીરતાપૂર્વક ધ્યાન દેવું જોઈએ અને આ પ્રકારની કોઈ પણ પ્રવૃત્તિ થતી હોય તેને ડામવી જોઈએ પરંતુ ના પદાધિકારીઓ ફોટા પડાવવા માટે ૫૧ શક્તિપીઠ ના નામે વૃક્ષારોપણ કરશે મા દુર્ગાની આરાધના કરતા ફોટો મુકશે પરંતુ ખરી જે વાસ્તવિક જે દુર્ગા છે તેના આ પ્રકારના અશ્લીલ ફોટા જોવા છતાં પણ તે અંગે કોઈ નિર્ણય લેશે નહીં જે ઘણા ખરા અન્ય પ્રશ્નો પણ ઊભા કરે છે અને તેમની નીતિમત્તા સામે પણ આંગળી ચિંધાતી હોય છે.

હવે જોવાનું એ રહ્યું કે એસ્ટેટ વિભાગ દ્વારા કિસાન જ્વેલર્સ રાધિકા જ્વેલર્સ સહિત અન્ય જ્વેલર્સ કે જેઓએ શહેરના મુખ્ય માર્ગો ઉપર જે જાહેરાત કરવાનો જાણે ઠેકો લીધો હોય તે બીભત્સ જાહેરાતો ઉતારવામાં આવે છે કે કેમ ? સામે એસ્ટેટ વિભાગની કામગીરી અંગે પણ ઘણા ખરા પ્રશ્નો ઊભા થશે જેમકે જો એસ્ટેટ વિભાગ બેનરો અથવા તો જે જાહેરખબરો છે તેના બોર્ડ ઉતારી લે પછી શું જે તે એજન્સીને અથવા તો પેઢીને કોઈ દંડ ફટકારશે કોઈ શિક્ષાત્મક પગલાં લેશે કે કેમ ? હાલ રોડ અકસ્માતનું પ્રમાણ પણ દિવસે ને દિવસે વધી રહ્યું છે તેમાં એક કારણ એ પણ છે કે આ પ્રકારના જે પોસ્ટરો લાગેલા હોય તેનાથી લોકો નકારાત્મક વિચારો તરફ દોરી જતા હોય છે અને તેમનું અકસ્માત થાય છે.


સંજય લાખાણી


કૃષ્ણદત્ત રાવળ



### સસ્તી પ્રસિદ્ધી માટે માઁ દૂર્ગાની ઉપાસના કરતા મનપા પદાધિકારીઓ બિભત્સ હોર્ડિંગ્સ પ્રત્યે મૌન...!

મહાનગરપાલિકા હોય કે અન્ય કોઈ સરકારી તંત્ર પદાધિકારીઓ માત્ર ફોટા પડાવવા માટે ગમે તે કાર્ય કરી લેતા હોય ત્યારે હાલ નવરાત્રી નો તહેવાર ચાલી રહ્યો છે તો મા દુર્ગાની ઉપાસના કરતા પદાધિકારીઓના ફોટા નજરે પડતા હોય છે પરંતુ ખરી વાસ્તવિકતા એ છે કે જીવતી જાગતે દુર્ગાની ઉપાસના કરવામાં પદાધિકારીઓને છોછ અનુભવાતો લાગે છે. મુખ્ય માર્ગો ઉપર જ્યારે આ પ્રકારના પોસ્ટરો અને બેનરો લાગેલા હોય શું દરેક લોકોના ધ્યાને આવતા એ તો કેમ પદાધિકારીઓના ધ્યાને નહીં આવતા હોય અને જો આવે છે તો શું કામ તેમની કોઈ જવાબદારી નથી ? હાલ જ્વેલર્સો દ્વારા જે બિભત્સ અશ્લિલતા દર્શાવતા હોર્ડિંગ્સ અંગે પદાધિકારીઓએ મોઢા છૂપાવવાની બદલે અત્યંત હલકટ કક્ષાના હોર્ડિંગ્સની રસ્તે પસાર થતી બહેન-દીકરીઓ શરમ અનુભવે છે તે બાબતે પોતાની જવાબદારી સમજી યોગ્ય આદેશો આપવા પડશે. અન્યથા મલાઈ મળતી હોય આંખ આડા કાન થઈ રહ્યા હોવાનું લોકોનું માનવું સાચુ પડશે.

# સ્પીડવેલ હાઈટ્સના ફ્લેટધારકોના મેઈન્ટેનન્સ નામે રૂપિયા ચાઉ

## ૨૩૩ ફ્લેટ ધારકો પોલીસ કમિશનર કચેરી પહોંચ્યા : બિલ્ડરો તથા ભાગીદારો સામે ફરિયાદની માંગ, કમિશનરે આપ્યા તપાસના આદેશ



રાજકોટ, તા. ૨૯

રાજકોટ જેમ જેમ વિકાસની હરણફાળ ભરી રહ્યું છે તેમ તેમ અત્યારે સૌથી મોટો પ્રશ્ન પણ એ જોવો થાય છે કે અત્યારે જે બિલ્ડરો દ્વારા પ્રોજેક્ટ બનાવવામાં આવી રહ્યા છે તેનાથી લોકોને જે સહુલતો રૂપિયા આપીને પણ મળવી જોઈએ તે મળતી નથી અને છેલ્લા ઘણા પ્રોજેક્ટમાં તો રહેવાસીઓ હેરાન પરેશાન થઈ રહ્યા છે ખાંસી ફરિયાદો કર્યા બાદ પણ બિલ્ડરો દ્વારા કોઈ યોગ્ય જવાબ આપવામાં ન આવતા અંતે તેઓએ તંત્રનો સહારો લેવો પડે છે અને તેમને પણ ફરિયાદ કરવામાં આવી રહી છે. ગઈકાલે સુવર્ણભૂમિ પાસે આવેલા સ્પીડવેલ હાઈટના ૨૩૩ ફ્લેટ ધારકોના મેન્ટેનન્સના કરોડો રૂપિયા હજમ કરી જનાર સેવન સ્ટાર એન્ટરપ્રાઇઝના બિલ્ડર તથા ભાગીદારો સામે ગુનો નોંધવાની માંગ સાથે પોલીસ કમિશનર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી ત્યારે કમિશનર દ્વારા આ અંગે યોગ્ય તપાસના આદેશો પણ કરવામાં આવ્યા હોવાનું મનાઈ રહ્યું છે.

સ્પીડવેલ હાઈટ્સના ફ્લેટ ધારકોની કમિટી દ્વારા પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા ને કરેલી લેખિત રજૂઆતમાં જણાવ્યા મુજબ ૭ સ્ટાર એન્ટરપ્રાઈઝ ના ભાગીદારો તથા વહીવટકર્તાઓએ સ્પીડવેલ હાઈટ્સમાં કુલ મળીને ૨૩૩ ફ્લેટસનું બાંધકામ કરેલ છે.તેમના પૂર્વયોજિત કાવતરાના ભાગરૂપે સમાન બદ ઈરાદો પાર પાડવા માટે થઈને જ્યારે ઉપરોક્ત વિગતેના ફ્લેટનું વેચાણ કરતી વખતે ફ્લેટ ધારકો પાસેથી સાફ-સફાઈ. લિફ્ટ મેઈન્ટેનન્સ ફાયર સેફ્ટી, કલબ હાઉસ, પાર્કિંગ, ડ્રેનેજ, કોમન લાઈટ કનેક્શન વિગેરે જેવી કોમન ફેસીલીટીસના ઉપયોગ અને જતન માટે થઈને તમામ ગ્રાહકો/ફ્લેટ ધારકો પાસેથી રકમ રૂ. ૨૦૦ પ્રતિ સ્કેવર ફૂટના મેઈન્ટેનન્સ પેટે લીધેલ બેન્ક મારફતે આઇ.સી.આઇ,સી.આઇ, બેન્કનું સ્પીડવેલ હાઈટ્સ ફ્લેટ્સ ઓનર્સ એસોશીએશન નામના કરંટ ખાતામાં મેઈન્ટેનન્સ પેટે લીધેલ અને તમામ મિલકત ધારકોને ખાત્રિ આપેલ કે થોડા સમય બાદ આ સંકુલમાં જ્યારે રહીશો/ઓનર્સની કમિટી બની જાય ત્યારે ઉપરોક્ત રકમ રહીશો/ઓનર્સની કમિટી બની જાય ત્યારબાદ આ સમગ્ર મેઈન્ટેનન્સ પેટે આવેલ રકમ તથા તેનો હિસાબ અને વહીવટ કમીટીને સોપી આપશે. ત્યારબાદ ઘણો સમય વીતી ગયેલ હોવા છતાં ઉપરોક્ત વિગતેનો કોઈ હિસાબ તથા વહીવટ આ કામના આરોપીઓ દ્વારા મિલકતધારકોને આપવામાં આવેલ નહીં કે સંકુલનું મેઈન્ટેનન્સ પણ સરખી રીતે કરવામાં આવેલ નહીં.

આથી તમામ ફ્લેટધારકો દ્વારા આ અંગે ૭ સ્ટાર એન્ટરપ્રાઈઝના બિલ્ડર અને તેના ભાગીદારોને જણાવતા અને તમામ વહીવટ તથા હિસાબો આપવા જણાવતા આરોપીઓ દ્વારા ગોળ-ગોળ જવાબો આપીને સમય પસાર કરતી ગયેલ અને ફ્લેટ ધારકોને કોઈ હિસાબ કે વહીવટ આપેલ નહી અને સંકુલનું વ્યવસ્થિત મેઈન્ટેનન્સ પણ કરેલ નહી અને હજુ સંકૂલનું એઓપી બનાવવામાં નથી અને કોઈ કમીટી નીમવામાં આવેલ નથી તેવા બહાનાઓ બતાવીને સમય પસાર ત્યારબાદ સંકુલના તમામ મિલકત ધારકો દ્વારા એઓપી બનાવી જેમાં કુલ ૧૫ લોકોની કમીટી બનાવવામાં આવેલ. જેમાં પ્રમુખ તરીકે વિરલકુમાર મનસુખભાઈ પાનશેરીયા સહિતની નિમણુક કરવમાં આવી હતી.

અને સોસાયટીના તમામ ફ્લેટ ધારકોની મંજૂરી લઈને બહુમતીથી ઠરાવ પસાર કરવામાં આવેલ છે.તેમ છતાં આજદિન સુધી ૭ સ્ટાર એન્ટરપ્રાઈઝના બિલ્ડર અને તેના ભાગીદારો દ્વારા કોઈ હિસાબ કે વહીવટ નહી સોપી મિલકત ધારકોના મેઈન્ટેનન્સ પેટેના કરોડો રૂપીયાની ઉચાપત કરી હોય આ મામલે વિશ્વાસઘાતનો ગુનો નોધવા માંગ કરી છે.

### નવરાત્રીના સમયે કાયદો વ્યવસ્થા જળવાઇ રહે તે માટે પોલીસનું સતત ચેકીંગ

# નવરાત્રીમાં કાયદો વ્યવસ્થા જાળવવા પોલીસનું સતત ચેકીંગ

રાજકોટ તા. ૨૯

શહેરમાં પોલીસ નવરાત્રી અંતર્ગત સતત અલગ અલગ વિસ્તારમાં ઓચીંતા ડ્રાઇવ યોજીને નશાખોરો, છરી સહિતના હથીયારો લઇને નીકળતાં શખ્સોને પકડી લઇ કાયદાનું ભાન કરાવે છે. વધુ એક આવી ડ્રાઇવમાં દારૂ પી ડમડમ થઇ નીકળી પડેલા તેર શખ્સોને પકડી લેવાયા હતાં, જે નશો કર્યા પછી વાહન લઇને હાલી નીકળ્યા હતાં. તો અન્ય એક ડઝન શખ્સોને છરી સાથે પકડી લેવામાં આવ્યા હતાં.

વિગતો પર નજર કરીએ તો જુદા જુદા વિસ્તારમાં પોલીસ દ્વારા ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં એ-ડીવીઝન પોલીસે મોચી બજારમાંથી છરી સાથે અબ્બાસ અમીનભાઇ શુંભાકીયા (રહે મોચી બજાર ખાડામાં)ને પકડી લઇ કાર્યવાહી કરી હતી, જયારે માલવીયાનગર પોલીસે લોધેશ્વરનગર રોડ પરથી છરી સાથે પવન અરૂણભાઇ ધનવાણીયા (રહે. ઢેબર કોલોની કવાર્ટર) ને, રાજનગર ચોક પાસેથી છરી સાથે રામસિંહ સુરેશભાઇ પરમાર (રહે. શ્યામનગર શેરી નં. ૩)ને તથા દોઢસો ફુટ રોડ કે.કે.વી.હોલ પાસેથી નશો કરીને બાઇ લઇને નીકળેલા હર્ષદ રમેશભાઇ પરમાર (રહે. છત્રપતી શીવાજી ટાઉનશીપ બ્લોક નં. બી.૬૦૨) અને રૂા. ૨ હજારના દેશી દારુ સાથે શીલ્પા રાહુલભાઇ સોલંકી અને કુમકુમ પિયુષ ભાઇ સોલંકી (રહે. કે.કે.વી. હોલ પાસે મફતીયાપરામાં)ને તેમજ નશો કરી નીકળેલા રૂપેશ જયસુખભાઇ પાઠક (રહે. બારીયા કોલોની મેઇન રોડ)ને પકડી નશો ઉતારી નાંખ્યો હતો.

આ ઉપરાંત બી-ડીવીઝન પોલીસે સંતકબીર રોડ પર નાલા પાસેથી છરી સાથે



રાજુ કેશુભાઇ વાઘેલા (રહે. ગંજીવાડા શેરી નં. ૩૭) ને, ભગવતીપરા રેલ્વે બ્રીજ નીચેથી છરી સાથે મુસ્તાક મહેમદભાઇ તરકવાડીયા (રહે. પરસોતમ પાર્ક, ભગવતીપરા)ને, લાલપરી મેઇન રોડ, ગ્રીન લેન્ડ ચોકડી પાસેથી છરી સાથે ભૂપત કેશભાઇ સોલંકી (રહે. લાલપરી શેરી નં. ૪, ગ્રીન લેન્ડ ચોકડી પાસે)ને, ગ્રીનલેન્ડ ચોકડી નજીક નાલાલ પાસેથી નશો કરી નીકળેલા હુસેન મહંમદભાઇ કાદરી (રહે. રતનપર ગામ)ને પકડી લઇ કાર્યવાહી કરી હતી. જયારે કુવાડવા રોડ પોલીસે બેડી માર્કેટીંગ યાર્ડ પાસેથી છરી સાથે રવિ રમેશભાઇ સમરીયાને તથા નવાગામ આણંદપર પાસેથી નશો કરી બાઇક લઇને નીકળનાર પ્રકાશ જેસિંગભાઇ ચૌહાણને પડક્યો હતો. તો બેડી માર્કેટીંગ યાર્ડ પાસેથી રૂા. ૪૦૦ના દેશી દારૂ સાથે સાગર દેવજીભાઇ બાળોદ્રાને પકડી લઇ કાર્યવાહી કરી હતી.

આ ઉપરાંત થોરાળા પોલીસે ચુનારાવાડ ચોકમાંથી છરી સાથે પરસોતમ ગોવિંદભાઇ વાલ્મીકી અને ભરત સરતાનભાઇ રબારી (રહે. બન્ને ભચાઉ)ને, ગંજીવાડા પોલીસ ચોકી સામેથી છરી સાથે વિશાલ પ્રેમજીભાઇ વાઢેર (રહે. રાજારામ સોસાયટી, સંતકબીર રોડ)ને તથા ૮૦ ફુટ રોડ પરથી રૂા. ૨૪ હજારના દેશદારૂ સાથે સાધના ચમનભાઇ સોલંકી (રહે. ૮૦ ફુટ, નદીના કાઠા પાસે)ને, ભાવનગર રોડ પોલીટેકનીક કોલેજના ગેઇટ પાસેથી નશો કરી નીકળેલા ડાયા મોહનભાઇ મકવાણાને, થોરાળા પોલીસ સ્ટેશન પાસેથી નશો કરી બાઇક લઇને નીકળેલા ચેતન ઉર્ફે લખો વિનોદભાઇ મકવાણા (રહે. જંગલેશ્વર મેઇન રોડ, શાળા નં.૭૦) ને પકડી લઇ કાર્યવાહી કરી હતી.

આ ઉપરાંત જયારે ભકિતનગર પોલીસે કોઠારીયા મેઇન રોડ, આનંદનગર બગીચા પાસેથી છરી સાથે અશોક માવજીભાઇ કીયાડા (રહે. આનંદનગર કોલોની) ને, દેવપરા મેઇન રોડ, શ્રમશ્રધ્ધા ચોક પાસેથી છરી સાથે સિધ્ધાર્થ નરેન્દ્રભાઇ પ્રસાદ (રહે. બાબરીયા કોલોની પાસે, યોગેશ્વર સોસાયટી) ને તથા શ્રમશ્રધ્ધા ચોક પાસેથી છરી સાથે બલદેવ કાનજીભાઇ જીલરીયા (રહે. સુખરામનગર શેરી નં. ૩/૪) ને, ઢેબર કોલોની માંથી છરી સાથે પ્રકાશ રમણીકભાઇ ટાંક (રહે. ગાયત્રીનગર મેઇન રોડ, શેરી નં. ૧૨/બ) ને, જંગલેશ્વર મેઇન રોડ પરથી છરી સાથે સંજય દેવજીભાઇ સાગઠીયા (રહે. જંગલેશ્વર, શેરી નં. ૩૧) ને, કોઠારીયા કોલોની બગીચા પાસેથી છરી સાથે કશ્યપ અમૃતલાલ ઢોલરીયા (રહે. ગાયત્રીનગર શેરી નં. ૨૭) ને, સોરઠીયાવાડી સકૃલ પવનપત્ર ચોક પાસેથી છરી સાથે જીજ્ઞેશ વિનોદભાઇ વેગડ (રહે. વિવેકાનંદનગર શેરી નં. ૭) ને તથા યાયત્રી મેઇન રોડ પરથી નશો કરી બાઇક લઇને નીકળેલા શૈલેષ ચનાભાઇ ચૌહાણ (રહે. હસનવાડી મેઇન રોડ, શેરી નં. ૨) ને તથા દેવપરા ચોક પાસેથી છરી સાથે જીજ્ઞેશ સોમાભાઇ સોલંકી (રહે. જંગલેશ્વર રાધાકૃષ્ણનગર શેરી ન. ૧૫) ને, ગુંદાવાવાડી મેઇન રોડ પરથી છરી સાથે ઉવેશ આરીફભાઇ પતાણી (રહે. જંગલેશ્વર શેરી નં. ૭) તથા જુનો પારડી રોડ પરથી નશો કરી બાઇક લઇને નીકળેલા ધીરૂ સોમાભાઇ સોલંકી (રહે. રાધાકૃષ્ણનગર શેરી નં. ૧૫) ને પકડી લઇ કાર્યવાહી કરી હતી. જયારે તાલુકા પોલીસે નવો દોઢસો ફુટ રોડ પાટીદાર ચોક પાસેથી નશો કરી એકટીવા લઇ નીકળેલા અરવિંદ અમરજીભાઇ (રહે. કાલાવડ રોડ પર મૂળ રાજસ્થાન) ને તથા મવડી કણકોટ રોડ પરથી છરી સાથે રમેશ લક્ષ્મણભાઇ ચાવડા (રહે. શ્રી ટાઉનશીપ બ્લોક નં. ૫૧૧, સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે)ને પકડી લીધા હતાં. તેમજ કટારીયા ચોકડી પાસેથી છરી સાથે ઉદે રુમાનીભાઇ સાહુ (રહે. ૧૫૦ ફુટ રોડ પર બીલ્ડીંગના સાઇટ પર મુળ ઓરીસ્સા)ને, ૮૦ ફુટ રોડ પરથી નશોકરી કાર લઇને નીકળેલા સંજય આંબારામભાઇ દેલવાડીયા (રહે. પીપરડી ગામ)ને પકડી લઇ કાર્યવાહી કરી હતી. જયારે યુનિવર્સિટી પોલીસે પંચાયત ચોક ઉમાસદન રોડ પરથી નશો કરી બાઇક લઇને નીકળેલા અશોક ડાયાભાઇ વાઘેલા (રહે.: રૈયાધાર સ્લમ કવાર્ટર)ને, સાધુવાસવાણી રોડ પર લોખંડના પાઇપ સાથે અરમાન એજાજભાઇ સુમરા (રહે. ગુરૂજી આવાસ યોજના)ને તથા સાધુવાસવાણી રોડ પરથી નશો કરી નીકળેલા અજય ભરતભાઇ વચ્છરાજાની (રહે. મુંજકાગામ, ટીટોડીયા કવાર્ટર)ને પકડી લઇ કાર્યવાહી કરી હતી. આમ નશાખોરો અને છરી લઇ નીકળનારાઓને પોલીસે કાયદો સમજાવ્યો હતો.

### મોટે ભાગે આ શખ્સનું નામ બીજાને ઘુસ્તાવી નાખવામાં-આરોપીમાં હોય, પણ આ વખતે ઉંધુ થયું

# હમે તો અપનોંને ઢીબા: ટકાને ઘરનાઓએ જ ધોકાવ્યો!

## નવાગામ રંગીલા સોસાયટીના છાપેલા કાટલાને પત્નિ, બે ભાઇઓ, ભત્રીજાએ એવો ફટકાર્યો કે દવાખાના ભેગા થવું પડ્યું: કુવાડવા પોલીસે દાખલ કરી FIR

રાજકોટ તા. ૨૯

શહેરના કુવાડાવ રોડ પર આવેલા નવાગામ આણંદપરની રંગીલા સોસાયટીમાં રહેતાં શખ્સ અજય ઉર્ફ સંજય ઉર્ફ ટકોનું આ સોસાયટીના રહેવાસીઓ નામ સાંભળે ત્યાં જ તેનાથી દૂર રહેવાનો પ્રયાસ કરવા માંડતા હોય છે. કારણ કે ગમે ત્યારે ગમે તેની સાથે ડખ્ખા કરી લેવાની આ શખ્સ આદત ધરાવે છે. વળી પોલીસ પર હુમલો કરવા સહિતના ગુના પણ તે આચરી ચુક્યો છે. મોટે ભાગે આ શખ્સ આરોપી તરીકે પોલીસ ચોપડે ચડતો હોય છે. પરંતુ આ વખતે આ મહાશયને ફરિયાદી બનવાની નોબત આવી હતી, કારણ કે તેની ધોલાઇ થઇ ગઇ હતી. આ ધોલાઇ કોઇ બહારના નહિ પણ ઘરનાએ જ કરી નાંખી હતી!

વિગતો પર નજર કરીએ અલગ અલગ ગુનાઓમાં અનેક વખત પોલીસ ચોપડે ચડી ચુકેલા શખ્સને તેની જ પત્નિ, બે ભાઇઓ અને ભત્રીજાએ બેફામ ઢીકાપાટુનો માર મારી તેમજ લોખંડના પાઇપથી ફટકારતાં સારવાર માટે દાખલ થયો છે. ઘરમાં તેને તેની પત્નિ કૂટેવો બાબતે ટપારતી હોઇ ઝઘડો થયો હતો. આ બાબતે બીજા દિવસે આ બંનેને માતા સમજાવવા આવી તે વખતે પત્નિએ લાફાવાળી કરી હતી. તેમજ નજીકમાં જ રહેતાં આ શખ્સના બે ભાઇઓ, ભત્રીજા આવી જતાં બધાએ મળી આ શખ્સને ધીબેડી નાંખ્યો હતો અને દવાખાના ભેગો કરી દીધો હતો.

આ બનાવમાં નવાગામ રંગીલા સોસાયટી પંચવટી શેરી નં. ૨માં રહેતાં અજય ઉર્ફ સંજય ઉર્ફ ટકો વાઘજીભાઇ રોજાસરા નામના બત્રીસ વર્ષના શખ્સની ફરિયાદ પરથી પોલીસે તેની પત્નિ દક્ષાબેન, ભત્રીજા રોજાસરા, પંકજ મનસુખભાઇ રોજાસરા, મોટા ભાઇ મનસુખ વાઘજીભાઇ રોજાસરા અને નાના ભાઇ છગન વાઘજીભાઇ રોજાસરા વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી છે. મારના કારણે સિવિલ હોસ્પિટલમાં દાખલ થયેલા અજય ઉર્ફ સંજય ઉર્ફ ટકાએ જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું. પરિવારમાં પિતા વાઘજીમાઇ, માતા શામુબેન છે. મારે ત્રણ ભાઇઓ અને એક બહેનમાં છે.



સૌથી મોટા ભાઇ મનસુખભાઇ, બાદ હું, ત્યારબાદ છગનભાઇ છે. બહેનનું નામ હેતુબેન છે. હું મારા પત્નિ દક્ષાબ અને દિકરી-દિકરા સાથે અલગ મકાનમાં રહુ છું. મારો ભાઇ છગનભાઇ મારા મકાનની સામે જ તેના પરિવાર સાથે રહે છે. શનિવારે રાતે હું અને મારા પત્નિ તથા દિકરો ઘરે હતાં ત્યારે મારી પત્નિ મારી અમુક કૂટેવોને કારણે મારી સાથે બોલાચાલી કરતી હતી. અવાર-નવાર અમારી વચ્ચે આ રીતે બોલાચાલી થતી રહે છે. દરમિયાન હું બપોરે આણંદપર નવાગામ પુલ પાસે બાબુ ચુનાની ફેક્ટરી પાસે હતો ત્યારે મારા માતાનો ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે હું તારી ઘરે છું, તું ઘરે આવ.

જેથી હું મારા ઘર પાસે શેરીમાં પહોંચતા મારા માતા, મારી પત્નિ શેરીમાં ઉભા હતાં. મને આગલી રાતે થયેલી બોલચાલી બાબતે મારા માતા અમને બંને પતિ-પત્નિને સમજાવતાં હતાં. આ વખતે મારી પત્નિએ ઉશ્કેરાઇ જઇ મને ફડાકા મારવાનું ચાલુ કરતાં મેં મારા ભત્રીજા પંકજને ફોન કરી બોલાવ્યો હતો. આ દરમિયાન પંકજ, મારા મોટા ભાઇ મનસુખભાઇ પણ શેરીમાં આવી ગયા હતાં અને અમને પતિ-પત્નિને બોલાચાલીક રતાં જોઇ પંકજ અચાનક લોખંડનો પાઇપ લઇને આવ્યો હતો અને મને ગાળો દેવા માંડ્યો હતો. મેં તેને ગાળો બોલવાની ના પાડતાં તેણે પાઇપના ઘા ફટકારતાં જમણા હાથે કોળણી અને ખભાના ભાગે તેમજ બંને પગે ગોઠણ નીચે ઇજાઓ થઇ હતી.

આ દરમિયાન મારા ભાઇ મનસુખભાઇ પણ મને ઢીકાપાટુ મારવા માંડ્યા હતાં. શેરીમાં રાડો દેકારો થતાં મારો નાનો ભાઇ છગન આવી ગયો હતો, તે ણે પણ બધા સાથે મળી મને ઢીકાપાટુ મારી લીધા હતાં. આથી હું વધુ મારથી બચવા ભાગીને કુવાડવા રોડ પોલીસ સ્ટેશન ખાતે જવા નીકળી ગયો હતો. પોલીસ સ્ટેશન નજીક પહોંચીને પડી ગયો હતો. ત્યાં લોકો એકઠા થયા હોઇ કોઇએ ૧૦૮ બોલાવતાં મને હોસ્પિટલમાં ખસેડ્યો હતો. ડોક્ટરે તપાસ કરી સારવાર આપી હતી. મને કોણીમાં ટાંકા આવ્યા હતાં.

અજય ઉર્ફ સંજય ઉર્ફ ટકાએ વધુમાં કહ્યું હતું કે મારા પત્નિ દક્ષા, મોટા ભાઇ મનસુખભાઇ તેનો દિકરો પંકજ અને મારા નાના ભાઇ છગને મળી માર મારી ગાળોદઇ ઢીકાપાટુ અને પાઇપથી ફટકાર્યો હતો. કુવાડવા રોડ પોલીસ સ્ટેશનના હેડકોન્સ. પી. જી. અગ્રાવતે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. મોટે ભાગે નવાગામ આણંદપરમાં અજય ઉર્ફ સંજય ઉર્ફ ટકો જ વારંવાર ડખ્ખા કરતો હોય છે અને આરોપી પણ તે હોય છે. પરંતુ આ વખતે ઉંધુ થયું હતું અને ખુદ આ શખ્સની ધોલધપાટ થઇ ગઇ હતી. આ ધોલધપાટ કરનારા તેના જ પોતાના પરિવારના લોકો હોઇ સોસાયટીમાં પણ ચકચાર જાગી હતી.